# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08 'પ્રપોઝલ એક્સેપ્ટ ન કરતાં શ્રદ્ધાએ મારવા છોકરાઓ મોકલ્યા'

પેજ-09 કેએલ રાહુલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10 વર્ષ પૂરા કર્યા



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 25.00 | 16.00 |
| વડોદરા | 28.00 | 17.00 |
| સુરત | 29.00 | 19.00 |



પેજ 5 ડોલર સામે રૂપિયો કડડભૂસ, આજે ફરી રેકોર્ડ તળિયે

28 DECEMBER-2024 SATURDAY



સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિની પત્નીને બ્લડ કેન્સર પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78699.07 | ▲ | 226.59 |
| નિફ્ટી | 23813.40 | ▲ | 063.20 |
| સોનું | 76557.00 | ▼ | 270.00 |
| ચાંદી | 88925.00 | ▼ | 711.00 |

વર્ષ-14 । અંક-041 । વિક્રમ સંવત-2081 । માગશર વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## આજે સવારે 8 વાગ્યે પાર્થિવદેહ કોંગ્રેસ મુખ્યાલય લાવવામાં આવશે; અંતિમ યાત્રા 9.30 વાગ્યે શરૂ થશે

# આજે રાજકીય સન્માન સાથે મનમોહન સિંહના અંતિમ સંસ્કાર થશે



(એજન્સી) નવી દિલ્હી | તા.27

પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે નિધન થયું. તેઓ 92 વર્ષના હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ તેમના નિવાસસ્થાને પહોંચ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી. અહીં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પૂર્વ પીએમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

મનમોહન લાંબા સમયથી બીમાર હતા. ઘરે બેભાન થયા બાદ તેમને રાત્રે 8.06 કલાકે દિલ્હી એઈમ્સમાં લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલની પ્રેસ રિલિફ અનુસાર, તેમણે રાત્રે 9:51 વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની અંતિમ યાત્રા 28 ડિસેમ્બર શનિવારના રોજ સવારે 9:30 વાગ્યે દિલ્હીમાં AICC (ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી)ના મુખ્યાલયથી શરૂ થશે. આ માહિતી કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે આપી હતી.

તેમણે કહ્યું- મનમોહન સિંહના અંતિમ સંસ્કાર કાલે નિગમબોધ પર સવારે 11.45 વાગ્યે પાર્થિવદેહને સવારે 8 વાગ્યે કોંગ્રેસ હેડક્વાર્ટર લાવવામાં આવશે; 9 વાગ્યે અંતિમયાત્રા શરૂ થશે.

## ડૉ. મનમોહન સિંહજીનું નિધન દેશ માટે મોટી ખોટ : PM મોદી

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહનાં નિધન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રધ્ધાંજલી વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટ કરીને શ્રધ્ધાંજલી વ્યક્ત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વિડીયો મેસેજ પર જારી કર્યો છે. તેમણે કહ્યું કે ડૉ. મનમોહન સિંહજીનું નિધન આપણા માટે મોટી ખોટ છે. હું તેમના પરિવાર અને પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. શોક વ્યક્ત કરતા પીએમ મોદીએ કહ્યું કે ડૉ.મનમોહન સિંહજી PM હતા ત્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો ત્યારે અમે નિયમિત વાત કરતા હતા. શાસનને લગતા વિવિધ વિષયો પર અમે ચર્ચા કરતા.



## "મૌન" થયા મનમોહન



**નશ્વર દેહને નિવાસ સ્થાને લવાયો :** આજે તેમના નશ્વરદેહને નિવાસ સ્થાને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિત રાજકીય દિગ્ગજો અંતિમ દર્શનાર્થે પહોંચ્યા હતા. ત્યારે હવે આવતીકાલે રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાશે. તેનો હેતુ એટલો જ હોય છે કે દેશ પ્રત્યેના તેમના યોગદાન અને તેમના પદની ગરિમા જળવાય અને સન્માન મળે.

■ **21 તોપોની સલામી અપાશે :** અંતિમ સંસ્કાર પહેલા પૂર્વ વડાપ્રધાનના નશ્વર દેહને ભારતના રાષ્ટ્રીય ધ્વજ એટલે કે ત્રિરંગામાં લપેટવામાં આવે છે. આ સિવાય અંતિમ સંસ્કાર દરમિયાન તેમને 21 તોપોની સલામી પણ આપવામાં આવે છે. આ સલામ સર્વોચ્ચ રાજ્ય સન્માનનું પ્રતીક માનવામાં આવે છે. પૂર્વ વડાપ્રધાનની અંતિમ યાત્રા દરમિયાન સુરક્ષા અને પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. તેમની અંતિમ યાત્રામાં સામાન્ય લોકોથી લઈને મહાનુભાવો અને રાજનેતાઓ ભાગ લે છે. આ ઉપરાંત લશ્કરી બેન્ડ અને સશસ્ત્ર દળોના જવાનો પણ અંતિમ યાત્રામાં જોડાય છે અને પરંપરાગત કૂચ કરે છે.

### પાકિસ્તાને મનમોહન સિંહના નિધન પર દુ:ખ વ્યક્ત કર્યું

પાકિસ્તાનમાં જન્મેલા મનમોહન સિંહના જવાથી પાકિસ્તાને પણ દુ:ખ વ્યક્ત કર્યું છે. 'પાકિસ્તાન હંમેશા ઝેલમના દીકરાને યાદ રાખશે. પૂર્વ મંત્રી ફવાદ ચૌધરીએ કહ્યું કે, સિંહના જવાથી ખુબ દુ:ખી છીએ.

### ભારત અને રશિયા માટે આ દુ:ખની ક્ષણ : રશિયન રાજદૂત

રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે 'X' પર એક પોસ્ટમાં કહ્યું કે, 'આ ભારત અને રશિયા માટે ખુબ દુ:ખની ક્ષણ છે. આપણા દ્વિપક્ષીય સંબંધોમાં ડૉ. મનમોહન સિંહનું યોગદાન અતુલનીય હતું.

### મનમોહન સિંહેઅમેરિકા-ભારત સંબંધોની ઐતિહાસિક શરૂઆત કરી : અમેરિકા

અમેરિકન રાજદૂત એરિક ગાર્સેટીએ ડૉ. મનમોહન સિંહને એક એવા નેતા તરીકે યાદ કર્યા, જેમણે અમેરિકા-ભારત સંબંધોમાં એક ઐતિહાસિક અધ્યાયની શરૂઆત કરી.

### પૂર્વ ભારતીય વડાપ્રધાનના નિધન પર ઘણું દુ:ખ થયું : ચીન

ચીની રાજદૂત 'X' પર એક પોસ્ટમાં સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે, 'પૂર્વ ભારતીય વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિધન પર દુ:ખ થયું, તેઓ એક શ્રેષ્ઠ નેતા હતા, ભારતીયો ખુબ સન્માન કરતા હતા.

### RSSએ કહ્યું- મનમોહનના યોગદાનને દેશ યાદ રાખશે



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત અને મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સંયુક્ત નિવેદનમાં તેઓએ કહ્યું કે, તેઓ એક સામાન્ય પરિવારમાંથી આવ્યા અને દેશના સર્વોચ્ચ પદ પર પહોંચ્યા. તેઓ પ્રખ્યાત અર્થશાસ્ત્રી હતા. તેમના યોગદાનને દેશ હંમેશા યાદ રાખશે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

### ઓવૈસીએ કહ્યું- મનમોહને મુસ્લિમોના ઉત્થાન માટે કામ કર્યું



AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, મારી પાર્ટી વતી હું આ મુશ્કેલ સમયમાં મનમોહન સિંહના પરિવારને સમર્થન આપું છું. વિભાજન સમયે મનમોહન સિંહ સાહેબ શરણાર્થી હતા. તેઓ ઈમાનદારી અને મહેનતથી આગળ વધ્યા. તેઓ 2004માં વડાપ્રધાન બન્યા હતા. તેઓ એવા પ્રથમ PM હતા જેમણે લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમોના ઉત્થાન માટે કામ કર્યું હતું.

### અન્ના હજારેએ કહ્યું- મનમોહન ભ્રષ્ટાચારના વિરોધી હતા



અન્ના હજારેએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે PTIને કહ્યું- પૂર્વ પીએમ ભ્રષ્ટાચારની વિરુદ્ધ હતા અને તેમણે લોકપાલ અને લોકાયુક્ત બિલ અંગે તાત્કાલિક નિર્ણયો લીધા હતા. જ્યારે તેઓ PM હતા ત્યારે હું ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલનનું નેતૃત્વ કરતા હતા. હું તેમને તેમના દિલ્હીના નિવાસસ્થાને ઘણી વખત મળ્યો હતો.

## સોનિયાનો સંદેશ : અમે એક એવા નેતાને ગુમાવ્યા છે જે જ્ઞાન, ખાનદાની અને નમ્રતાના પ્રતિક હતા



કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિધન પર એક સંદેશ જારી કર્યો હતો. તેમણે લખ્યું કે, અમે એક એવા નેતાને ગુમાવ્યા છે જે શાણપણ, ખાનદાની અને નમ્રતાના પ્રતિક હતા, જેમણે દિલ અને દિમાગથી આપણા દેશની સેવા કરી હતી. તેમની દૃષ્ટિએ લાખો ભારતીયોનું જીવન બદલી નાખ્યું અને તેમને સશક્ત બનાવ્યા. સોનિયાએ લખ્યું કે, મારા માટે ડૉ. મનમોહન સિંહનું નિધન એક ઊંડી અંગત ખોટ છે. તે મારો મિત્ર અને માર્ગદર્શક હતો. તેઓ ખૂબ જ નમ્ર વર્તન ધરાવતા હતા, પરંતુ તેમની માન્યતાઓમાં ખૂબ જ મક્કમ હતા. તેઓએ એક ખાલી જગ્યા છોડી દીધી જે ક્યારેય ભરી નહીં શકાય. કોંગ્રેસ પાર્ટી અને ભારતની જનતા હંમેશા ગર્વ અને આભારી રહેશે કે આપણી પાસે ડૉ. મનમોહન સિંહ જેવા નેતા હતા જેમણે ભારતની પ્રગતિ અને વિકાસમાં અતુલ્ય યોગદાન આપ્યું છે.

## દેશમાં શોકની લાગણી

ડૉ. મનમોહન સિંહના નિધનથી દેશમાં શોકની લહેર છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાનથી લઈને વિપક્ષના નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. કેન્દ્ર સરકારે 7 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમના અંતિમ સંસ્કાર શનિવારે (28મી ડિસેમ્બર) કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના નિધન પર શોક ઠરાવ પસાર કર્યો હતો અને કહ્યું હતું કે, તેમણે રાષ્ટ્રીય જીવન પર તેમની છાપ છોડી દીધી છે અને તેમના નિધનથી દેશે એક પ્રતિષ્ઠિત રાજકારણી, અર્થશાસ્ત્રી ગુમાવ્યા છે.

## કેન્દ્ર સરકારે તમામ કાર્યક્રમો રદ કર્યા

પૂર્વ પીએમ ડૉ.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં નિધન થયું હતું. મનમોહન સિંહના નિધન બાદ કેન્દ્ર સરકારે શુક્રવારે તમામ સરકારી કાર્યક્રમો રદ કરી દીધા છે. સરકારે આજના તમામ કાર્યક્રમો રદ કરી દીધા છે.

## લાલકૃષ્ણ અડવાણીને અપોલોમાંથી રજા અપાઈ



(એજન્સી) નવી દિલ્હી | તા.27

ભૂતપૂર્વ ડેપ્યુટી પીએમ લાલકૃષ્ણ અડવાણીને છેલ્લા 6 મહિનામાં ચોથી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ વખતે અડવાણી અપોલોમાં લગભગ 12 દિવસ રોકાયા હતા. હવે તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને 12 દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અડવાણીને 12 ડિસેમ્બરે દિલ્હીની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની તબિયતમાં સુધારો થયા બાદ હોસ્પિટલે તેમને રજા આપવાનો નિર્ણય કર્યો હતો.

### અનેક પરિયોજનાઓનો થશે શુભારંભ, સાહિબાબાદના રસ્તે આનંદ વિહાર જશે

## 29 ડિસેમ્બરે દિલ્હીમાં મોટી રેલી કરશે PM મોદી

(એજન્સી) નવી દિલ્હી | તા.27

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ચૂંટણી પ્રચાર શરૂ થઈ ચૂક્યો છે. આગામી વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. જે પહેલા દિલ્હીની જનતાને અનેક મોટી પરિયોજનાઓની ભેટ મળશે. દિલ્હીમાં કેટલાક મોટા પ્રોજેક્ટ બનીને તૈયાર થઈ ચૂક્યા છે, જેને ટૂંક સમયમાં જ જનતાની સુવિધા માટે શરૂ કરી દેવાશે. વડાપ્રધાન મોદી આ મહિને 29 તારીખે રોહિણીના જાપાની પાર્કમાં આયોજિત કાર્યક્રમમાં સામેલ થશે. જ્યારબાદ 3 જાન્યુઆરીએ શાહદરા સ્થિત સીબીટી ગ્રાઉન્ડમાં ચૂંટણી પ્રચાર કરશે. ચૂંટણી રેલી દરમિયાન તે પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરવામાં આવશે, જેનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. કેન્દ્ર સરકાર તરફથી દિલ્હીમાં મોટી પરિયોજનાઓમાંથી એક નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા તરફથી બનાવવામાં આવેલી દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસ-વેનું કામ ચાલી રહ્યું છે, જેનો પહેલો ફેઝ પૂર્ણ રીતે તૈયાર છે.



**નરેલા અને નત્થૂ પુરા મેટ્રો કોરિડોરનો શિલાન્યાસ :** કેન્દ્ર સરકાર સિવાય દિલ્હી મેટ્રોની પરિયોજનાઓની વાત કરીએ તો, ચોથા ફેઝ હેઠળ જનકપુરી પશ્ચિમથી કૃષ્ણા પાર્ક એક્સટેન્શન વચ્ચે ભૂમિગત કોરિડોરનું નિર્માણ કાર્ય પૂર્ણ કરાઈ ચૂક્યું છે. તેના માટે મેટ્રો રેલ સંરક્ષણ આયોગ (સીએમઆરએસ) તરફથી મેટ્રોના પરિચાલન માટે પણ મંજૂરી અપાઈ ચૂકી છે. દિલ્હી વાળાને વડાપ્રધાન મોદી આ પરિયોજનાઓની ભેટ પણ આપી શકે છે. તે સિવાય રિઠાલાથી નરેલા અને નત્થૂ પુરા મેટ્રો કોરિડોરનો શિલાન્યાસ પણ વડાપ્રધાન મોદી કરી શકે છે.

### પંજાબના ભટિંડામાં ભીષણ અકસ્માત

## મુસાફરો ભરેલી ખાનગી બસ નહેરમાં ખાબકી, આઠના મોત, અનેકને ઈજા

(એજન્સી) ભટિંડા | તા.27

પંજાબના ભટિંડામાં આજે (27 નવેમ્બર) ભીષણ અકસ્માત થયો છે. અહીં એક ખાનગી કંપનીની બસ નહેરમાં ખાબકી છે, જેમાં આઠ લોકોના મોત થયા હોવાના જ્યારે અનેક લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઈજાગ્રસ્તોને તુરંત હોસ્પિટલમાં ખસેડ્યા છે. પોલીસે કહ્યું કે, મૃતદેહો બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે.

અહેવાલો મુજબ ખાનગી કંપનીની બસ ભટિંડાના કોટશમીર રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે ડ્રાઈવરે અચાનક બસ પરનો કાબુ ગુમાવતા બસ નહેરમાં ખાબકી હતી, જેમાં આઠ લોકોના દર્દનાક મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક વહિવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. જ્યારે એનડીઆરએફની ટીમ પુરજોશમાં બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. પોલીસે દુર્ઘટના સર્જાવાના કારણોની તપાસ કરી રહી છે.



ડ્રાઈવરે બસ પર કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો

### મુસાફરોથી ભરેલી HRTC બસ લપસી

## હિમાચલ : અટલ ટનલ રોહતાંગ ફરી બંધ, હેવી સ્નોફોલનું એલર્ટ

(એજન્સી) ચેન્નાઇ | તા.27

હિમાચલ પ્રદેશના ઊંચા શિખરો પર ફરી હિમવર્ષા શરૂ થઈ ગઈ છે. શિમલા જિલ્લાના નારકંડા, કુફરી, ખારાપથર અને લાહૌલ સ્પીતિ જિલ્લાના ઊંચા વિસ્તારોમાં ચાર કલાકથી હિમવર્ષા થઈ રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં હળવો વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને લાહૌલના ઘણા વિસ્તારોમાં 2 ઈંચ સુધી હિમવર્ષા થઈ છે. આ પછી, અટલ ટનલ રોહતાંગ માટે વાહનોની અવરજવર ફરીથી બંધ કરી દેવામાં આવી છે. આજે સવારે જ ત્રણ દિવસ પછી રોહતાંગ તરફ વાહનોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

શિમલા જિલ્લાના નારકંડામાં,



હિમાચલ રોડ ટ્રાન્સપોર્ટની મુસાફરોથી ભરેલી બસ રસ્તાના કિનારે પાર્ક કરેલા વાહન સાથે અથડાઈ હતી. જો બસ અહીંથી પડી હોત તો મોટો અકસ્માત સર્જાયો હોત.

આવી સ્થિતિમાં બરફીલા રસ્તાઓ પર સાવચેતીપૂર્વક વાહન ચલાવવું જરૂરી છે. IMD અનુસાર કિન્નૌર, કુલ્લુ, લાહૌલ-સ્પીતિ, મંડી અને શિમલા જિલ્લામાં કેટલાક સ્થળોએ હિમવર્ષા થઈ શકે છે.

## મણિપુરના બે જિલ્લામાં ફાયરિંગ, પોલીસકર્મીઓ-ગ્રામજનો ઘાયલ

(એજન્સી) ઇમ્ફાલ | તા.27

મણિપુરના ઈમ્ફાલ ઈસ્ટ અને કાંગપોકલી જિલ્લામાં ફાયરિંગ થઈ રહ્યું છે. લોકોના મતે મોર્ટાર પણ છોડવામાં આવી રહ્યા છે. કુકી અને મૈતઈ સમુદાયો વચ્ચે ફરી એકવાર હિંસા શરૂ થઈ ગઈ છે. સાંસાબી વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક પોલીસકર્મી અને એક ગ્રામીણને ગોળી વાગી હતી.

પોલીસે જણાવ્યું કે, પોલીસકર્મીનું નામ કે. હરિદાસ (ઉં.વ.37). તેના ડાબા ખભા પર ગોળી વાગી હતી. જવાહરલાલ નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં તેમની સારવાર ચાલી રહી છે. અન્ય એક ગ્રામીણ ઘાયલ છે, તેની સારવાર પણ ચાલી રહી છે. રિપોર્ટ અનુસાર, 24 ડિસેમ્બરથી બંને જિલ્લાના ઘણા વિસ્તારોમાં ચાલી રહેલી ગોળીબારમાં શુક્રવારે મોટો વળાંક આવ્યો હતો.

## મનમોહન સિંહના અંતિમ સંસ્કારને લઈને ગરમાવો : કોંગ્રેસ થઇ નારાજ

(એજન્સી) નવી દિલ્હી | તા.27

નિગમબોધ ઘાટ પર પૂર્વ પીએમ મનમોહન સિંહના અંતિમ સંસ્કાર કરવાના સરકારના નિર્ણય પર કોંગ્રેસે નારાજગી વ્યક્ત કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ફોન કરીને ડૉ.મનમોહન સિંહનું સ્મારક બનાવવાની માંગણી કરી હતી. ખડગેના આહ્વાનના જવાબમાં સરકારે સાઈટ આપવા માટે બે-ચાર દિવસનો સમય માંગ્યો હતો. જ્યારે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં આ માહિતી આપવામાં આવી ત્યારે પ્રિયંકા ગાંધીએ કહ્યું કે આવી સ્થિતિમાં મનમોહન સિંહને અંતિમ સંસ્કાર માટે વીર ભૂમિ અથવા શક્તિ સ્થાનનો કેટલોક ભાગ આપવામાં આવે અને તેમની સમાધિ પણ બનાવવામાં આવે.

કોંગ્રેસે સરકારને આ વાત જણાવ્યા બાદ પણ સરકારે જણાવ્યું કે નિગમબોધ ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવશે. મલ્લિકાર્જુન ખડગેએ પીએમને પત્ર લખ્યો હતો. તેમણે આ પત્ર વડાપ્રધાન મોદી સાથે સિંહ માટે સ્મારક બનાવવાની વાત કર્યા બાદ લખ્યો હતો, જેઓ બે ટર્મના વડા પ્રધાન હતા અને દેશના લોકો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

**સરકારે મનમોહન સિંહનું અપમાન કર્યુંઃ પ્રિયંકા :** સાથે જ સમાધિ માટે જગ્યા આપવા અંગે પણ કોઈ ખાતરી આપવામાં આવી નથી. જ્યારે પ્રિયંકા ગાંધીને આ અંગે જાણ કરવામાં આવી તો તેમણે તેને સરકાર દ્વારા મનમોહન સિંહનું અપમાન ગણાવ્યું. પ્રિયંકા ગાંધીએ પૂછ્યું કે શું પૂર્વ પીએમના અંતિમ સંસ્કાર નિગમ બોધ ઘાટ પર કરવામાં આવ્યા હતા? અંતિમ સંસ્કાર રાજઘાટ પાસે થવો જોઈએ. આ પહેલા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના અંતિમ સંસ્કાર એવા સ્થળે કરવા વિનંતી કરી હતી જ્યાં તેમનું સ્મારક બની શકે.

### 48 દિવસ કરશે ઉપવાસ, CMને હટાવવા રાખી માનતા

## તમિલનાડુમાં ભાજપ નેતાએ અર્ધનગ્ન થઈ ખુદને ચાબુક મારી

(એજન્સી) ચેન્નાઇ | તા.27

તમિલનાડુમાં અન્ના યુનિવર્સિટીની એક વિદ્યાર્થિની સાથે થયેલાં કથિત યૌન ઉત્પીડનનો મામલો ગરમાઈ રહ્યો છે. આ ઘટનાએ રાજ્યની રાજનીતિમાં હલચલ મચાવી દીધી છે. ભાજપ અને અન્નાદ્રમુકે (AIADMK) આ મુદ્દે ગુરૂવારે (26 ડિસેમ્બર) વિરોધ પ્રદર્શન કર્યું. ભાજપે આરોપ લગાવ્યો કે, આરોપી દ્રવિડ મુનેત્ર કષગમ (દ્રમુક)નો પદાધિકારી છે. જોકે, સત્તાધારી પાર્ટી દ્રમુકે (DMK) આ આરોપોને નકારી દીધા છે.

ભાજપની તમિલનાડુ એકમના પ્રમુખ કે. અન્નામલાઈના આરોપીની દ્રમુક નેતાઓ સાથે તસવીરો જોતા આરોપ લગાવવામાં આવ્યો કે, આરોપી સત્તાધારી પાર્ટીની વિદ્યાર્થી શાખાનો પદાધિકારી છે. તેઓએ દાવો કર્યો કે, આરોપીએ પાર્ટી સાથે જોડાયેલા હોવાના કારણે ગુનાને અંજામ આપ્યો અને પોલીસે તેના પર કાર્યવાહી નથી કરી.



### વતનપ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ : શિક્ષણકાર્ય માટે રૂ. 4 કરોડનું દાન આપતા ચરોતરના વીર ભામાશા રમેશભાઈ પટેલ

# સરસ્વતી વિદ્યાલયમાં 30 વર્ગખંડો ધરાવતા ત્રણ માળના ભવનનું નિર્માણ

અશેષ વ્યાસ | ખેડા

ભારતભૂમી ઉપર દાન અને શિક્ષણની પરંપરાઓ અનાદિ કાળથી ચાલી આવી છે. પ્રાચીન શાસ્ત્રોમાં દાનને શ્રેષ્ઠ કર્મ માનવામાં આવ્યું છે, અને શિક્ષણને આત્માનો ઉદ્ધાર ગણવામાં આવે છે. ભારતીય વિચારધારામાં, 'વિદ્યાદાનમ્ મહાદાનમ્' એટલે કે શિક્ષણનું દાન શ્રેષ્ઠ દાનનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. ગુરુ-શિષ્ય પરંપરાથી લઈને તક્ષશિલા અને નાલંદા જેવી ઐતિહાસિક શિક્ષણ સંસ્થાઓનો અતુલ્ય વારસો ભારતે વિશ્વને આપેલી જ્ઞાન અને દાનની મહાન પરંપરાઓની સાક્ષી પુરે છે.

શિક્ષણ ફક્ત જ્ઞાન પ્રદાન કરવાનો માર્ગ નથી, તે સમાનતા અને સમાજમાં પરિવર્તન લાવવાનો મજબૂત આધાર છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જણાવ્યા અનુસાર 'શિક્ષણ એ તે હથિયાર છે જે આપણા જીવનમાં પરિવર્તન લાવી શકે છે.' શિક્ષણએ ફક્ત ભણીને ડીગ્રી લેવા પુરતુ કાર્ય નથી પરંતુ શિક્ષણ થી આવેલ તેજનો પ્રકાશ સામાન્ય જનના કલ્યાણ માટે ઉપયોગી બને ત્યારે શિક્ષણની સિદ્ધિને ખરા અર્થમાં સાર્થક માની શકાય.

આજે વાત કરીએ ખેડાના ગળતેશ્વર તાલુકાનાં વતની, એનઆરઆઈ શ્રી રમેશભાઈ છોટાભાઈ પટેલ જેમણે રૂ. ૪ કરોડનુ દાન આપીને પોતાના વસો ગામમાં



### શાળામાં એસીની સુવિધાવાળા વર્ગખંડો અને મધ્યાન ભોજન માટે વિશેષ રૂમ બનાવાયા

પ્રેરણાદાયી યાત્રા વિશે જાણીએ તો રમેશભાઈ નાનપણથી જ ભણવામાં ઉંડો રસ ધરાવતા હતા. ગળતેશ્વર તાલુકાના નાના એવા વસો ગામથી શરૂઆત કરીને પછી તેઓ અમેરિકા સ્થાયી થયા. વિદેશમાં રહેતા હોવા છતાં, તેમના હૃદયમાં વતન માટે કંઈક કરવાની ઝંખના રહેલી. આધુનિક શિક્ષણના માધ્યમથી ગામના બાળકોને સુશિક્ષિત કરવા વસો ગામમાં આધુનિક શાળાની સ્થાપનાનો વિચાર એમના મનમાં છવાયો. રમેશભાઈના શિક્ષણ માટે સહાયના આ વિચારોએ શાળા નિર્માણના સ્વપ્ને આકાર આપ્યો, જે આજે સરસ્વતી વિદ્યાલય તરીકે વસો ગામમાં ઊભી છે.

શાળાના ભવિષ્યના નિર્માણ માટે માતૃભૂમિ ચેરિટી ફાઉન્ડેશન યુ.એસ.એ, સ્વ. ચંચળબા કેળવણી ટ્રસ્ટ ડાકોર અને શ્રીજી સેવા ટ્રસ્ટ વસોના મજબૂત સહકારથી રમેશભાઈ દાન માટેની રકમ સરળતાથી આપી શક્યા. અને આમ તા.૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ લાભ પંચમના શુભ દિવસે સરસ્વતી વિદ્યાલય આદર્શ શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.

સરસ્વતી વિદ્યાલયમાં કુલ ૩૦ વર્ગખંડો ધરાવતા ત્રણ માળના ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં બાલવાટિકા થી ધોરણ ૮ સુધીના વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય, સંગીતરૂમ, વિજ્ઞાન લેબ અને રમકડાં રૂમ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. બાળકો માટે વિશાળ મેદાન, હીચકા, લપસણી, તેમજ રમતગમત સાધનો સાથે અભ્યાસ અને આરામનું સમતોલ માળખું ઉભું કરાયું છે.

શાળામાં એસીની સુવિધાવાળા વર્ગખંડો અને મધ્યાન ભોજન માટે વિશેષ રૂમ બનાવાયા છે. શૌચાલયથી લઈને પાણી માટેની બોરિંગ વ્યવસ્થા સુધીની તમામ તકેદારીઓ લેવામાં આવી છે. તા.૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ શાળાના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને આ પ્રસંગે દાતાશ્રી રમેશભાઈ તેમજ અન્ય શ્રેષ્ઠ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું.

ભગવાન બુદ્ધ જણાવે છે કે 'તમે જે કંઈક આપી શકો તેમાંથી સૌથી શ્રેષ્ઠ છે તે દાન છે, જે બીજાના જીવનમાં સુખ લઈને આવે છે.' રમેશભાઈના આ પ્રેરણાદાયી કર્મથી વસો ગામ સહિત આસપાસના વિસ્તારના તમામ બાળકો ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ લેશે અને આ ભગીરથ કાર્ય માટે સર્વ સમાજ હમેશા તેમને યાદ રાખશે.

### નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રની કથળેલી વ્યવસ્થાને સુધારવા બાબતે

## બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવાની સાથે નલિયા સ્થાનિક લોકો 07 જાન્યુઆરીએ ધરણાં કરશે

મહેશ એલ.સોની | નખત્રાણા



તા.૨૬/૧૨/૨૦૨૪ અબડાસા તાલુકાના નલિયા ખાતે બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવા સાથે સ્થાનિક આગેવાનો દ્વારા નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ની મુલાકાત કરવામાં આવી હતી. ત્યારે લખન ધુવાએ જણાવાયું છે. કે નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં જે અપૂરતી સુવિધાઓ છે. જે બાબતે તા.૨૩/૧૨/૨૦૨૪ના રોજ જિલ્લા પંચાયત કચ્છ ભુજ ખાતે જઇ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ને રૂબરૂ મુલાકાત કરીને નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં જે અપૂરતી સુવિધાઓ છે. તે વહેલી તકે પૂરી કરવામાં આવે તેવી લેખિત તેમજ મૌખિક રીતે માંગ કરી હતી. અને જો માંગો વહેલી તકે પૂરી કરવામાં નહિ આવે તો દિવસ આઠમા અબડાસા નલિયા વિસ્તારની પ્રજા સાથે રહી નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં ધરણાં કરાશે કારણ કે સારું અને મફત આરોગ્ય સેવા એ નાગરિકોનું બંધારણીય મૌલિક અધિકાર છે. સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી એ સરકારની જવાબદારી છે.તેવી રજૂઆતો કરાઇ હતી. ત્યાર બાદ આજ આરોગ્યની બાબતે તા.૨૬/૧૨/૨૦૨૪ ના ફરી નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ની મુલાકાત લખન ધુવા તથા સ્થાનિક આગેવાનો દ્વારા મુલાકાત કરાઈ હતી અને આવનારી તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં ધરણાં કરાશે અને મોટી સંખ્યામાં આરોગ્યની લડત માટે લોકો જોડાય તેવું લખન ધૂવાએ જણાવાયુ છે.

## ગરુડેશ્વર તાલુકાના વાસલા ગામે બાઇક પર આવેલા હત્યારાઓ યુવાનની હત્યા કરી ફરાર

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લામાં ગરુડેશ્વર તાલુકાના વાસલા ગામમાં એક યુવાનની હત્યા કરી હત્યારાઓ નાશી છૂટયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર મરનાર યુવાન ભ્રીતેશ અમૃતભાઈ તડવી ઉ.વ.35 ના બહેન નયનાબેન તડવી એ પોલીસ ને આપેલી ફરિયાદ મુજબ તેમના ભાઈ ભ્રીતેશ અમૃતભાઈ તડવી ને આજે બપોર ના સુમારે કોઈ અજાણ્યા ઈસમો બાઈક પર આવું ગળા અને છાતી ના ભાગે ધારિયા ના ઘા મારી મોત નિપજાવી હત્યારા નાશી છૂટયા હતા ઘટના ની જાણ પોલીસ ને થતા ગરુડેશ્વર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી હાલ મૃતક યુવાન ની મૃતદેહ ગરુડેશ્વર હોસ્પિટલ ખાતે મૂકવામાં આવ્યો છે.

હત્યા બાદ નર્મદા પોલીસ ના અધિકારીઓ માં એલ.સી.બી.એસ. ઓ.જી. સહિત ની પોલીસ ટીમો તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી અને હાલમાં પણ હત્યારા ની શોધખોળ કરી રહી છે. હત્યા કયા કારણોસર થઈ અને હત્યારા કોણ હતા તે હજુ જાણી શકાયું નથી પરંતુ હાલ ગરુડેશ્વર પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લીલીયા મોટા ખાતે સુશાસન દિવસ ની ઉજવણી કરાઈ : પૂર્વ પ્રમુખની સુંદર કામગીરીને નવ નિયુક્ત પ્રમુખ દ્વારા બિરદાવાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

લીલીયા મોટા ખાતે આજ રોજ દેશ ના પૂર્વ પ્રધાન મંત્રી માનનીય અટલ બિહારી બાજપાઈ જી ની જન્મ જયંતી ના દિવસ ને સુશાસન દિવસ તરીકે સમગ્ર દેશ માં ઉજવણી કરવામાં આવી રહી છે.

લીલીયા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે તાલુકા ભાજપ ના નવ નિયુક્ત પ્રમુખ જીગ્નેશ સાવજ ના અધ્યક્ષ સ્થાને સુશાસન દિવસ ની ઉજવણી કરવા માં આવેલ આ તકે પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી નું નવની યુક્ત પ્રમુખ જીગ્નેશ સાવજ દ્વારા સન્માન કરવામાં આવેલ પૂર્વ પ્રમુખ ભનુભાઈ ડાભી ની આગેવાનીમાં જિલ્લા પંચાયત ની બંને સીટો તાલુકા પંચાયત તેમજ ત્યાર પછી આવેલ વિધાનસભાની ચૂંટણીમાં મહેશભાઈ કસવાલા ને તેમજ લોકસભાની આવેલ ચૂંટણીમાં ભરતભાઈ સુતરીયા ને જીત અપાવવામાં અગત્યની ભૂમિકા ભજવેલ હોય ત્યારે ભનુભાઈ ડાભી ની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રદેશ ભાજપ દ્વારા પણ નોંધ લેવાયેલ હોય અને સુંદર



કામગીરી બદલ જિલ્લાના તમામ મંડળોમાં થી લીલીયા તાલુકા ભાજપ પરિવાર વતી સારી કામગીરી અને સફળ સુકાની તરીકે નોંધ લઈ સન્માનિત કરવામાં આવેલ સાથે સાથે કોમળ સ્વભાવ ધરાવતા ભનુભાઈ ડાભી નાનામાં નાના કાર્યકરો સાથે જેમ દૂધમાં સાકર ભળે તેમ ભળીને રહેતા હતા જ્યારે નવનિયુક્ત પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ સહું પ્રથમ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ત્યારબાદ જિલ્લા યુવા ભાજપ કારોબારી સભ્ય લીલીયા યુવા ભાજપ પ્રમુખ લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી સાથે સાથે બે ટર્મ આંબા ગામના સરપંચ રહી ચૂકેલ છે સાથે સાથે શિક્ષિત એડવોકેટ પણ હાલ માં હોય અને તેઓની ખૂબજ લોકો માં લોકપ્રિયતા તેમજ કાર્યકરો માટે અડધી રાતનો હોકારો ગણાતા જીગ્નેશ સાવજ ની લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ તરીકે નિયુક્તિ થયેલ હોય જેને લઇ આજ રોજ પૂર્વ પ્રમુખ ભનુભાઈ ડાભી દ્વારા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે જીગ્નેશ સાવજ ને શુભકામનાઓ પાઠવવામાં આવેલ આ તકે ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા,ગૌતમભાઈ વિછીયા,કાનજીભાઈ નાકરાણી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ધામત,તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામ મેઘાણી, કેપ્ટન ધામત, ભાસ્કરભાઈ પટેલ, ભીખાભાઈ ધારૈયા, પરેશ પહાડા, આનંદ ધાનાણી,વિજય ગજેરા, સુખાભાઈ જોગરાણા, યોગેશભાઈ દવે, સુરેશભાઈ નાકરાણી, જીતેન્દ્ર ડાભી,જીગ્નેશ ઝીંઝવાડીયા સહિતના કાર્યકરો દ્વારા સૌ પ્રથમ અટલ બિહારી બાજપાઈજીની તસ્વીર પર ફૂલહાર કરી અને ત્યારબાદ નવ નિયુક્ત પ્રમુખને શુભકામનાઓ આપી મો મીઠા કરાવી સાલ ઓઢાડી સન્માનિત કરાવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

## બેચરાજી ડેપો ના કંડક્ટરે મિડીયાકર્મી સાથે ઉદ્ધતાઇપૂર્વક વર્તન કરી અપમાનીત કર્યા

નિતીન ઠાકર | ચાણસ્મા

ગુરુવારને ૨૯મી ડીસેમ્બર ના રોજ સાંજે પોણા છ વાગ્યા ની આસપાસ બેચરાજી ડેપો સંચાલિત બસ નં.જીજે.૧૮-૬૦૯૩ બેચરાજીથી મહેસાણા વાયા મોઢેરા બસમાં મુસાફરી કરી રહેલા મિડીયાકર્મી એ ફરજ પરના કંડકટર બેજ નં ૧૦૯૭ ને મોઢેરા નજીક સૂર્યમંદિર પાસે ચાણસ્મા ત્રણ પર બસ ઉભી રાખવાનું કહેતા ફરજ પરના કંડક્ટરે બસ નું સ્ટેન્ડ નથી તો મિડીયા કર્મી એ વિનંતી સાથે કહ્યું ભાઈ આ સ્ટેન્ડ પર બસો ઉભી રહે છે તો ફરજ પર ના કંડક્ટર ઉશ્કેરાઇ જઈ મારે નથી ઉભી રાખવી તમે ગમે તે હોવ તેમ ઊંચા અવાજે બસ મુસાફરો વચ્ચે મીડીયા કર્મચારી ને હડધૂત કર્યું હતુ જો મીડીયા કર્મચારી સાથે આ કંડક્ટર આ પ્રકાર નું વર્તન કરતા હોય તો અન્ય મુસાફરો સાથે કેવું વર્તન કરતા. હશે જ્યારે મીડીયા કર્મચારી એ તેમની સાથે ફરજ પર ના કંડક્ટર દ્વારા કરવામાં આવેલા ગેરવર્તન અંગે મહેસાણા વિભાગીય કચેરી ના મુખ્ય અધિકારીને કંડક્ટર સામે શિક્ષાત્મક પગલાં ભરવા લેખિત રજુઆત કરાઇ હોવાનું ભોગ બનનાર મિડીયા કર્મીએ જણાવ્યું હતું

## શેત્રુંજી વનવિભાગ દ્વારા ખુલાસો, પારદર્શિતા રાખવાની પહેલ એક સરાહનીય પગલું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મીઠી વીરડી ગામનાં દરિયા કિનારા પર મળી આવેલ સિંહ નાં મૃતદેહ બાબત શેત્રુંજી વાઈલ્ડ લાઈફ ડિવિઝન દ્વારા ખુલાસો શેત્રુંજી વાઈલ્ડ લાઈફ ડિવિઝનનાં ડેપ્યુટી કંઝરવેટર ઓફ ફોરેસ્ટ શ્રી જયંત પટેલ દ્વારા ખુલાસો આપવામાં આવ્યો છે કે, મૃત સિંહ નાં કોઈ નખ ગાયબ નથી, સિંહના મૃતદેહ પર બધા જ નખ મોજુદ હતા, કોઈ વીજશોક થી મૃત્યુ થયું હોય તેવા કોઈ નિશાન શરીર પર નહોતા, તથા પોસ્ટમોર્ટમ દરમ્યાન સિંહનાં પેટમાં કોઈ ઝેરી તત્વ નહોતા મળ્યા. આમ, શેત્રુંજી વનવિભાગ દ્વારા એ પણ ખાસ જણાવવામાં આવ્યું કે, જો સિંહ નું મૃત્યુ વનવિભાગ ની બેદરકારી થયેલ હશે તો, એની પણ તપાસ ચાલુ છે, અને જે કોઈ દોષી હશે તો તેની પર પણ કાર્યવાહી કરીશું.



શેત્રુંજી વનવિભાગ દ્વારા ખુલાસો આપવામાં આવ્યો છે. તેને વનવિભાગ તરફથી પારદર્શિતા રાખવાની પહેલ ગણી શકાય, અને આ પગલાંને પણ બીજી રેન્જનાં અધિકારીઓ અનુસરે અને પોતાના વિસ્તારમાં થતાં સિંહો વિષયક પ્રશ્નોનો અને સિંહપ્રેમીઓ ની શંકા નું સમાધાન કરે તે અત્યંત જરૂરી છે. શેત્રુંજી વનવિભાગનું એક સરાહનીય પગલું બનાવની વિગત: તા.૨૪/૧૨/૨૦૨૪નાં રોજ વન્યજીવ રેન્જ, તળાજાનાં સ્ટાફને પેટ્રોલિંગ દરમ્યાન ઉમરાળા રાઉન્ડની માથવડા બીટનાં મીઠી વીરડી ગામનાં દરિયા કિનારાથી અંદાજીત ૧૫૦ મીટર દરિયામાં વન્યપ્રાણી સિંહ નર ઉ.વ. અંદાજીત ૯ થી ૧૨ વર્ષનો મૃતદેહ મળી આવેલ હતો. સિંહનાં મળી આવેલ મૃતદેહ વિસ્તારની સંપૂર્ણ તપાસ અને સ્કેનિંગ બાદ સ્થળની નજીક કોઈ સંકાસ્પદ વસ્તુઓ કે અવશેષો/ચિન્હ મળી આવેલ ન હતા. ત્યારબાદ સિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ પરીક્ષણ માટે એનિમલ કેર સેન્ટર, ગેબર ખાતે ખસેડવામાં આવેલ અને વેટેનરી ઓફિસરો દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કર્યા બાદ વેટેનરી ઓફિસરો દ્વારા પ્રાથમિક તારણ પાણીમાં ડૂબી જવાથી સિંહનું મૃત્યુ થયેલ હોવાનું જણાવેલ છે. વધુ તપાસ અર્થે મૃત્યુ થયેલ વન્યપ્રાણીનાં સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે.

## જાફરાબાદ ન.પા. દ્વારા ઠલવાતા વેસ્ટ કચરો ઉપાડવા બાબતે સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રજુઆત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ નગરપાલિકા દ્વારા ઠલવાતો વેસ્ટ કચરો સી.આર. ઝેડ. વિસ્તારમાં ઠલવાતા આ બાબતે મામલતદાર શ્રી ને સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી હતી ત્યારે પાલિકા દ્વારા પોતાના પત્રમાં મામલતદાર તથા પ્રાદેશિક નિયમ શ્રી તથા અરજદારને જણાવેલ કે પાલિકા પાસે જમીન ઉપલબ્ધ ન હોવાના કારણે કચરો સી.આર.ઝેડ. ખુલ્લી જગ્યા ઉપર ઠરાવવામાં આવેલ છે. હાલ કચરો સાઈટ ઉપરથી ઉપાડી લેવામાં આવેલ છે. તેમજ નગરપાલિકા દ્વારા ખાનગી એજન્સી અભય એન્ટર પ્રાઈજ સાથે કચરો ઉપાડવા માટે કરાર કરેલ છે. તેમના દ્વારા સાત દિવસે કચરો ઉપાડીને વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્રોસેસ કરવા માટે લઈ જાય છે. તેમજ નગરપાલિકા પાસે ડમ્પ સાઈટની જમીન ઉપલબ્ધ થયે કચરો ડમ્પ સાઈટ પર ઠરાવવામાં આવશે તેવું નગરપાલિકા દ્વારા જણાવાયું હતું પરંતુ સી.આર. ઝેડ. વિસ્તાર તેમજ મેન્ગૃવ્સ વૃક્ષો હોવા છતાં પર્યાવરણ તથા દરિયાઈ જીવસૃષ્ટિ તથા નાગરિકો ના આરોગ્ય સાથે ખતરો હોવા છતાં કચરો ઉપાડવા ને બદલે ઠલવાઈ રહ્યો હોય અને આ સી.આર. ઝેડ. વિસ્તારમાં જ્યાં સુધી પાલિકા પાસે ડમ્પ સાઈટ જગ્યા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વેસ્ટ કચરો ઠાલવવામાં આવશે તેવું જણાવીને પર્યાવરણ અને જીવસૃષ્ટિ ઉપર પ્રદુષણ ફેલાવવામાં આવશે તે બાબતે નગરપાલિકા વિરુદ્ધમાં સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવી છે.



**અશોક મણવર, અમરેલી** | બગસરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે નવ નિયુક્ત બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ચાદરાણીને ભારતીય જનતા પાર્ટીના તાલુકા અને શહેર પ્રમુખ તરીકે વર્ણી કરવામાં આવી છે ત્યારે રાજકોટ પૂર્વ સાંસદ ડો.વલ્લભભાઈ કથીરિયા તેમજ ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જે.વી.કાકડીયાની ઉપસ્થિતિમાં બગસરા તાલુકા અને શહેર માંથી બહોળી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી હારતોરા કરી મોં મીઠાં કરીને સન્માનિત કરાયા.

## ભગવાન મહાવીર કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝમાં ક્રિસમસ ઉજવણી

સુરત | તા.27



24 ડિસેમ્બર, 2024ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝમાં ક્રિસમસના પાવન તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં ખાસ મહેમાન તરીકે બીએમયુના પ્રોવોસ્ટ શ્રી મનોજ કુમાર, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ચેતા દેસાઈ અને આનંદ સ્પેશિયલ સ્કૂલ, સુરતના 10 ખાસ બાળકો અને 5 શિક્ષકો ઉપસ્થિત રહ્યા.

'સિક્રેટ સાન્ટા' કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ અને શિક્ષકો એકમેકને ભેટ આપીને ઉત્સાહિત થયા. પ્રોવોસ્ટ શ્રી મનોજ કુમાર, ડૉ. ચેતા દેસાઈ અને શિક્ષકગણ દ્વારા સંગીત પ્રદર્શન કરાયું, જે તમામ માટે આનંદદાયક રહ્યું. આ ઉજવણીમાં 'મ્યુઝિકલ મેલોડી' અને 'મ્યુઝિકલ હાઉસી' જેવી રમતોનું પણ આયોજન કરાયું, જેમાં વિજેતાઓને ભેટ આપવામાં આવી. ખાસ બાળકો અને તેમની સાથેના શિક્ષકોને વિશેષ ભેટો અપાઈ.

# આજે તો તારા મુખમાંથી પ્રેમના ત્રણ જાદુઈ શબ્દો સાંભળીને જ રહીશ...!

ક્યારા!! માય લાઈફ,કેમ આજ ચૂપ છો? શું થયું છે તને. તબિયત તો સારી છે ને આજ કેમ મારી ક્યારા ના ચેહરા નું તેજ ગાયબ છે? પ્લીઝ darling!! શું થયું? મજાક કરતા આગમ એ પૂછ્યું કે તારે ફરી ઝગડા થયા કે પછી ડિવોર્સ થઈ ગયો.wow great news બોલ તને ક્યારે લેવા આવું? ક્યારા એ એની ભાવવહી કાળી ભમમર આંખોની પાંપણ સહેજ ઊંચી કરીને સ્માઈલ આપ્યું.ક્યારા ના સુંદર સ્માઈલ પર ફિદા થતાં આગમ ધીમેથી કીધું કે ક્યારા,આજ તો તારા મુખ માંથી પ્રેમના ત્રણ જાદુઈ શબ્દો સાંભળી ને જ રહીશ,10દિવસથી ત્રણ જાદુઈ શબ્દો સાંભળવા માટે કલાકો રાહ જોયાં કરું છું પણ તું અચાનક બોલતી બંધ થઈ ગઈ છો,કેમ?તને ખબર છે તારા પ્રેમમાં પાગલ તારો આગમ ની તું ધડકન છો.આગમ એ ચૂપચાપ મૌન ધારણ કરીને બેઠેલી ક્યારાને પૂછ્યું કે મારી જાન,તને પૂછું છું બોલે છે કે નહિ.આજ તો ત્રણ જાદુઈ શબ્દો સાંભળ્યા વગર ફોન કટ કરવાનો જ નથી બેઠી રહે જ્યાં સુધી બેસવું હોય ત્યાં સુધી.આજ તો ફોન કટ નહિ થાય..તુ કટ કરીશ તો હું ફોન કર્યા કરીશ.

.....ક્યારા અને આગમના પાંચ વર્ષ થી ચાલતા અવિરત ઓનલાઈન નદીનાં ધસમસતા પ્રવાહની માફક બન્ને વચ્ચે પાંચ વર્ષ થી ચાલ્યા કરતા હતા.આમ છતાંય ક્યારેય આગમ અને ક્યારા ના ઓનલાઈન wp પ્રેમભર્યા સબંધો ની ઓટ આવી નથી.બેંગલોર ની ફેમસ આઇ ટી કંપની માં જોબ કરતા 35 વર્ષ ના આગમ ની 40વર્ષની હાઉસ વાઈફ ક્યારા સાથે પ્રથમ fbમાં frendship થયાં બાદ અમુક મહિનાઓ બાદ દોસ્તી પ્રેમમાં પરિણામી. ક્યારા એ આગમ સાથે પ્રેમ સબંધ માટે શર્ત મૂકી હતી કે બન્ને wp પર નિયમિત વાત કરશે પરંતુ રૂબરૂ ક્યારેય મળશે નહિ. આ કારણોસર 35 વર્ષીય બેચલર આગમ એ ક્યારા ને રૂબરૂ મળવાનો પ્રયત્ન કર્યો નહતો.પરણિત ક્યારા અને એની દીકરા નું જીવન બગડે નહી એનું ખાસ ધ્યાન રાખતો હતો. ક્યારા ની શર્ત ને ફોલો કરતાં આગમ એ પાંચ વર્ષ માં ક્યારેય ક્યારા ને રૂબરૂ મળવાનો પ્રયત્ન સુધ્ધા નહતો કર્યો.આગમ ખુદ કરતા પણ વધારે ક્યારા ને ચાહતો હતો એની મેરીડ લાઈફ એના કારણે બગડે એ ઈચ્છતો નહતો.સવાર થી લઈને રાત દરમિયાન અવિરત ઓનલાઈન રોમાન્સ બન્ને વચ્ચે ચાલ્યા કરતો હતો.



વોટસેપ કોલ

- રુપાલી દવે

બેંગલોરના વૈભવી ફલેટમાં આગમ એ કિચન થી લઈને બેડરૂમ સહિતબધું ઈન્ટિરીયર ક્યારા ની ચોઈસ અનુસાર કરાવ્યું હતું.જ્યારે ક્યારા wp કોલ માં આગમ સાથે વાત કરતી ત્યારે બેડ રૂમમાં બેડ પાછળ મુકેલી એની તસ્વીર જોઈને એ વિચારવા લાગતી હતી કે ખરેખર હું આટલી બધી સુંદર લાગુ છું કે પછી આગમ ની નજરે એની તસવીર ને વધારે ખૂબ સુરત બનાવી દીધી છે.ત્યારે ક્યારા એ સહેજ સ્માઈલ કરતા આગમ ને પૂછ્યું હતું કે આગમ,તારા ઘરે આવનારા ગેસ્ટ મારો ફોટો જોઈને તને સવાલ નથી કરતા આ કોણ? મતલબ કે બેચલર આગમ ના બેડરૂમને સ્ત્રીની તસવીરે કબજે કરી નાખ્યું છે.કોઈએ તો પૂછ્યું જ હશે કે તસવીર માં કોણ છે?..ક્યારા ની વાત સાંભળીને આગમ એ એને આંખ મિચકારી ને કહ્યું જાનેમન,મારા ઘરે આવનાર લોકો મારી જાનની તસવીર જોઈને આવું પૂછે છે ને ત્યારે કહું છું કે આ તસ્વીરો એ મારા દિલની ધડકન છે.ખૂબ દૂર વસે છે પણ અનુભવું છું એને મારી આસપાસ..

જ્યારે ક્યારા ને માટે આગમ ની તસ્વીર એના મોબાઈલ માં પણ છુપાવવી અશક્ય હતી.ખરેખર મેરીડ સ્ત્રીઓ માટે સમાજ એ દોરેલી રેખા ઓળંગવી અશક્ય છે.જ્યાર થી આગમ સાથે પ્રેમ થયો હતો ત્યારથી ક્યારા ના દિલ દિમાગમાં આગમ શબ્દ અંકિત થઈ ગયો હતો. પાંચ વર્ષ માં એનું સંપૂર્ણ જીવન આગમ મય બની ગયું હતું.ઘણીવાર સીધી સાદી ક્યારાના અચાનક બદલાયેલા શોખ નિહાળીને એના પતિ ને પણ આશ્ચર્ય થતું હતું. ક્યારા ને નેઈલ પોલિશ કરવી ગમતી નહતી એના નખ પર નેઈલ આર્ટ જોતાજ એના પતિ એ પૂછ્યું હતું કે અચાનક તરમાં આવેલા ફેરફાર થી ખુશ છું,સાચું કહું મને તારા અવનવા શોખ ગમે છે.હું અને મારી મમ્મી તને નેઈલ પોલિશ કરવાનું કહેતા ત્યારે તું નેઈલ ખરાબ થઈ જશે એમ કહેતી હતી.જોયું તારા હાથ નેઈલ આર્ટના લીધે વધારે સુંદર લાગે છે..

આગમ ને નેઈલ આર્ટ ખૂબ પસંદ હતું એટલે આગમ એ ક્યારા માટે ખાસ નેઈલ આર્ટ કીટ બેંગલોર થી ક્યારા ને મોકલી હતી...ક્યારા એ આગમ તરફ નજર કરતા કહ્યું કે ઓહો!! ડીયર,સાચું કહું મને એકના એક ત્રણ શબ્દ બોલી બોલીને કંટાળો આવે છે.તારી ડીક્ષનરી માંથી ત્રણ નવા મેજિક શબ્દની શોધ કર. આઇ લવ યુ બોલતા બોલતાં કંટાળો આવે છે. આગમ મને ભય લાગ્યા કરે છે ક્યાંક આપણા રોમાન્સની ગતિ પર સમયની નજર ના લાગી જાય. મારો વિચાર મારા આગમ ને ખૂબ પરેશાન કરવાનો છે,તે મારા દિલો દિમાગ માં કબજો જો કરી લીધો છે એટલે કર્યા કરીશ. આગમ અને ક્યારા અમુક કલાક સુધી એકબીજા ને નિહાળતા ખોવાઈ ગયા. આગમ એ ક્યારા ને કહ્યું કે ઓકે!!બેબી,તને કંટાળો આવતો હોય તો ત્રણ મેજિક વર્ડ બોલવાની જરૂર નથી.તને જે ના ગમે એ કરવાની જરૂર નથી, તારો ઉદાસ ચહેરો નજરે પડતા જ મને સારું ફીલ નથી થતું.મને મારી ક્યારા નો ખુશખુશાલ ચહેરા નો નશો થઈ ગયો છે.તુ નારાજ થઈશ તો હું મારી ધડકન ગુમાવી દઈશ તો..તુ મારી ક્યારા છો આગમ ના પ્રથમ પ્રેમ નો ખાસ એહસાસ છો, તારા પ્રેમભર્યા શબ્દો માં કામ નો સ્ટ્રેસ હળવો થઈ જાય છે.ખબર છે તુ પણ મારા માં ખોવાઈ ને તારા દિલને ખુશ ખુશાલ કરી મૂકે છે..તું નહિ સમજે પ્રેમ તો સ્ત્રીઓ જ પામે છે પુરુષો એમાં સામેલ હોવા છતાંય પામતા નથી. મોબાઈલ ની સ્ક્રીન પર મૌન ક્યારા નું શરમ થી લાલ મુખ નિહાળતા જ આગમ ને ફ્લાઈંગ કિસ આપતા કહ્યું કે મારા દિલ ની રાણી આમ શરમ થી લાલ તારું મુખ નિહાળતા મનમાં ત્રણ મેજિક શબ્દો બોલવાનું મન થઇ જાય છે,છોડ તું નારાજ થઈ જાય છે એટલે નથી બોલતો.આમ બોલીને આગમ પ્રેમભરી નજરથી ક્યારા ને નિહાળવા લાગ્યો. ક્યારા ધીમેથી સ્મિત કરતા બોલી ઓહો!!આગમ,તમે મારાથી નારાજ થઈ જશો તો કેમ ચાલશે?તમને પ્રેમ વ્યક્ત કરવા માટે ત્રણ મેજિક વર્ડ ગમે છે તો નિયમિત બોલીશ ઓકે આગમ તારી નારાજગી મારા થી બિલકુલ સહન નહિ થાય..સ્માઈલ પ્લીઝ હસી દો સ્વીટ ચીલી..કઈક તો બોલ..હમણાં ઘરમાં બધા આવી જશે તો વાત કરી શકીશ નહિ..આગમ એ મોં ફુલાવી ને કહ્યું કે ના ના તને ના ગમે તો તારે પરાણે બોલવાનું નહિ.જાનેમન,હવે તને ત્રણ જાદુઈ શબ્દો બોલવા માટે ક્યારેય જીદ નહીં કરું. મને તો મારી ક્યારા નું નિર્દોષ ખિલખિલાટ કરતું મુગ્ધ હાસ્ય નિહાળીને એમાં ખોવાઈ જાવ છું.આગમ સામુ જોઈને ક્યારા પ્રેમથી બોલી કે સો સ્વીટ ઓફ યુ darling! લવ યુ સો સો મચ...આગમ ના કાન માં ક્યારા ના મુખે થી બોલાયેલ મીઠા મધ અવાજ માં એ ત્રણ મેજિક વર્ડ કાન માં ક્યાંય સુધી ગુંજ્યા કર્યા....

આગમ ના અવિરત પ્રેમમાં તણાઈ ને ક્યારા એ મનોમન નક્કી કર્યું કે 'આઈ લવ યુ આગમ' મન માંથી ક્યારેય ભુલાશે નહી ને દિલમાં શબ્દો સોને થી મઢી દઈશ જેથી ત્રણ મેજિક વર્ડ બોલતાં જીભ અચકાશે નહીં.. ક્યારા ના ઘર ની ડોર બેલ ની ઘંટડી વાગતા આગમ એ આઈ લવ યુ જાન બોલીને ફોન કટ કર્યો..

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 24 કલાકમાં 3 અકસ્માત, 2 મોત: , પાલનપુર-અંબાજી હાઈવે પર કારમાં આગ લાગતા ડ્રાઈવર ભડથું

# રાજકોટમાં ડમ્પરની અડફેટે ધો.12ની વિદ્યાર્થિનીનો જીવ ગયો

(એજન્સી) રાજકોટ | તા. 27

ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં અકસ્માતની ત્રણ ઘટના સામે આવી છે, જેમાં બે લોકોના મોત થયા છે. રાજકોટમાં જૂના માર્કેટ યાર્ડ પાસે ડમ્પરની અડફેટે ધોરણ 12માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું મોત નીપજ્યું છે. જ્યારે કાલાવડ રોડ પર કણકોટ પાટિયા પાસે વિદ્યાર્થીઓને લઈને જતી ઈનોવેટિવ સ્કૂલની બસ થાંભલા સાથે અથડાઈ હતી, જેમાં એક શિક્ષક સહિત વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજા પહોંચી છે. આ ઉપરાંત પાલનપુર અંબાજી હાઈવે ધનપુરા પાટિયા નજીક કારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. જેમાં કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. કારમાં સવાર ડ્રાઈવરનું પણ મોત થયાનું પ્રાથમિક અનુમાન માનવામાં આવી રહ્યું છે.

રાજકોટમાં છેલ્લા 24 કલાકમાં અકસ્માતની બે ઘટના સામે આવી છે. જેમાં પ્રથમ ઘટનાની અંદર ગઈકાલે સાંજના સમયે આજી ડેમ ચોકડી પાસે શ્રીરામ પાર્ક 3માં રહેતી અનુપ્રિયા પૂર્વેન્દ્રકુમાર સિંગ (ઉ.વ. 17) અને તેની નાની બહેન માર્કેટ યાર્ડ નજીક મઝહર સ્કૂલેથી છૂટીને એક્ટિવા પર ઘરે પરત ફરી રહી હતી. તે દરમિયાન માર્કેટ યાર્ડ નજીક પહોંચા ડમ્પર નંબર GJ01CY4292ના ચાલકે એક્ટિવાને ટક્કર મારતા બંને બહેન ફંગોળાઈને નીચે પટકાઈ હતી.

જેમાં મોટી બહેન અનુપ્રિયાના કમરના ભાગે ડમ્પરનું ટાયર ફરી વળતા ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે નાની બહેન શક્તિસુપ્રિયાને સમાન્ય ઈજા પહોંચતા બચાવ થયો હતો. અકસ્માત સર્જી ડમ્પરચાલક ભાગે તે પહેલાં લોકોએ તેને પકડી આજી ડેમ પોલીસને સોંપી દીધો હતો.





**કારમાં આગ લાગતા ડ્રાઈવર ભડથું થયો:** ત્રીજી ઘટનામાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર-અંબાજી હાઈવે ઉપર ગાડીમાં અચાનક આગ લાગતા સંપૂર્ણ ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતા લોકોએ પોલીસને જાણ કરી હતી. વડગામ પોલીસ તત્કાલિક ઘટનાસ્થળ પર દોડી ગઈ હતી. જોકે, વીડિયોમાં જોતા સંપૂર્ણ બળેલી કાર રોડ પર પડી છે અને તેમાં ડ્રાઈવર સીટ પર ભડથું થયેલી હાલતમાં લાશ પણ જોવા મળી હતી.

પ્રાથમિક તપાસમાં કારમાં સવાર ડ્રાઈવરનું મોત થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, બળેલી ગાડી જોઈ વહેલી સવારે લોકોનાં ટોળેટોળાં એકઠાં થયાં હતાં. ઘટનાને લઈ પોલીસે તપાસ આદરી છે, જોકે, આ અંગે વડગામ પીએસઓએ જણાવ્યું હતું કે, ધનપુરા પાસે સળગેલી કાર મળી છે. પોલીસ સ્ટાફ ત્યાં પહોંચ્યો છે તેમાંથી એક વ્યક્તિની બળેલી હાલતમાં લાશ મળી છે, પરંતુ તે વ્યક્તિની હજી સુધી ઓળખ થઈ નથી. પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

### લાડકવાયી દીકરીના મોતથી પરિવારમાં કલ્પાંત

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક અનુપ્રિયા બે બહેન અને એક ભાઈમાં મોટી હતી. તે ધોરણ 12માં મઝહર સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. તેના પિતા પૂર્વેન્દ્રકુમાર યમનપ્રસાદ સિંગ મૂળ બિહારના વતની છે.

તેઓ છેલ્લાં 20 વર્ષથી રાજકોટમાં રહે છે અને કારખાનામાં કામ કરે છે. તેણીની માતાનું નામ નૂતનબેન છે. લાડકવાયી દીકરીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે જાણ થતાં આજી ડેમ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ડમ્પરચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

### ઘોડીની આડમાં થતી દારૂની હેરાફેરી

## પીકઅપ ડાલામાં ઘોડીની આડમાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ

(એજન્સી) બનાસકાંઠા | તા.27

બનાસકાંઠા LCB પોલીસ દારૂની હેરાફેરી કરતા ઈસમ ને ઝડપી પાડ્યો છે જેમાં રાજેસ્થાન તરફથી એક ઈસમ ડાલામાં ગોડી પશુ ભરી તેની નીચે ચોર ખાનું બનાવી દારૂ સંતાડી રાજેસ્થાન થી ગુજરાત ઘુસાડવા નો પ્રયાસ કરતો હતો જે ને lcb પોલીસ ચેક પોસ્ટ પરથી ઝડપી પાડ્યો છે કુલ મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળ ની તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા એ 31st અનુસંધાને પ્રોહી,જુગાર લગત પેટ્રોલીંગ તેમજ જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જેને લઈ એલ.સી.બી. પોલીસ સ્ટાફના અમીરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી હકીકત મળેલ કે એક પીકપ ડાલુ GJ-04-AW-7384 જેમા પાછળના ભાગે ગુપ્ત ખાનુ બનાવી તેની ઉપર ઘોડી ભરી ગુપ્ત ખાનામા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી રાજસ્થાનથી અમીરગઢથી પાલનપુર તરફ જનાર છે. જે હકિકત આધારે અમીરગઢ ચેક પોસ્ટ ખાતે નાકાબંધી કરી બાતમી હકીકત વાળું પીકપ ડાલુ મા કેબીનમા નીચે ગુપ્ત ખાનુ બનાવી કેબીનમા ઘોડી પશુ 01 ની ભરી અને વગર પાસ પરમીટનો વિદેશી બનાવટના દારુની છુટ્ટી બોટલ મળી આવતા પોલીસ કુલ 287 કબ્જે કરી કુલ 9 લાખ 89 હજાર 276 હજાર મુદ્દામાલ કબ્જે કરી ગાડી ચાલક કિશનલાલ મીણા રહે.સુમેરપુર સુમેરપુર રાજસ્થાન વાળાને ઝડપી પાડી અમીરગઢ પોલીસ મથકે ગુનો નોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

---

## ભરૂચ જિલ્લા એસ.પીની કારમાં સાપ: જીવદયા પ્રેમીઓએ દોડી આવી એક કલાકની જહેમત બાદ રેસ્ક્યૂ કરી બહાર કાઢ્યો

ભરૂચ | ભરૂચ જિલ્લી એસપીની કારમાં સાપ ઘૂસી જતા દોડધામ મચી ગઇ હતી.જેની જાણ જીવદયા પ્રેમીઓને કરવામાં આવતા તેઓએ તાત્કાલિક સ્થળ પર દોડી આવી કારમાંથી સલામત રીતે સાપને પકડી સલામત સ્થળે મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.

સરીસૃપો રહેણાંક વિસ્તારમાં આવી ચઢતા હોવાના અનેક બનાવો સામે આવે છે ત્યારે ગતરોજ રાત્રિના ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સરકારી કારમાંથી એક સાપ ઘૂસી ગયો હતો. આ જોતા જ ત્યાં હાજર લોકોમાં દોડધામ મચી ગઈ હતી.જેની જાણ ભરૂચના નેચર પ્રોટેક્શન ચેરિટેબલ ટ્રસ્ટના જીવદયા પ્રેમીઓ હિરેન શાહ,રમેશ દવે અને યોગેશ મિસ્ત્રીને કરાઈ હતી.જેથી તેઓએ ટીમ સાથે તાત્કાલિક એસપી કચેરી પહોંચી અંદાજીત એક કલાકની ભારે જહેમત બાદ કારમાંથી ત્રણ ફૂટ લાંબા એક બિન ઝેરી સાપનું રેસ્ક્યુ કરીને બહાર કાઢ્યો હતો.તેને સુરક્ષિત જગ્યાએ છોડી મૂકવાની તજવીજ હાથ ધરી છે. સાપ પકડાઈ જતાં ત્યાં હાજર લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

---

### માતા-પિતા પર ઘાતકી હુમલા બાદ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો; માતા-પિતા અને આરોપીની હાલત ગંભીર

# પતિએ પત્ની-બાળકનાં ગળાં કાપી હત્યા કરી

સુરત | સુરતના સરથાણામાં એક દીકરાએ સમગ્ર પરિવાર પર ઘાતકી હુમલો કર્યો છે. સ્મિત જિવાણી નામના યુવકે પત્ની-બાળકનાં ચપ્પાથી ગળાં કાપી હત્યા કરી નાખી તથા માતા-પિતાને પણ ચપ્પાના ઘા માર્યા. આ ઘટનાને અંજામ આપ્યા બાદ તેને પોતે પણ ગળાના ભાગે ચપ્પુ મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. હાલ તો માતા-પિતા અને હુમલો કરનાર સ્મિત હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સરથાણા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડ્યા છે. ઉલ્લેખનીય છે કે પારિવારિક મનદુ:ખના કારણે ઘરમાં ઝઘડો ચાલતો હતો. જેને લઈને આ કરુણ ઘટના બની હોવાનું ચર્ચાઇ રહ્યું છે. પરિવાર મૂળ અમરેલીના સાવરકુંડલાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

ઘટનાના હાલ એક CCTV બહાર આવ્યા છે. જેમાં સ્મિતે પોતાના પરિવાર પર હુમલો કર્યા બાદ લોહીલુહાણ હાલતમાં માતા ઘરની બહાર આવી ગયાં હતાં અને આજુબાજુના લોકોને જાણ કરી હતી. ત્યાર બાદ પિતા પણ ઘરની બહાર લોહીલુહાણ હાલતમાં ઊભા હોય તેવું CCTVમાં દેખાઈ રહ્યું છે.

ACP, વિપુલ પટેલે જાણકારી આપતા જણાવ્યું હતું કે, આજે (27 ડિસેમ્બર) સવારે સરથાણા પોલીસ સ્ટેશન નજીક રાજહંસ સ્વપ્ન સૃષ્ટિ બંગ્લોઝ સોસાયટીમાં સૂર્યા ફ્લેટની અંદર 8માં માળે એક વ્યક્તિએ પોતાને તથા પોતાના પરિવારને ઈજા પહોંચાડી હોવાનો કોલ મળતા તાત્કાલિક સરથાણા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જ્યાં તપાસ કરતા માલૂમ પડ્યુ હતું કે, ઘર નં.804માં રહેતા સ્મિત જીવાણીએ તેના પિતા લાભુભાઈ તથા માતા વિલાસબેન, પત્ની હિરલબેન, પુત્ર ચાહત અને પોતાને પણ ઈજા પહોંચાડી હતી.

જેમાં તેનાં પત્ની અને પુત્રનું મોત નીપજ્યું છે. જ્યારે તેનાં માતા-પિતા અને પોતે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



### પારિવારિક મનદુ:ખને પગલે બનાવને અંજામ આપ્યો

આ અંગે તપાસ કરતા વિગત મળી છે કે, હુમલો કરનારના કાકાનું થોડા દિવસ પહેલાં આકસ્મિક રીતે મૃત્યુ થયું હતું. જેના પગલે રીતરિવાજ મુજબ સ્મિત તેઓના ઘરે બેસવા-ઊઠવા જતો હતો. ત્યારે તેમના કાકાનાં કુટુંબીજનોને અંદરોઅંદર કંઈક મનદુઃખના કારણે તેઓએ સ્મિત અને તેના પરિવારને અમારા ઘરે આવવું નહીં અને તમારા અમારા કોઈ સંબંધ નથી તેમ જણાવ્યું હતું. તેનું લાગી આવતા સ્મિતે આ બનાવને કરુણ અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. સ્મિતની હાલત વધુ ગંભીર હોવાથી તેને અલગ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

### સ્મિતે તેના દીકરા અને પત્નીને ચપ્પુ મારી દીધું હતું

સ્મિતના મિત્ર મોહિત ધોળિયાએ જણાવ્યું હતું કે, અમને સવાર ફોન આવ્યો કે સ્મિતના ઘરે પરિવારને કોઈકે ચપ્પુના ઘા મારી દીધા છે. જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે, સ્મિતે જ આવું કર્યું છે. પહેલા તેના દીકરા અને તેની પત્નીને ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યાં બાદ સ્મિતે તેનાં મમ્મી-પપ્પાને પણ ચપ્પુ માર્યું હતું. જે બાદ પોતે પણ ચપ્પુ મારી પોતાને ઈજા પહોંચાડી હતી. તેમનાં સગાસંબંધી પરિવારમાં કંઈક અણબનાવ થયો હતો અને તેના કારણે સ્મિતે આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. મારા ભાઈ સાથે સ્મિતે કાલે રાત્રે 11:30 વાગતા વ્હોટ્સએપ પર ધંધા બાબતે વાતચીત કરી છેલ્લે OK અને GOOD NIGHTનો મેસેજ કરેલો છે.

---

### રસ્તો ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન...

## ખસ ચોકડીથી ખસ સુધી ડબલ પટ્ટી માર્ગ બનાવવાની તીવ્ર માગ, લોકોએ ટાયર સળગાવીને રામધૂન બોલાવી

(એજન્સી) બોટાદ | તા. 27

બોટાદથી ખસ ગામે જવા માટે સીંગલ પટ્ટી રસ્તો છે જેના કારણે અનેકવાર અકસ્માતો સર્જાયા છે. ખસ ગામના લોકોએ અનેકવાર રજૂઆતો કરેલ છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આખરે ગામલોકોએ રસ્તો ચક્કાજામ કરી વિરોધ કર્યો હતો.

બોટાદ જિલ્લામાં દૈનિક મુસાફરી માટે મહત્વપૂર્ણ ગણાતો બોટાદની ખસ ચોકડીથી રાણપુર તાલુકાના ખસ સુધીનો માર્ગ લાંબા સમયથી સિંગલ પટ્ટી રોડ છે. લોકોની વધતી અવરજવર અને માર્ગની તંગાઈને કારણે આ રસ્તા પર મોટાપાયે અકસ્માતો થઈ રહ્યા છે. માર્ગને ડબલ પટ્ટી બનાવવા માટેની લોક માંગણીઓ આજીવારી બની છે. લોકો દ્વારા આ મુદ્દે



અનેકવાર તંત્રના દરવાજે ખટખટાવ્યું હોવા છતાં કોઈ પગલાં લેવામાં ન આવતા હવે લોકોએ આંદોલનનો માર્ગ પસંદ કર્યો છે.

આ માર્ગ ગામના લોકો માટે માત્ર એક જ મુખ્ય જોડાણ સ્ત્રોત છે, જે રોજગારી, વેપાર, અને શાળાઓ માટે જવાની દિશામાં મહત્વપૂર્ણ છે. ધીરે ધીરે ટ્રાફિકની અવરજવર વધી ગઈ છે અને માર્ગની તંગાઈને કારણે અકસ્માતોની સંખ્યામાં વધારો થયો છે. માર્ગને ડબલ પટ્ટી બનાવવા માટે લોકો તંત્રને અનેકવાર અપીલ કરી ચૂક્યા છે. તેમ છતાં કોઈ પગલાં ન લેવાતા નારાજ લોકોએ આજે રસ્તો રોકી ચક્કાજામ કર્યુ હતું. મોટી સંખ્યામાં લોકો ખસ ચોકડી નજીક એકત્રિત થયા અને રોડ બ્લોક કરી દીધો. લોકો દ્વારા રામધૂન બોલાવી નારા વચ્ચે લોકોએ સરકારના ઉદાસીન વલણ વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો. ટાયર સળગાવી વિરોધ કર્યો જેના કારણે સમગ્ર વિસ્તારને ભારે ટ્રાફિકજામનો સામનો કરવો પડ્યો હતો.

---

### રાજકોટ રૂરલ LCB બ્રાન્ચે પાટીદળ ગામમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

## પાટીદળમાંથી 350 પેટી દારૂ ઝડપાયો

(એજન્સી) ગોંડલ | તા. 27

31 ડિસેમ્બર નજીક આવતાજ મજા માળવાના ફિરાકમાં રહેતા બુટલેગરો અને નશાખોરો સક્રિય બનતા હોય છે અને દારૂની હેરાફેરી શરૂ થતી હોય છે. ત્યારે શિયાળાની કડકડતી ઠંડીની વચ્ચે રાજકોટ રૂરલ LCB બ્રાન્ચે ગોંડલ તાલુકાના પાટીદળ ગામની સિમ વિસ્તારમાંથી 350 પેટીઓ સાથે કુલ રૂ.26 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો.



રલ LCB બ્રાન્ચના PI વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ PSI એચ.સી. ગોહીલ અને સ્ટાફ નાઈટ પેટ્રોલીંગ દરમિયાન એલ.સી.બી. શાખાના પો.હેડ કોન્સ. અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઈ આલ તથા પો.કોન્સ. મહિપાલસિંહ ચુડાસમાની સંયુક્તમાં બાતમીના આધારે ગોંડલ તાલુકાના પાટીદળ ગામમાં હાઈબોન્ડ જવાના રસ્તે 100 વારીયા પ્લોટ વિસ્તારમાં આવેલ પડતર મકાનમાં અજય ઉર્ફે પંકજ જેન્તીભાઈ મકવાણા રહે. પાટીદડવાળાએ વેચાણ અર્થે ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. એ જગ્યા પર દરોડો પાડતા ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની 350 પેટીઓ, 6792 નાની મોટી બોટલો સહિત કુલ 26,03,208/- રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે અજય ઉર્ફે પંકજ જેન્તીભાઈ મકવાણા રહે - પાટીદડ ગામવાળાને પકડવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ કામગીરીમાં રાજકોટ રૂરલ LCBના PI વી.વી.ઓડેદરા PSI એચ.સી.ગોહીલ, કે.એમ.ચાવડા, ASI બાલકૃષ્ણ ત્રીવેદી, અમીતસિંહ જાડેજા, પો.હેડ કોન્સ. અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, રસીક જમોડ, ઘનશ્યામસીંહ જાડેજા, મહિપાલસિંહ ચુડાસમા, ભાવેશ મકવાણા, દિલીપસીંહ જાડેજા, અનીરૂધ્ધસીંહ જાડેજા સહિતની ટીમ આ કામગીરીમાં જોડાઈ હતી.

---

### સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં કરાં પડ્યાં, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં ઓરેન્જ એલર્ટ; મધ્ય ગુજરાતમાં હળવા વરસાદની સંભાવના

# ભરશિયાળે ચોમાસા જેવો માહોલ...

(એજન્સી) ગુજરાત | તા. 27

ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ પર સર્જાયેલી સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભરશિયાળે અષાઢના એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યાં છે. ત્યારે ગતરાત્રિ (26/12/2024)થી જ રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં તો કમોસમી વરસાદની સાથે કરા પણ પડ્યા હતા. જ્યારે અંબાજી, નડિયાદ, અરવલ્લી સહિતના અનેક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગ દ્વારા આજે અને આવતીકાલે, એટલે કે 27 અને 28 ડિસેમ્બર બે દિવસ હજુ પણ રાજ્યમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદના રાઉન્ડની આગાહી કરાઈ છે. ત્યારે આજે (27 ડિસેમ્બર) છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં સાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે બરફના કરા વરસી શકે છે. અહીં વીજળીના ચમકારાનું ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગની સવારે 10 વાગ્યાની આગાહી મુજબ આગામી ત્રણ કલાક એટલે કે બપોરના એક વાગ્યા સુધીમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. આ સાથે જ જે વિસ્તારમાં વરસાદની સંભવાના છે ત્યાં વાદળોની ગર્જના પણ અનુભવાશે અને મધ્યમ ગતિએ પવન ફૂંકાવવાની સંભાવના છે.



### સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં કરાં પડ્યાં

સાબરકાંઠામાં રાત્રિ દરમિયાન ગાજવીજ સાથે વરસાદ નોંધાયો હતો. જ્યારે ખેડબ્રહ્માના દામવાસમાં તો બરફનાં કરાં પડ્યાં હતાં. આઠમાંથી ચાર તાલુકામાં કમોસમી વરસાદ નોંધાતાં વરિયાળી અને બટાકાના પાકને નુકસાન થવાની શક્યતાઓ છે. જ્યારે અરવલ્લીના માલપુર અને મેઘરજમાં પણ રાત્રે કમોસમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉભરાણ, સૂલપાણેશ્વર વિસ્તારમાં ધોધમાર વરસાદ અને ભિલોડા, મોડાસાના ટીંટોઇ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાંપટાં પડ્યાં હતાં. માવઠાના પગલે ઘઉં, ચણા, ઝીરું, બટાકા, રાયડાના પાકમાં નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે.

### બે દિવસ બાદ ફરી ઠંડીનું જોર વધશે

હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાક માટે ગુજરાત રાજ્યમાં વાતાવરણની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી અને નર્મદામાં આગામી 24 કલાક દરમિયાન ગાજવીજ સાથે વરસાદ સહિત કરાની પણ સંભાવના છે. તેનું મુખ્ય કારણ છે કે, હાલમાં દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન ઉપર એક ઈન્ડ્યુસ સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. આ ઉપરાંત પાકિસ્તાનથી લઈને પૂર્વ મધ્ય અરબ સાગર સુધી એક ટ્રફ પણ સર્જાયું છે. જેથી ગુજરાતમાં આગામી 24 કલાક તાપમાનમાં વધારા સાથે વરસાદની સંભાવના છે.

---

### જામનગરમાં ઠંડીનું જોર ઘટ્યું:

## તાપમાનનો પારો ઉંચકાઇને 16.5 ડિગ્રીએ પહોંચ્યો, શીત લહેરનો અનુભવ

(એજન્સી) જામનગર | તા. 27

જામનગરમાં છેલ્લા ચાર દિવસથી તાપમાનનો પારો 5.5 ડિગ્રી જેટલો ઉંચો આવ્યો છે, પણ તેમ છતાં ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. જેથી લોકો



શીત લહેરનો અનુભવ થઈ રહ્યો છે. શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો 16.5 ડિગ્રી પર પહોંચ્યો છે. ઠંડા પવનના કારણે લોકો રાત્રે તેમજ વહેલી સવારે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.જ્યારે બીજી બાજુ તાપમાનનો પારો ઉચકતા ઠંડીનું જોર પણ ઘટ્યું છે. જામનગરમાં તાપમાનનો પારો એકાએક 5.5ડિગ્રી ઊંચો આવ્યો છે. 16.5 ડિગ્રીએ તાપમાનનો પારો પહોંચ્યો છે. મહત્તમ તાપમાન 23.6 ડિગ્રી નોંધાયું છે. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 72% રહ્યું છે અને પવનની ગતિ 6.8 કિમી રહી છે. જેને લઈને શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં લોકોને ગુલાબી ઠંડીથી રાહત મળી છે.

---

## જામનગરમાં 895 લીટર દેશી દારૂ સાથે બે શખ્સોને ઝડપ્યાં

(એજન્સી) જામનગર | તા. 27

જામનગર નજીક આવેલ દરેડ મસીતીયા રોડ પર 895 લીટર દેશી દારૂ સાથે સ્ટેટ મોનીટરિંગ સેલ દ્વારા બે શખ્સોને પકડી પાડવામાં આવ્યાં છે અને ત્રણ શખ્સો ફરાર જાહેર કરવામાં આવ્યાં છે. જ્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ દરેડ મસીતીયા રોડ પર દરોડા પાડતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરેડ ગામ નજીક મસીતિયા રોડ પર પાણીના ટાંકા પાસે આવેલ ભોપાચારસ ની દુકાન પાસે થી દેશી દારૂ 895 લીટર પકડી પાડવામાં આવ્યો છે. દારૂની કિંમત 1.79 લાખ અને ત્રણ વાહનો જેમાં એક મોટર કાર અને ટુ વ્હીલર જેની કિંમત 5,70,000 તેમજ ત્રણ મોબાઈલ જેની કિંમત 15,000 અને રોકડ 2530 રૂપિયા સાથે બે શખ્સોને પકડી પાડવામાં આવ્યાં છે જ્યારે કુલ મળીને 7,66,530 નો મુદ્દામાલ સાથે પકડી પાડી અને સમગ્ર મુદ્દામાલ પંચકોષી બી ડિવિઝનમાં સોપવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને પકડી પાડ્યા છે જેમાં હરદાન લાલો દેસાલભાઈ ગુજારીયા રે. પીપળી તાલુકો લાલપુર જિલ્લો જામનગર ખાતે રહે છે જ્યારે બીજો આરોપી દેવસુરભાઈ આલાભાઈ ઘોડા રે. લાલપુર માર્કેટિંગ યાર્ડ ખાતે રહે છે. સમગ્ર ઝડપાયેલા શખ્સો અને મુદ્દા માલ પંચકોષી બી ડિવિઝન ને સોંપવામાં આવ્યાં છે.

# નડિયાદની નવરંગ સોસાયટીમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

## કૌભાંડમાં સંકળાયેલા મકાન માલિકના મૌનથી સરકારી બાબુઓની પણ સંડોવણીની શક્યતા

## પરવાના વગરના ૭૦થી વધુ ગેસ સિલિન્ડર સિઝ

(એજન્સી) નડિયાદ । તા.27

નડિયાદ શહેરની નવરંગ સોસાયટીના મકાનમાં ઘરેલુંમાંથી કોમર્શિયલમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું છે. પરવાના વગરના કોમર્શિયલ અને ઘરેલું ગેસના ૭૦થી વધુ સિલિન્ડર અને રિફિલિંગની મશીનરી પુરવઠા વિભાગે સિઝ કર્યા છે. ત્યારે કૌભાંડમાં સંકળાયેલો શખ્સના મૌનથી સરકારી બાબુઓની સંડોવણીની શક્યતાઓ વચ્ચે એલસીબીએ પણ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.નડિયાદ શહેરમાં માઈ મંદિર રોડ પર સાવલિયા પમ્પિંગ સ્ટેશન પાસે નવરંગ સોસાયટીમાં ગિરિશ પટેલ ઉર્ફે કિરીટના મકાનમાં પતરાની ઓરડીમાં ગેરકાયદે ગેસ સિલિન્ડરો લાવી ગેરકાયદે પ્રવૃત્તિ કરતો હતો. જ્યાં પોલીસે ગુરૂવારે છાપો મારતા મકાનમાંથી કોમર્સિયલ અને ઘરેલું ગેસના ૭૦થી વધુ સિલિન્ડરો મળી આવ્યા હતા. બાદમાં પોલીસે જાણ કરતા જિલ્લા પુરવઠા વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. સ્થળ પર પહોંચેલા જિલ્લા પુરવઠા અધિકારી અક્ષય પારઘીએ જણાવ્યું કે, આ તમામ એલપીજી ગેસ સિલિન્ડર કોમશયલ અને ઘરેલું છે. ગિરિશ પટેલ ઉર્ફે કિરીટ નામનો શખ્સ કોઈ આધાર પુરાવા રજૂ કરી શક્યો ન હોવથી ગેરકાયદે છે. હાલ તમામ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રથમ એલપીજી ગેસના ૭૦થી વધુ સિલિન્ડરો, રિફિલિંગની મશીનરી સહિતનો જથ્થો સિઝ કરાયો છે. અહીં રિફિલિંગ કરાતું હતું કે કેમ તે તપાસનો વિષય છે. તેમ જણાવ્યું છે. નવરંગ સોસાયટીમાં અંદાજે ૫૦થી વધુ મકાનો આવેલા છે. ત્યાં રહેણાંક મકાનમાં આટલા મોટીમાત્રામાં ગેસના સિલિન્ડરો મળી આવતાં કોઈ જાનહાનિ થાય તો કેટલાય નિર્દોષ લોકોનો ભોગ લેવાત અને જયપુર હાઈવે જેવી દુર્ઘટના સર્જાવાનો ભય હતો.

આ સમગ્ર મામલે હાલ તો આ રિફિલિંગના રેકેટ સાથે સંકળાયેલો ગિરિશ પટેલ ઉર્ફે કિરીટ મગનું નામ મરી પાડવા તૈયાર નથી. ત્યારે આ કૌભાંડમાં સરકારી બાબુઓની પણ સંડોવણીની શક્યતાઓ છે. ત્યારે આ મામલે પુરવઠા વિભાગ સાથે એલસીબી પણ તપાસ કરશે તેવું જાણવા મળ્યું છે.



## નડિયાદના પીપલગ-પીપળાતા રોડ પર

# કારની અડફેટે બાઈક અને ટુવ્હીલર સવાર ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા

(એજન્સી) નડિયાદ । તા.27

નડિયાદની પીપલગ ચોકડીથી પીપળાતા જવાના રોડ પર કારે બાઈક અને ટુવ્હીલરને અડફેટે લીધા હતા. આ રસ્તો છેલ્લા બે વર્ષથી નિર્માણાધીન હોવાથી રસ્તા પર મેટલ અને કપચી પથરાયેલી હતી. પરિણામે નીચે પટકાયેલા ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકોએ કારચાલકને મેથીપાક ચખાડયો હતો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડયાં હતાં. જ્યારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ઘટનાસ્થળે પહોંચી ફરિયાદની તજવીજ હાથ ધરી છે. નડિયાદની પીપલગ ચોકડીથી પીપળાતા જવાના રોડ પર પુરઝડપે આવેલા કારના ચાલકે એક બાઈક અને એક્ટિવાને અડફેટે લીધી હતી. અકસ્માતમાં બાઈક અને ટુવ્હીલર ઉપર સવાર લોકો નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. નોંધનીય છે કે, આ રોડની કામગીરી છેલ્લા બે વર્ષથી ગોકળગતિએ ચાલી રહી છે. માર્ગ અને મકાન (સ્ટેટ) અને કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે હજૂ સુધી રોડની કામગીરી અદ્ધરતાલ હોવાના આક્ષેપ સ્થાનિકોએ લગાવ્યા છે. રોડ પર મેટલ અને કપચી પથરાયેલી હોવાથી ચાર વ્યક્તિઓને પટકાતા ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિકો દોડી આવ્યા હતા અને કારચાલક યુવકને પકડીને મેથીપાક ચખાડયો હતો. તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા એમ્બ્યુલન્સો પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. ચાર પૈકી ત્રણ ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર મામલે નડિયાદ ગ્રામ્ય પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. બેફામ બનેલા વાહનચાલકો તથા માર્ગ અને મકાન વિભાગની બેદરકારીના કારણે અકસ્માતો સર્જાતા સ્થાનિકો સહિત વાહનચાલકોમાં રોષ જોવા મળ્યો હતો.



# કુંભારવાડા વિસ્તારમાં 16 કનેક્શનમાં રૂ.9.30 લાખની વીજચોરી ઝડપાઈ

## પીજીવીસીએલ દ્વારા વહેલી સવારે વીજ ચેકિંગ હાથ ધરાયું

(એજન્સી) ભાવનગર । તા.27

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આજે વહેલી સવારે પીજીવીસીએલની પાંચ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પીજીવીસીએલનું કુલ પાંચ ટીમો દ્વારા ૧૫૦થી વધારે કનેક્શન તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૧૬ કનેક્શનમાં રૂ.૯.૩૦ લાખની વીજચોરી ઝડપાઈ હતી. ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આજે વહેલી સવારે ૭ કલાકના અરસામાં પીજીવીસીએલની અલગ-અલગ પાંચ ટીમો દ્વારા કુંભારવાડાના અલગ-અલગ વિસ્તારોમાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યં, હતું. વીજ કંપનીની પાંચેય ટીમો દ્વારા સૌથી વધારે વીજલોસ ધરાવતા સીટી-૧ હેઠળ આવતા ૧૧ કેવી કુંભારવાડા ફીડર, ૧૧ કેવી ગોપાલ ફીડર અને ૧૧ કેવી માઢીયા ફીડર હેઠળ આવતા ૧૫૦થી વધારે વીજ કનેક્શન ચેકિંગ કરવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૧૬ વીજ કનેક્શનમાં વીજચોરી માલુમ પડતા કુલ રૂ.૯.૩૦ લાખની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. વહેલી સવારે ૭ કલાકથી બપોરે ૧૧ કલાક સુધી વીજ ચેકિંગ કામગીરી ચાલી હોવાનું જાણવા મળ્યું છે.

## મમતા 'દીદી' ને સલાહ આપનારા

# ગુજરાત ભાજપના નેતાઓના મોઢે આદિવાસી દીકરી પર દુષ્કર્મ મામલે તાળાં



(એજન્સી) ભાવનગર । તા.27

ગુજરાતમાં દિકરી-મહિલાઓ અડધી રાત્રે પણ બિન્દાસ થઈને ફરી શકે છે તેવા દાવા કરવામાં આવી રહ્યાં છે. ત્યારે શાંત-સલામત ગુજરાતમાં નરાધમો દિકરી-મહિલાઓને નિશાન બનાવી રહ્યાં છે. દિવસે દિવસે બળાત્કારની ઘટનાઓમાં વધારો થઇ રહ્યો છે. કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો તેવા તકીયા કલામ સાથે ગૃહમંત્રી બણગાં મારી રહ્યાં છે પણ વાસ્તવિકતાએ છે કે, રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતી જાણે કથળી રહી છે તેવુ ગુજરાતની જનતા અહેસાસ કરી રહી છે. કોલકત્તામાં બળાત્કારની ઘટના થઇ ત્યારે મમતા દીદીને સલાહ આપી ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને ચિંતા વ્યક્ત કરી હતી. પણ ગુજરાતમાં ઝઘડિયામાં એક માસુમ બાળકી પર બળાત્કાર ગુજારી જઘન્ય કૃત્ય આચરવામાં આવ્યું ત્યારે સંવેદનનો એક હરફ ઉચ્ચારવામાં આવ્યો નહી. આ મામલે મુખ્યમંત્રીથી માંડીને ભાજપના બધાય નેતાઓના હોઠ સિવાઇ ગયા હતાં. આ બેધારી નીતિને કારણે ચારેકોર ટીકા થઇ રહી છે. ગુજરાતમાં દિકરી-મહિલાઓ સલામત નથી તેવી પરિસ્થિતી પરિણમી છે તેમ છતાંય સરકાર-ગૃહવિભાગના પેટનું પાણી હાલતુ નથી. સ્થિતી એટલી હદે કથળી છેકે, ગુજરાતમાં છેલ્લાં એક જ વર્ષમાં 648 દિકરી-મહિલાઓ બળાત્કારનો ભોગ બની છે. આમ છતાંય સરકાર સલામત ગુજરાતની દુહાઇ આપી રહી છે. ઝઘડિયામાં એક માસુમ દિકરી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો જેણે હોસ્પિટલના બિછાને જ આખરી શ્વાસ લીધો હતો. આ ઘટનાએ ગુજરાતના કાયદા વ્યવસ્થા સામે સવાલો ઉભા કર્યાં છે ત્યારે ગુજરાતના જુદા જુદા શહેરોમાં રેલીઓ યોજાઇ રહી છે અને આરોપીને કડકમાં કડક શિક્ષા કરવા માંગ ઉઠી છે. દરમિયાન, કાંકરિયા કાર્નિવલ વખતે મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં કાર્યકરોએ ઝઘડિયા બળાત્કાર કાંડના આરોપીને ફાંસી આપો તેવી માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતાં જેના પગલે વિરોધ પ્રદર્શન કરતાં લોકોની પોલીસે અટકાયત કરી હતી. બધાય કાર્યકરોને મણિનગર પોલીસ સ્ટેશને લઇ જવાયા હતાં. વિરોધ કરનારાઓનું કહેવુ છે કે, બળાત્કારની ઘટનામાં વધારો થઇ રહ્યો છે. એટલુ જ નહીં, દિકરી-મહિલાઓ અસલામતી અનુભવી રહી છે તેમ છતાં સરકારને કઇં પડી નથી.

### મુખ્યમંત્રીએ ટ્વિટ કરી મમતા દીદીને શું સલાહ આપી હતી?

પશ્ચિમ બંગાળમાં બળાત્કારની ઘટના બનતાં મુખ્યમંત્રીએ ટ્વિટ કરી મમતા બેનરજીને સલાહ આપી હતી કે, મમતા દીદી, અમારે શબ્દોની નહી,કાર્યવાહીની જરુર છે. પોસ્કો જેવા મજબૂત કાયદા અમલમાં છે પણ તેનો પ્રભાવ સ્થાનિક પોલીસની નિષ્પક્ષ કાર્યવાહી પર નિર્ભર છે. તપાસથી માંડીને સજા સુધી સમય પર ન્યાય મહત્વપૂર્ણ છે. મહિલાઓની સુરક્ષા એક મૌલિક માનવ અધિકાર છે. આ કોઇ રાજનીતિક મુદ્દો નથી. આપણે પારદર્શિતા અને સામૂહિક જવાબદારી સાથે કામ કરવુ જોઇએ. આપણે નક્કી કરવુ પડશે કે, આપણી દિકરી-બહેનો વિના ડરથી રહી શકે .હવે બહુ મોડુ કર્યા વિના,બહાનાબાજી કર્યા વિના ત્વરિત કાર્યવાહી થવી જોઇએ.

### પાંચ વર્ષમાં બળાત્કારની 2766 ઘટના

ગુજરાતમાં છેડતી-બળાત્કારની ઘટનાઓમાં દિનેદિને વધારો થઇ રહ્યો છે. કાયદાનો જાણે કોઇને ડર રહ્યો ન હોય તેવી સ્થિતી પરણિમી છે ત્યારે ગુજરાતમાં દિકરી-મહિલાઓ અસલામતી અનુભવી રહી છે. સલામત ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં જ બળાત્કારની કુલ મળીને 2766 ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઇ છે. રાજ્ય સરકાર સલામત ગુજરાતની ભલે ડીંગો હાંકે પણ વાસ્તવિકતા એ છે કે, ગુજરાત વર્ષે દહાડે સરેરાશ 500થી વધુ બળાત્કારની ઘટના બની રહી છે.

# વડવા વાસણઘાટ વિસ્તારમાં ઘર સળગાવનારા પાંચ સામે ફરિયાદ

## કબ્રસ્તાનની બહાર કાઢતા તેની અદાવતે ધાકધમકી આપી

(એજન્સી) ભાવનગર । તા.27

વડવા વાસણઘાટ વિસ્તારમાં આવેલા કબ્રસ્તાનની ઓરડી સળગાવવાના બનાવમાં પાંચ શખ્સો સામે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. ભાવનગર શહેરના વડવા ઈસ્માઈલ ખોજા કબ્રસ્તાન વાસણઘાટ વિસ્તારમાં રહેતા શહેનાઝબાનુ ઝાકીરભાઈ ઝલાલીએ નિલમબાગ પોલીસ મથકમાં અયાન યુનુસખાન પઠાણ, યુસુફ પઠાણ, પરવેઝ નુરાની, સાદ અને દાનિશ હબીબાણી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, આજથી ૬ માસ પહેલા ઉક્ત અયાન કોઈને લઈને કબ્રસ્તાનમાં અસામાજીક પ્રવૃત્તિ માટે લાવ્યો હતો જેને તેમના પતિએ બહાર કાઢતા તેની અદાવતે ગત તા.૨૧ ડિસેમ્બરના રાત્રિના ૯ કલાકના અરસામાં આંબાચોક પાસે તેમના પતિ અને પુત્ર સાથે ઝઘડો કરી રાત્રિના ૧૦ કલાકે તેમના ઘરે વડવા વાસણઘાટ ઈસ્માઈલ ખોજા કબ્રસ્તાન ખાતે ઉક્ત લોકો તલવાર તથા જ્વલંતશીલ પ્રવાહી લઈને આવી જાનથી મારી નાખવાની ધમકી આપી, ઘરમાં તોડફોડ કરી ઘરમાં જ્વલંકશીલ પ્રવાહી છાંટી સળગાવેલી સિગરેટ તેમના ઘરમાં નાખી આગ લગાવી દીધી હતી.

## પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૫૬ આસામી ઝડપાયા

# મનપાની ટીમે પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ચેકીંગ કરતા વેપારીઓનો હોબાળો

(એજન્સી) ભાવનગર । તા.27

પ્રતિબંધીત પ્લાસ્ટીક મામલે તપાસ કરી વેપારીઓ પાસેથી દંડ પણ લેવામાં આવે છે છતાં કેટલાક વેપારીઓ પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ કરી રહ્યા છે. આજે ગુરૂવારે ભાવનગર મહાપાલિકાના સોલિડ વેસ્ટ વિભાગની ટીમે તપાસ કરી પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા કેટલાક વેપારીઓને ઝડપી દંડ વસુલ્યો હતો તેથી વેપારીઓએ હોબાળો મચાવ્યો હતો અને મનપાની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. આ ઉપરાંત ગંદકી ફેલાવતા આસામીઓ પાસેથી પણ દંડ લેવાયો હતો. ભાવનગર શહેરમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનો વપરાશ ઘટે તે માટે ભાવનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આજે ગુરૂવારે શહેરના વિવિધ વોર્ડમાં સઘન ડ્રાઈવનું આયોજન કરી પ્રતિબંધીક પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા કુલ ૫૬ આસામી પાસેથી અંદાજીત ૪૧.૭૫૦ કિલોગ્રામ પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કરીને કુલ રૂ. ૩૩,૨૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

## વાડીમાં વિદેશી દારૂ ઉતાર્યો હતો, બે સામે ગુનો નોંધાયો

# કપાસના વાવેતરમાં છૂપાવેલી દારૂની 372 બોટલ ઝડપાઈ

(એજન્સી) ભાવનગર । તા.27

ગારિયાધાર તાલુકાના પરવડી ગામના બાબુભાઈ મકાભાઈ ખેનીની મથક સીમ વિસ્તાર નામની વાડીએ ભાગવું રાખીને રહેતા રેમત કેમાભાઈ ડુભીલ તથા દિનેશ માવસિંગભાઈ ડુભીલએ ભાગવી રાખેલી વાડીમાં ભારતીય બનાવટનો દારૂ રાખ્યો હોવાની બાતમીના આધારે લોકલ ક્રાઈમબ્રાંચે ગત મોડી રાત્રે રેઈડ કરતા દિનેશ ડુભીલ નામનો શખ્સ વાડીમાં હાજર મળી આવ્યો હતો અને એલસીબીની ટીમે વાડીમાં તપાસ કરતા કપાસના વાવેતરમાં છૂપાવેલા કુલ ૩૭૨ નંગ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બિયરના ટીન મળી આવ્યા હતા. જે અંગે ત્યાં હાજર શખ્સની પુછપરછ કરતા આ જથ્થો તેના ભાગીદાર રેમત ડુભીલે મંગાવેલો હોવાનું જણાવતા એલસીબીએ કુલ રૂ.૪૩,૯૨૦ની કિંમતના પ્રોહિ. મુદ્દામાલ સાથે દિનેશ માવસિંગભાઈ ડુભીલને ઝડપી લઈ ગારિયાધાર પોલીસ મથકમાં દિનેશ માવસિંગભાઈ ડુભીલ અને રેમત કેમાભાઈ ડુભીલ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મુંદરામાં પ્રાગપર ચોકડી નજીક ટાયર ફાટવાથી ગેસના ખાલી બાટલા ભરેલી ટ્રક આગમાં સળગીને ખાખ

(એજન્સી) મુંદરા । તા.27

મુંદરાના પ્રાગપર ચોકડી થી અદાણી પોર્ટ તરફના માર્ગે આજે બપોરે ગેસના ખાલી બાટલા સાથેની ગાડીમાં આગ ભભૂકી હતી. ટ્રક પલટી ખાઈ ગઈ હતી જોકે ગાડીનો ડ્રાઈવર સમય સૂચકતાથી બચી ગયો હતો. મોડી સાંજ સુધી પ્રાગપર રોડથી મુંદરા શક્તિ નગર સુધી વાહનોના થપ્પા લાગ્યા હતા. જાણવા મળ્યા મુજબ અદાણી વિલમાર માંથી હાઈડ્રોજનના બાટલા લઈ જતી ટ્રકનું ટાયર પીછલતા ગાડી પલ્ટી જતા ગાડીમાં આગ બબુકી ઉઠી હતી. અને હાઇડ્રોજનના ખાલી બાટલા વેર વિખેર થઈ ગયા હતા. પ્રાગપર પોલીસ મથક ના પી આઈ હાર્દિકભાઈ ત્રિવેદી અને પોલીસ સ્ટાફ એ વાહન વ્યવહારને કંટ્રોલમાં કર્યો હતો.



સતત વાહનો ની અવરજવર થી ધમધમતો આ માર્ગ આ બનાવના કારણે થોડા સમય માટે સૂમસામ ભાસતો હતો. અદાણી ફાયર ફાઈટર અને જિંદાલ કંપની ના ફાયર ફાઈટર એ સ્થળ પર આવી આગને કાબૂ માં લેવાની કામગીરી હાથ ધરી હતી. જોક આ બનાવ માં કોઈ જાન હાનિ થઈ ન હતી. લોકોમાં થતી ચર્ચા મુજબ અદાણી પોર્ટ ઉપર અનેક કેમિકલોના ટેંકો આવેલ છે જે ખૂબ જવલનશીલ પદાર્થ હોતા તેની સાવચેતી જરૂરી છે. જો કોઈ બેદરકારીથી કાંઈ નુકસાન થાય તો મુંદરા પોર્ટ ઉપરાંત આજુબાજુના કિલોમીટરમાં ખૂબ જ નુકસાન થઈ શકે જેથી આવા સંવેદનશીલ વિસ્તારોમાં ખૂબ જ સિક્યુરિટી સાથે સલામતી જરૂરી છે.

### ભચાઉનાં શખ્સે વ્યાજે રૂપિયાની ઉઘરાણી કરી ધમકી આપતાં પોલીસ ફરિયાદ

(એજન્સી) ગાંધીધામ । તા.27

ભચાઉમાં રહેતી મહિલાએ સારવાર અર્થે રૂપિયાની જરૂરત પડતા ભચાઉમાં જ રહેતા શખ્સ પાસે પોતાના સોના - ચાંદીનાં દાગીના ગીરવે રાખી ૫૦ હજાર રૂપિયા ૧૦ ટકાનાં વ્યાજ પર રૂપિયા લીધા હતા. જેમાં મહિલાએ એક વર્ષ દરમિયાન વ્યાજ પેટે ૪૮ હજાર રૂપિયા ચૂકવી આપ્યા છતાં વ્યાજખોરે દાગીનાનાં બદલે ૫૦ હજાર મૂડી અને વધુ ૫૦ હજાર રૂપિયા વ્યાજની માંગણી કરી હતી અને મહિલા અને તેના પરિવારને મારી નાખવાની ધમકી આપતા શખ્સ વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે. ભચાઉનાં સિતારામપુરામાં રહેતા હીરુબેન નટુભાઈ લુહારે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, ફરિયાદીને હોસ્પિટલમાં સારવાર અર્થે રૂપિયાની જરૂરત પડતા ફરિયાદીએ એક વર્ષ પહેલા તેમના વિસ્તારમાં જ રહેતા ભચુભાઈ ખલીફા પાસે પોતાના સોના - ચાંદીનાં દાગીના ૫૦ હજાર રૂપિયામાં ગીરવે મૂકી ૧૦ ટકા વ્યાજ પર રૂપિયા લીધા હતા.

# રાજ્ય ધોરીમાર્ગ સહિતના રસ્તાઓ પરના ગેરકાયદે દબાણ હટાવવા આદેશ

## બોટાદની માર્ગ-મકાન પેટા વિભાગ કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા

(એજન્સી) બોટાદ । તા.27

બોટાદ ખાતે આવેલી માર્ગ અને મકાન પેટા વિભાગ કચેરીના હસ્તકના બોટાદ તાલુકા સેકશન હેઠળ આવેલ સ્ટેટ હાઈ-વે, મુખ્ય જિલ્લા રોડ તથા વિલેજ રોડને લગત ગેરકાયદે ખડકાયેલા દબાણો દૂર કરવા માટે માર્ગ અને મકાન પેટા વિભાગ દ્વારા દબાણકર્તાઓને આદેશ કરવામાં આવ્યો છે. આ માટે દબાણકર્તાઓને ૭ દિવસનો સમય અપાયો છે. સમયમર્યાદા પૂર્ણ થયા બાદ માર્ગ અને મકાન પેટા વિભાગ દ્વારા દૂર કરવામાં આવશે.

આ અંગેની વિગતમાં સ્ટેટ હાઈ-વે, મુખ્ય જિલ્લા રોડ તથા વિલેજ રોડની બાજુની જમીન એટલે કે રાઈટ ઓફ વે (આર.ઓ.ડબલ્યુ.) અલગ-અલગ હોય છે. જેમાં સ્ટેટ હાઈવે રોડની કુલ આર.ઓ.ડબલ્યુ. ૩૦ મીટર, મુખ્ય જિલ્લા રોડની કુલ આર.ઓ.ડબલ્યુ. ૨૪ મીટર તથા વિલેજ રોડની કુલ આર.ઓ.ડબલ્યુ. ૧૨ મીટર છે. તેમજ સરકાર દ્વારા થયેલ જમીન સંપાદન મુજબ જે-તે લગત સ્થળોએ આર.ઓ.ડબલ્યુ.ની પહોળાઈમાં વધારો થવા પામેલ છે. જે મુજબ રસ્તાની માલિકીની જમીનની હદમાં જે-તે લગત બાંધકામો/શેડ/ દુકાનો/ મકાનો/ તાર ફેન્સીન્ગ તથા અન્ય લગત તમામ દબાણો કચેરીની પૂર્વ મંજુરી લીધા વગર કરવામાં આવેલ છે. તેવા તમામ પ્રકારના દબાણો કચેરીના લગત રસ્તાની હદમાં (લગત રસ્તાની મધ્ય રેખાથી બંને બાજુ) આવતા દબાણને આગામી દિન ૭માં સ્વ-ખર્ચે અને જોખમે દૂર કરવાના રહેશે, અન્યથા જો આમ કરવામાં કસૂરવાર ઠરશો તો દબાણ કચેરી દ્વારા તથા સરકારના અન્ય વિભાગ મારફત દબાણકર્તાના ખર્ચે અને જોખમે સ્થળ પરથી જે-તે સ્થિતિમાં સમયમર્યાદા પૂર્ણ થયા બાદ આગામી સમયમાં દૂર કરવામાં આવશે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ)**
આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે.

**મિથુન (ક,છ,ઘ)**
ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે તકલીફ પણ જરૂરી છે. આજે તમારે ફક્ત તમારી અંદર જોવા ની જરૂર છે.

**કર્ક (ડ,હ)**
તમને નિર્ભેળ આનંદ મળશે-કેમ કે તમે જીવનને માણવાનો નિશ્ચય કર્યો છે. વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.

**સિંહ (મ,ટ)**
માંદગીમાંથી સાજા થવાની શક્યતા, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે ટેક્સ ચોરી કરે છે તે મુશ્કેલીમાં ફસાઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ)**
તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સાબિત થશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.

**તુલા (ર,ત)**
મોટી ઉંમરના લોકોએ સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.

**વૃશ્ચિક (ન,ય)**
ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**ધન (ભ,ધ,ફ)**
આજે તમે લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો.

**મકર (ખ,જ)**
મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે.

**કુંભ (ગ,શ,સ)**
આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે.

# ડોલર સામે રૂપિયો કડડભૂસ, આજે ફરી રેકોર્ડ તળિયે



(એજન્સી) મુંબઈ | તા 27

ડોલર સામે ભારતીય રૂપિયો સતત તૂટી રહ્યો છે. આજે ફરી 85.85ના રેકોર્ડ તળિયે પહોંચ્યો હતો. નોન ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટમાં ડોલરની મજબૂત માગના કારણે રૂપિયો સહિત અન્ય દેશોની કરન્સી પણ તૂટી છે. ડોલરની મજબૂતીને જોતાં રૂપિયો ટૂંકસમયમાં 86નું લેવલ ક્રોસ કરી 86.20 સુધી તૂટવાનો અંદાજ કરન્સી નિષ્ણાતો આપી રહ્યા છે. 2024માં ડોલર સામે રૂપિયો 3 ટકા તૂટ્યો છે. છેલ્લા સાત વર્ષથી ડોલર સામે રૂપિયો સતત નબળો બન્યો છે. તેમાં પણ છેલ્લા બે વર્ષમાં મોટો કડાકો જોવા મળ્યો છે. અમેરિકાના ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દર મામલે આપવામાં આવેલા નિવેદનથી ડોલર ઈન્ડેક્સ મજબૂત બન્યો છે. ફેડ રિઝર્વે ડિસેમ્બરમાં એક અને આગામી વર્ષે બે વખત વ્યાજના દરો ઘટાડવાની જાહેરાત કરી છે. તેમજ ટ્રમ્પ સત્તા પર આવતા જ ફુગાવા તરફી નિર્ણયો જાહેર થવાની શક્યતાઓ સાથે ડોલર ઈન્ડેક્સ મજબૂત બન્યો છે. દેશની રાજકોષીય ખાધ નવેમ્બરમાં 37.8 અબજ ડોલરની રેકોર્ડ ટોચે નોંધાયા બાદ ડોલર સામે રૂપિયો કડડભૂસ થયો છે. અન્ય એશિયન કરન્સી કરતાં ઓછુ નુકસાન ચાલુ નાણકીય વર્ષમાં એપ્રિલ, 2024થી ડોલર સામે રૂપિયો 1.2 ટકા તૂટ્યો છે. જ્યારે સાઉથ કોરિયન વોન અને બ્રાઝિલિયન રિયલ ડોલર સામે ક્રમશઃ 2.2 ટકા અને 12.7 ટકા તૂટ્યો છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસમાં વૃદ્ધિના કારણે ડોલર જેવી મજબૂત કરન્સી તરફ રોકાણકારો ડાયવર્ટ થયા છે. આજે ડોલર સામે જાપાનની યેન 0.22 ટકા તૂટ્યો છે. ડોલર સામે રૂપિયો નબળો પડતાં નિકાસ કરતાં વેપારીઓના માર્જિનમાં વધારો થશે. તેમાં ડોલરમાં કમાણી કરતી આઈટી અને ફાર્મા કંપનીઓને સૌથી વધુ લાભ થશે. જો કે, બીજી તરફ આયાતો મોંઘી થશે. 80 ટકા ક્રૂડ પર નિર્ભર ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ વધશે.

# ફોરેક્સ રિઝર્વમાં સોનાનો હિસ્સો વધી 10 ટકાને પાર

## વૈશ્વિક સ્તરે ભૌગોલિક રાજકીય તાણને પગલે રિઝર્વ બેન્ક દ્વારા સોનુ ખરીદવાનો વ્યૂહ

(એજન્સી) મુંબઈ | તા 27



૨૦૨૪ના વર્ષમાં દેશના એકંદર ફોરેક્સ રિઝર્વમાં ટોચેથી ઘટાડો જોવા મળ્યો છે જ્યારે બીજી તરફ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગોલ્ડ રિઝર્વમાં વધારો થયાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. અમેરિકન ડોલર સામે રૂપિયામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે ત્યારે વર્તમાન વર્ષના નવેમ્બરમાં સતત ૧૧માં મહિને રિઝર્વ બેન્ક દ્વારા સોનાની ખરીદી જળવાઈ રહી હતી. સોનાની સતત ખરીદીને પગલે એકંદર રિઝર્વમાં ગોલ્ડ રિઝર્વનો હિસ્સો વધી ૧૦ ટકાને પાર કરી ગયો છે. ૧૩ ડિસેમ્બરના અંતે ફોરેક્સ રિઝર્વનો આંક ૬૫૨.૮૬ અબજ ડોલર રહ્યો હતો જેમાં ગોલ્ડ રિઝર્વનો આંક ૬૮.૦૫ અબજ ડોલર રહ્યો હતો. જે કુલ રિઝર્વના ૧૦.૪૨ ટકા જેટલો થવા જાય છે. વર્તમાન વર્ષમાં દેશનું ફોરેક્સ રિઝર્વ ૭૦૫ અબજ ડોલરની નવી ટોચે જોવા મળ્યું હતું. એકવર્ષ પહેલા એકંદર રિઝર્વમાં ગોલ્ડ રિઝર્વનો હિસ્સો ૭.૮૦ ટકા હતો. વર્તમાન વર્ષના નવેમ્બરમાં રિઝર્વ બેન્ક પાસે ગોલ્ડ રિઝર્વનો કુલ આંક વધી ૮૭૬.૧૮ ટન રહ્યો હતો. જે ગયા વર્ષની સરખામણીએ ૯ ટકા વધુ છે. ૧લી ડિસેમ્બર, ૨૦૨૩ના રિઝર્વ બેન્ક પાસે ૮૦૩.૫૮ ટન ગોલ્ડ જમા પડયું હતું. વર્તમાન વર્ષમાં રિઝર્વ બેન્કે કુલ ૭૨.૬૦ ટન ગોલ્ડની ખરીદી કરી છે. ૨૦૨૩માં રિઝર્વ બેન્કે ૧૬ ટન ગોલ્ડ ખરીદ કર્યું હતું.રાજકીયભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી કોઈપણ નાણાંકીય કટોકટી સામે અર્થતંત્રને ટકાવી રાખવા રિઝર્વ બેન્કે ગોલ્ડ રિઝર્વમાં વધારો કરતા રહેવાનો વ્યૂહ અપનાવ્યો હોવાનું જાણકારો માની રહ્યા છે. એકંદર ફોરેક્સ રિઝર્વમાં ગોલ્ડ રિઝર્વ વધારી રિઝર્વના ઘટકોને મજબૂત બનાવવાનો પણ હેતુ રહેલો છે. અત્રે ઉલ્લેખનિય છે કે ડોલર સામે રૂપિયાના ઘસારાને અટકાવવા રિઝર્વ બેન્કે ડોલરની સતત વેચવાલી કરવાની ફરજ પડી રહી છે. આવી સ્થિતિમાં હેજિંગ તરીકે પણ ગોલ્ડની ખરીદી કરવામાં આવી રહી છે.

## બ્રાઈટ આઉટડોર મીડિયાને વેસ્ટર્ન રેલ્વેઝ બલ્ક એડવર્ટાઈઝિંગનો

# 60 કરોડ રૂપિયાના મૂલ્યનો કોન્ટ્રાક્ટ મળ્યો

(એજન્સી) મુંબઈ | તા 27

બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડ, (BSE - 543831), ભારતના આઉટ-ઓફ-હોમ (OOH) એડવર્ટાઈઝમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણીએ પ્રતિષ્ઠિત 'વેસ્ટર્ન રેલ્વેઝ - બલ્ક એડવર્ટાઈઝિંગ રાઈટ્સ' કોન્ટ્રાક્ટ મેળવીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. 60 કરોડના મૂલ્યના આ સાત વર્ષના કોન્ટ્રાક્ટથી બ્રાઈટને મુંબઈના પશ્ચિમી ઉપનગરોમાં 17,555 ચોરસ ફૂટ પ્રાઈમ એડવર્ટાઈઝિંગ રિયલ એસ્ટેટ વિકસાવવા માટેના વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત થશે.




આ ઐતિહાસિક કોન્ટ્રાક્ટ બ્રાઈટને 11 પ્રીમિયર સાઈટ્સ પર ચાર અદ્યતન ડિજિટલ એલઈડી ડિસ્પ્લે અને સાત ફ્રન્ટ-લાઈટ સ્ટેટિક હોર્ડિંગ્સ સહિત અદ્યતન હોર્ડિંગ્સ સ્થાપિત કરવા સક્ષમ બનાવે છે. કાંદિવલી આરઓબી, ગોરેગાંવ આરઓબી અને મૃણાલ તાઈ ગોરે ફ્લાયઓવર જેવા ઉચ્ચ ટ્રાફિકવાળા વિસ્તારોમાં વ્યૂહાત્મક રીતે સ્થિત આ સ્થળો મુંબઈના સમૃદ્ધ ઉપનગરીય બજારોમાં અપ્રતિમ દૃશ્યતા પ્રદાન કરે છે.

આ મુખ્ય સ્થાનો પર પ્રસિદ્ધ બ્રાન્ડ્સની જાહેરાતો સાથે બ્રાઈટ આઉટડોર મીડિયાએ પહેલાથી જ હોર્ડિંગ સ્પેસનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. અદ્યતન ડિજિટલ એલઈડી ડિસ્પ્લે અને વ્યૂહાત્મક રીતે મૂકવામાં આવેલા સ્ટેટિક હોર્ડિંગ્સ ઉચ્ચ અસરની દૃશ્યતા પ્રદાન કરે છે, જે મુસાફરો અને રહેવાસીઓનું ધ્યાન આકર્ષિત કરે છે. પાર્લાથી કાંદિવલી સુધી વિસ્તરેલા મુંબઈના ઉપનગરોમાં ઝડપી વૃદ્ધિ થઈ રહી છે અને આરઓબી હોર્ડિંગ્સની માંગમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. આ વૃદ્ધિ વધતી જતી વસ્તી, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સની ઉપસ્થિતિ, લક્ઝરી રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ્સ અને ઉચ્ચ નિકાલજોગ આવક સાથે સમૃદ્ધ વસ્તી દ્વારા પ્રેરિત છે, જેણે આ ક્ષેત્રને અત્યંત આકર્ષક જાહેરાત કેન્દ્ર તરીકે સ્થાન અપાવ્યું છે. બ્રાઈટે મેળવેલા નવા સ્થળ આ ટ્રેન્ડનો લાભ ઉઠાવવા માટે સારી સ્થિતિમાં છે, જે તેની આવકની સંભાવનાને વધુ વેગ આપશે. ભારતીય રેલ્વે સાથેની આ ભાગીદારી મુંબઈના એડવર્ટાઈઝિંગ લેન્ડસ્કેપને પુનઃવ્યાખ્યાયિત કરવા માટેના બ્રાઈટની સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેએડવર્ટાઈઝર્સને શ્રેષ્ઠતા, નવીનતા અને મૂલ્ય પહોંચાડવા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

# બેન્કો સાથે 6 મહિનામાં 21267 કરોડની છેતરપિંડી

(એજન્સી) મુંબઈ | તા 27




બેન્ક સાથે છેતરપિંડીઓના કિસ્સાની સંખ્યા એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળામાં વધીને 18461 થઈ છે અગાઉના વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ વર્ષ 2024ના એપ્રિલથી સપ્ટેમ્બર મહિના સુધીમાં બેન્ક ફ્રોડની રકમ આઠ ગણાથી વધીને રૂ.21367 કરોડ થઈ છે તેવું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનો એક રિપોર્ટ જણાવે છે. આરબીઆઈએ ગુરૂવારે જાહેર કરેલો ટ્રેન્ડ એન્ડ પ્રોગેસ ઓફ બેન્કિંગ ઈન ઈન્ડિયા (ભારતમાં બેંકિંગ ક્ષેત્રે પ્રવાહો અને પ્રગતિ) રિપોર્ટ વર્ષ 2023-24 અને 2024-25ના પ્રથમ 6 મહિનામાં કમર્શિયલ બેન્કો, સહકારી બેન્કો અને નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ ઈન્સ્ટીટયુટન્સના કામકાજને આવરી લેવામાં આવ્યું છે. વર્ષ 2024ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમ્યાન રૂ.21367 કરોડ રૂપિયાની રકમને સામેલ કરતા 18461 ફ્રોડસ થયા હતા` વર્ષ 2023ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન રૂ.2623 કરોડની રકમને સમાવતા 14480 કેસ નોંધાયા હતા. બેન્કો સાથે છેતરપિંડીથી બેન્કિંગ સિસ્ટમની પ્રતિષ્ઠા તથા બેન્કના સંચાલનમાં અને બેન્કોના બિઝનેસમાં જોખમ ઊભું થતું હોય છે અને ગ્રાહકોનો ભરોસો ઘટી જવાથી સમગ્ર તંત્રની સ્થિરતા જોખમમાં મુકાવાની સંભાવના ઊભી થઈ શકે છે. જો કે સમગ્ર વર્ષ 2023-24માં બેન્કો સાથેની છેતરપિંડીની રકમ ઓછામાં ઓછી હતી અને સરેરાશ રકમ ૧૬ વર્ષમાં સૌથી ઓછી હતી. વર્ષ 2023-24ના કુલ રકમની સરખામણીમાં ઈન્ટરનેટ અને કાર્ડ દ્વારાથયેલી છેતરપિંડીનો હિસ્સો રકમની દ્રષ્ટિએ 44.7 ટકા અને કેસોની સંખ્યાની દ્રષ્ટિએ કુલ સંખ્યામાં ઈન્ટરનેટ અને કાર્ડ દ્વારા થયેલી છેતરપિંડીનો હિસ્સો રકમની દ્રષ્ટિએ 44.7 ટકા અને કેસોની સંખ્યાની દ્રષ્ટિકુલ સંખ્યામાં ઈન્ટરનેટ અને કાર્ડ ફ્રોડસનો હિસ્સો 85.3 ટકા હતો. ખાનગી ક્ષેત્રની બેન્કોના ફ્રોડ કેસની સંખ્યાનો હિસ્સો કુલ ફ્રોડ કેસની સંખ્યાનો 67.1ટકા હતો. આ જ વર્ષમાં કાર્ડ અને ઈન્ટરનેટ ફ્રોડસનો હિસ્સો રકમની દ્રષ્ટિએ સૌથી વધુ સરકારી બેન્કોમાં હતો. વર્ષ 2023-24માં રેગ્યુલેટેડ એન્ટિસી (આરઈ- બેન્ક, વીમા કંપની, વિગેરે) પર દંડની રકમ વિદેશી બેન્ક અને નાની ફાયનાન્સ બેન્કો સિવાય વધી હતી. પેનાલ્ટીની (દંડ)ની કુલ રકમ વર્ષ 2023-24માં બમણાથી વધીને રૂ.86.1કરોડ થઈ હતી જેમાં જાહેર ક્ષેત્રની અને ખાનગી ક્ષેત્રોની બેન્કો પરનો દંડ વધુ હતું સહકારી બેન્કો પર લગાવેલા દંડ સંખ્યાની દ્રષ્ટિએ વધ્યો હતો પણ રકમની દ્રષ્ટિએ ઘટયો હતો. રેગ્યુલેટેડએન્ટિક્સ સાથે જોડાયેલા હોવાનો ખોટો દાવો ડિજિટલ લેન્ડિંગ (એપ મારફત લોન) સંસ્થાઓ વર્ષ 2023-24માં સક્રિય હતી તેવું સંખ્યાબંધ અહેવાલોથી જાણવા મળ્યું છે. આરઈ સાથે જે ડિજિટલ લેન્ડિંગ એપ (ડીઓલએ) સંકળાયેલી છે તે અંગેની ડેટા બેન્ક આરબીઆઈ તૈયાર કરી છે તેવ ું જાણવા મળ્યું છે. સૂચિત ડિપોઝીટરીમાં આરઈ ડેટા રજુ કરશે અને જે ડીએલએ તેમની સાથે જોડાયો હોય અથવા છુટો પડયો હોય તેની વિગત આરઈ બદલાવ કરતું રહેશે. ડિજિટલ ફ્રોડસ અટકાવવા અને મ્યુલ બેન્ક ખાતાંઓ (નાણાં બીજા કોઈના, બેન્ક ખાતામાં નામ બીજા કોઈનું) વધી રહ્યા છે. તેના પર નિયંત્રણ મેળવવા બેન્કોએ સતત સક્રિય રહેવું જોઈએ. છેતરપિંડી પ્રકારની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મેળવવા બેન્કોએ બેન્ક વ્યવહારો પર ચાંપતી નજર રાખવા યંત્રણા ઊંડી કરવાની તાતી આવશ્યકતા છે. તેવી ભલામણ આરબીઆઈએ કરી છે. સરકારી એજન્સીઓ સાથે સંકલન કરતા એવું જરૂરી છે તેવું આરબીઆઈએ કહ્યું હતું.

# લીલા નિશાનમાં માર્કેટ બંધ, સેન્સેક્સમાં 271 પોઈન્ટનો વધારો

(એજન્સી) મુંબઈ | તા 27

શેરબજાર તેજી સાથે સવારે ખૂલ્યુ હતું. ત્યારે બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા હતા. સેન્સેક્સની વાત કરીએ તો સેન્સેક્સ 271.74 પોઈન્ટ વધીને 78,744 અંક પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 63 પોઈન્ટના વધારા સાથે 23,813 અંક પર બંધ થયો.

મહત્વનું છે કે આજે સવારે માર્કેટ તેજી સાથે શરૂ થયુ હતું, ભારતીય શેરબજારના બેન્ચમાર્ક - સેન્સેક્સ અને નિફ્ટી 50 - મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે, બેંકિંગ અને ઓટો હેવીવેઈટ જેમ કે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઈન્ડસઈન્ડ બેંક અને ટાટા મોટર્સની આગેવાની હેઠળ શુક્રવારે 27 ડિસેમ્બરના રોજ લાભો સાથે ક્લોઝ થયા હતા. સેન્સેક્સ તેના અગાઉના 78,472.48ના બંધ સામે 78,607.62 પર ખૂલ્યો હતો અને તેની ઈન્ટ્રાડે ઉચ્ચ અને નીચી સપાટી અનુક્રમે 79,043.15 અને 78,598.55 પર પહોંચ્યો હતો.

ઈન્ડેક્સ છેલ્લે 227 પોઈન્ટ અથવા 0.29 ટકા વધીને 78,699.07 પર બંધ થયો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (M&M), ઈન્ડસઈન્ડ બેન્ક, બજાજ ફાઈનાન્સ અને ટાટા મોટર્સના શેર 1-2 ટકા વધીને ઈન્ડેક્સમાં ટોચના ગેનર તરીકે બંધ થયા હતા. ICICI બેન્ક, HDFC બેન્ક, ઈન્ફોસિસ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સેન્સેક્સ ઈન્ડેક્સમાં વૃદ્ધિમાં ટોચના ફાળો આપનાર હતા.

# માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે વૃદ્ધિ અને સ્થિરતાને વધારવા ઈક્વિટી વોરંટના પ્રેફરન્શિયલ ઈશ્યુને મંજૂરી આપી

(એજન્સી) મુંબઈ | તા 27

માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE: MANAKCOAT, BSE: 539046), ઉચ્ચ-ગુણવત્તાવાળા કોટેડ મેટલ ઉત્પાદનો અગ્રણી મેન્યૂફેક્ચરર અને નિકાસકારે જાહેરાત કરી કે તેના શેરધારકોએ એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મિટીંગ (ઈજીએમ) દરમિયાન 2,07,00,000 ફૂલી કન્વર્ટિબલ વોરંટના પ્રેફરન્શિયલ ઈશ્યુને મંજૂરી આપી છે. વોરંટ દીઠ 65ની કિંમતે, આ 134.55 કરોડનું ભંડોળ એકત્ર કરવાથી દેવું ઘટાડવા, ક્ષમતા વિસ્તરણ અને મહત્વપૂર્ણ ટેકનોલોજી અપગ્રેડ માટે કંપનીની વ્યૂહાત્મક યોજનાઓને ટેકો મળશે.

આગળ જતા, એકત્ર કરાયેલી મૂડીનો ઉપયોગ ટેક્નોલોજી અપગ્રેડ માટે કરવામાં આવશે, જેથી કંપનીની ઉત્પાદન ક્ષમતાઓમાં અલુ-ઝિંક કોટેડ સ્ટીલ ઉત્પાદનોના ઉત્પાદનમાં સામેલ થઈ જશે. આ અપગ્રેડ ઉત્પાદન ક્ષમતાને 132,000 એમટીપીએથી 180,000 એમટીપીએ સુધી વધારશે, જેથી ઉત્પાદન અને સંબંધિત આવક સંભાવનામાં 36% વધારો થશે. વધુમાં, કંપની અત્યાધુનિક સ્ટીલ કોઈલ કોટિંગ લાઈનનો સમાવેશ કરતો ફોરવર્ડ ઈન્ટીગ્રેશન પ્રોજેક્ટ હાથ ધરશે, જેથી પ્રી-પેઈન્ટેડ સ્ટીલની ક્ષમતા 86,000 એમટીપીએથી વધીને 236,000 એમટીપીએ થઈ જશે, જે ક્ષમતામાં 175% વધારો દર્શાવશે.

કંપની તેની ટકાઉ અને ઉર્જા-કાર્યક્ષમ કામગીરી પ્રત્યેની પ્રતિબદ્ધતાને અનુરૂપ તબક્કાવાર કેપ્ટિવ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવાની પણ યોજના ધરાવે છે.

પાઈપલાઈનમાં રહેલી આ પહેલો સાથે, કંપની વધુ પ્રીમિયમ, મૂલ્યવર્ધિત ઉત્પાદન તરફ પરિવર્તન કરીને, નફાકારકતા વધારીને અને તેના કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડીને બજારની વધતી માંગને પહોંચી વળવા તૈયાર છે. વિસ્તરણ પ્રોજેક્ટ્સની સાથેસાથે ટકાઉ પ્રથાઓથી કામગીરી સુવ્યવસ્થિત થશે અને બજારમાં લાંબા ગાળાની વૃદ્ધિ અને સ્પર્ધાત્મકતાની સ્થિતિ નિર્મિત થશે.

## સ્માર્ટફોનની આગેવાની હેઠળ ઈલેકટ્રોનિકસની નિકાસમાં વૃદ્ધિ

# નાણાકીય વર્ષ 2025માં ટોચની 10 નિકાસમાં ઈલેકટ્રોનિક્સ ત્રીજા સ્થાને



(એજન્સી) મુંબઈ | તા 27

દેશમાંથી નિકાસ થતાં ટોચના દસ પ્રોડકટસમાંથી સૌથી વધુ નિકાસ વૃદ્ધિ ઈલેકટ્રોનિક્સ ચીજવસ્તુની નિકાસમાં જોવા મળી રહી છે. સ્માર્ટફોન્સની આગેવાની હેઠળ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ઈલેકટ્રોનિક્સ માલસામાનની નિકાસનો આંક ૨૨.૫૦ અબજ ડોલર રહ્યો છે જે ગયા નાણાં વર્ષના આ ગાળામાં થયેલી ૧૭.૬૬ અબજ ડોલરની નિકાસ સરખામણીએ ૨૮ ટકા વધુ છે. આ જોરદાર વૃદ્ધિને પરિણામે વર્તમાન નાણાં વર્ષમાં દેશની ટોચની દસ નિકાસ આઈટેમ્સમાં ઈલેકટ્રોનિકસની નિકાસ વૃદ્ધિ સૌથી ઊંચી જોવા મળી છે, એમ વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. ગયા નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ઈલેકટ્રોનિકસની નિકાસનો ક્રમ મૂલ્યની દ્રષ્ટિએ જે છઠ્ઠો હતો તે વર્તમાન નાણાં વર્ષના આ ગાળામાં વધી ત્રીજો આવી ગયો છે. પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમને કારણે દેશમાંથી સ્માર્ટફોનની નિકાસમાં જોરદાર વધારો જોવા મળ્યો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં સ્માર્ટફોનની નિકાસ વાર્ષિક ધોરણે ૪૫ ટકા વધી ૧૩.૧૧ અબજ ડોલર રહી છે. દેશમાંથી ઈલેકટ્રોનિક્સ માલસામાનની નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો જે ગયા નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ૫૧ ટકા હતો તે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં વધી ૫૮ ટકા રહ્યો છે. વર્તમાન નાણાં વર્ષના અંત સુધીમાં આ હિસ્સો ૬૦થી ૬૨ ટકા પહોંચી જવા ધારણાં રાખવામાં આવી રહી છે. સ્માર્ટફોન્સ ઉપરાંત દેશમાંથી નિકાસ થતી અન્ય ઈલેકટ્રોનિકસ આઈટેમમાં સોલાર મોડયૂલ્સ, ડેસ્કટોપ, રાઉટર્સ તથા કમ્પોનેન્ટસનો સમાવેશ થાય છે. વિશ્વ બજારમાં ઈલેકટ્રોનિકસ માલસામાનની નિકાસમાં ચીન તથા વિયેતનામ અગ્રસ્થાન ધરાવે છે ત્યારે ભારત હવે પોતાનો હિસ્સો વધારવા સજ્જ બન્યું છે, એમ ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેકટ્રોનિકસ એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું. ભારતની ટોચની દસ નિકાસમાં પ્રથમ ક્રમે એન્જિનિયરિંગ માલસામાન, બીજા ક્રમે પેટ્રો પ્રોડકટસ તથા ત્રીજા ક્રમે ઈલેકટ્રોનિકસ પ્રોડકટસ રહ્યા છે.

# જૂની કારના વેચાણ પર 18% GST તમામ માટે નથી

(એજન્સી) મુંબઈ | તા 27

જીએસટી કાઉન્સિલ દ્વારા આ વખતની બેઠકમાં કરવામાં આવેલી જાહેરાતોથી પ્રજા સ્તબ્ધ બની છે. જેમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો પોપકોર્નની જુદી-જુદી વેરાયટી પર જુદો-જુદો જીએસટી રહ્યો છે. પરંતુ આ સિવાય યુઝ્ડ અને જૂની કારના વેચાણ પર 18 ટકા જીએસટીનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે. યુઝ્ડ-જૂની કારના વેચાણ પર પણ જીએસટી ચૂકવવા મુદ્દે સોશિયલ મીડિયા પર સરકાર પર આકરા પ્રહારો થઈ રહ્યા છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે તેના પર સ્પષ્ટતા આપતાં લોકોને રાહત થઈ છે. જૂની અને વપરાયેલી કારના વેચાણ પર 18 ટકા જીએસટી ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચેના તફાવત પર લાગુ થશે. જો કે, તેમાં પણ ઘસારો બાદ મળશે. અર્થાત જો 12 લાખની કિંમતમાં ખરીદેલી ગાડી રૂ. 9 લાખમાં વેચવામાં આવે તો તેનુ માર્જિન રૂ. 3 લાખ થશે.

આ માર્જિનમાં પણ જો ઘસારા માટે અપીલ કરશો તો, કોઈપણ ટેક્સ ચૂકવવો પડશે નહીં. સામાન્ય રીતે જૂની અને યુઝ્ડ કાર ખરીદ કિંમત કરતાં ઓછા ભાવે જ વેચાતી હોય છે. કારણકે તેના પર ઘસારો લાગુ પડે છે. આ ઘસારો મોંઘવારી અને વપરાશના વર્ષના આધારે નક્કી થાય છે. વધુમાં વ્યક્તિગત ધોરણે વેચવામાં આવેલી કાર પર કોઈ જીએસટી લાગુ થશે નહીં. અર્થાત જીએસટી રજિસ્ટર્ડ સેલર પર જ આ ટેક્સ લાગુ થશે. જીએસટી કાઉન્સિલની 55મી બેઠકમાં જૂની કારના વેચાણ પર જીએસટી 12 ટકાથી વધારી 18 ટકા કરવામાં આવ્યો છે. આ ટેક્સ માત્ર જીએસટી રજિસ્ટર્ડ યુઝ્ડ કારનો બિઝનેસ કરતાં લોકો પર જ લાગુ છે. સામાન્ય વ્યક્તિ પર તેનો બોજો પડશે નહીં. તેમાં પણ જીએસટી રજિસ્ટર્ડ ડીલર્સે પ્રોફિટ માર્જિનમાં જ ટેક્સ ચૂકવવો પડશે આ સિવાય નુકસાનમાં ટેક્સ લાગુ થશે નહીં. ધારો કે, જૂની કારની લે-વેચ કરતાં વેપારીને રૂ. 5 લાખમાં કાર વેચી હોય અને તેણે તેમાં રૂ. 50000નો ખર્ચ કરી કાર અન્યને રૂ. 6 લાખમાં વેચી દીધી હોય તો તેને રૂ. 50000 બાદ મળશે. પરંતુ રૂ. 50000ના નફા પર 18 ટકા ટેક્સ અર્થાત રૂ. 9000 ટેક્સ પેટે ચૂકવવા પડશે.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, માગશર વદ-13

# કાબૂમાં આવતો મેલેરિયા



એ સુખદ છે કે આખી દુનિયામાં પાછલા બે દાયકામાં મેલેરિયા વિરુદ્ધ લડાઈમાં આશાતીત સફળતા મળી છે. જેનાથી જ્યાં મેલેરિયાના કેસોમાં ઝડપી ઘટાડો નોંધાયો છે, જ્યારે મોતના આંકડામાં ઘટાડો આવ્યો છે. ગત દિવસોમાં જારી વિશ્વ મેલેરિયા રિપોર્ટ ૨૦૨૪માં કહેવાયું છે કે સાર્થક પ્રયાસોથી ભારત મેલેરિયાની દૃષ્ટિએ વધુ સંવેદનશીલ દેશોની યાદીથી બહાર નીકળી ગયું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને હાલના રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો છે કે ભારતમાં મેલેરિયાના કેસોમાં જ્યાં ૬૯ ટકાનો ઘટાડો આવ્યો છે, જ્યારે તેનાથી થનારા મોતોમાં પણ ૬૮ ટકાનો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે દેશના મેલેરિયાથી વધુ પ્રભાવિત રાજ્યોમાં સઘન અભિયાન ચલાવવામાં આવ્યું. સાથે જ જાગરુકતા અભિયાનથીપ ણ આ દિશામાં લ-યોને હાંસલ કરવામાં મદદ મળી છે. અસલમાં મેલેરિયાથી વધારે પ્રભાવિત રાજ્યો પશ્ચિમ બંગાળ, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં મેલેરિયા નાબૂદી અભિયાન યુદ્ધ સ્તરે ચલાવવામાં આવ્યું. તેને કારણે ભારતને ડબ્લ્યુએચઓના એ દેશોમાં સામેલ કરવામાં આવ્યું છે જેમણે આ દિશામાં આશાતીત સફળતા હાંસલ કરી છે. સુખદ એ છે કે મેલેરિયાથી વધારે પ્રભાવિત દેશો જેમ કે આફ્રિકી દેશોમાં નવી વેક્સીનના ટ્રાયલનાં બહેતર પરિણામો જોવા મળ્યાં છે. એવામાં આશા વ્યક્ત કરાઈ રહી છે કે દર વર્ષે જે લાખો લોકો મેલેરિયાની ઝપટમાં આવે છે, નવી વેક્સિનના પ્રભાવથી તેમના જીવના જોખમને ઓછું કરવામાં મદદ મળી શકશે. અસલમાં વેક્સિનના ફેઝ-૨બી ના ક્લીનિકલ ટ્રાયલનાં પરિણામો દર્શાવે છે કે વેક્સિન સુરક્ષિત છે અને મજબૂત રોગ પ્રતિરોધક ક્ષમતા વિકસિત કરવામાં કારગત છે. વેક્સિનની પ્રભાવશીલતા પંચાવન ટકા કહેવાય છે. ઉલ્લેખનીય છે કે મશહૂર ચિકિત્સા પત્રિકા લાન્સેટમાં પ્રકાશિત રિપોર્ટ દર્શાવે છે કે વેક્સિન લોહીમાં રહેલ મેલેરિયાનું કારણ બનતા પરજીવીઓ વિરુદ્ધ પ્રભાવી જોવા મળી છે. જેને જીવનની રક્ષા માટે મોટી સફળતા માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં વર્ષ ૨૦૧૭માં મેલેરિયાના ચોસઠ લાખ કેસો હતા, તે વર્ષ ૨૦૨૩માં ઘટીને વીસ લાખ રહી ગયા. જ્યારે મેલેરિયાથી થનારા મોતો પર પણ અંકુશ લાગ્યો છે. અસલમાં જાગૃતિ અભિયાનથી પેદા થયેલ ચેતના તથા ચિકિત્સા સુવિધાઓના વિસ્તારથી મેલેરિયા નાબૂદીમાં ઘણી મદદ મળી છે. એક અનુમાન અનુસાર લગભગ પોણા બે કરોડ મેલેરિયાના કેસો ટાળી શકાયા છે. જ્યારે મેલેરિયાના જોખમમાં આશાતીત ઘટાડો આવ્યો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર દક્ષિણ પૂર્વ એશઇયાના આઠ દેશો મેલેરિયાથી સર્વાધિક પ્રભાવિત હતા.

## વાઘોડિયા તાલુકાના ભાજપ પક્ષના પ્રમુખ તરીકે જયભાઈ જોષીની નિમણૂક કરાઈ, તાલુકામાં આનંદ ઉલ્લાસની લહેર

કિશન રોહિડા | જરોદ



સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના પક્ષના હોદ્દેદારોની નિમણૂક મુજબ વાઘોડિયા તાલુકાના ભાજપ પક્ષના તાલુકા પ્રમુખ તરીકે ની નિમણૂક જયભાઈ જોષી ની કરવામાં તાલુકાના જુના નવા તમાંમ કાર્યકરો ની સહમતી અને તાલુકા ધારાસભ્ય શ્રી ની ભલામણ ને અનુલક્ષી ને થતાં સમગ્ર તાલુકામાં આનંદ ઉલ્લાસ ની લહેર વ્યાપી ગઈ છે જેમાં પણ વાઘોડિયા તાલુકા ની ભાજપ પક્ષની ઘોર ખોદનાર વ્યક્તિ પણ જયભાઈ જોષી ને હારતોરા પહેરાવવામાં કસર નહીં મુકનાર વ્યક્તિ ની ચર્ચાઓ પણ ગુપ્ત રાહે એરણે રહેવા પામી છે સમગ્ર તાલુકાના ભાજપના વરિષ્ઠ તેમજ નવા કાર્યકરો માં જયભાઈ જોષી ની તાલુકા પ્રમુખ ની નિમણૂક થતાં જ સૌ કાર્યકર મિત્રો જયભાઈ જોષી નું ઉષ્મા ભેર સ્વાગત કરી વધામણા વ્યક્ત કર્યો હતાં.

### માસ્ટરમાઈન્ડ હજુ પોલીસ પકડથી દૂર, 500 CCTVની તપાસ બાદ તસ્કરો ઝડપાયા

# સુરતની બેંકમાં ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

(એજન્સી) સુરત | તા.27

સુરતના કીમ ચાર રસ્તા નજીક 10 દિવસ અગાઉ મોડી રાત્રે ધૂમ સ્ટાઈલમાં કોઈને ગંધ પણ ન આવે એ રીતે યુનિયન બેન્કની દિવાલમાં બાકોરું પાડી લોકરો તોડી ચોરીની ઘટનાને અંજામ આપનાર ગેંગને સુરત ગ્રામ્ય પોલીસે ઝડપી લીધી છે. દિલ્હી, પંજાબ, બિહાર, વેસ્ટ બંગાળ રાજ્યો અને 500થી વધુ CCTV ખૂંદી 8 ઈસમને ઝડપી કુલ 53.58 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. જ્યારે ચોરીની ઘટનાના પ્લાન ઘડનાર માસ્ટર માઈન્ડ સુરજ ભરત લુહાર હજુ પોલીસ પકડથી દૂર છે. સુરત જિલ્લાના કીમ ચારરસ્તા નજીક આવેલી યુનિયન બેન્કને દસ દિવસ અગાઉ તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરોએ બેંકની દિવાલમાં બાકોરું પાડી બેન્કનો સાયરન કેબલ કાપી કુલ 6 જેટલા લોકર તોડી નાખ્યા હતા અને ઠંડે કલેજે ચોરીની ઘટનાને અંજામ આપી ભાગી ગયા હતા. સવારે બેન્કના સ્ટાફે આવીને જોયું તો દિવાલમાં બાકોરું પડેલું હતું. જેથી ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. ઘટનાને પગલે સુરત જિલ્લા LCB, SOG તેમજ કોસંબા પોલીસ દોડતી થઈ હતી. ઘટનાને ગંભીરતાથી લઈને સુરત ગ્રામ્ય પોલીસવડા હિતેશ જોયસરે ગ્રામ્ય પોલીસની 12 જેટલી ટીમ બનાવી હતી.

### Union Bankને દસ દિવસ અગાઉ નિશાન બનાવી હતી



### ઘટનાને અંજામ આપનાર ગેંગ હાઈ પ્રોફેશનલ

ઘટનાસ્થળનું નિરીક્ષણ કરતાં પોલીસને તુરંત જ ખ્યાલ આવી ગયો હતો કે, ઘટનાને અંજામ આપનાર ગેંગ હાઈ પ્રોફેશનલ છે અને તે સુરત જિલ્લો અથવા રાજ્ય છોડી ભાગી ગઈ હશે. જેને લઈને પોલીસે સુરતથી લઈને અમદાવાદ સુધીના તમામ રેલવે સ્ટેશન અને બસ સ્ટેશનના 500થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. જેમાં જોવા મળ્યું હતું કે, આરોપીઓ છૂટક છૂટક વાહનો કરી સુરતમાં પસાર થતાં નેશનલ હાઈવે પર પહોંચ્યા હતા. ત્યાંથી ભેગા થઈ એક ઓટો રિક્ષામાં બેસી સુરત રેલવે સ્ટેશન ગયા હતા. જ્યાંથી લોકલ ટ્રેનમાં બેસી વડોદરા અને વડોદરાથી અન્ય ટ્રેનમાં બેસી દિલ્હી પહોંચ્યા હતા. દિલ્હીમાં ચોરીના માલની ભાગ બટાઈ કરી બાદમાં છૂટા પડી ગયા હતા.

### પોલીસે 500થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા

રીક્ષામાં બેસી સુરત રેલવે સ્ટેશન જઈ રહેલી ગેંગના સીસીટીવી ફૂટેજ તેમજ અંગત હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીઓ કઈ દિશામાં ગયા તેની કડી પોલીસને મળી હતી. જે કડીના આધારે પોલીસની અલગ અલગ ચાર ટીમ બિહાર, વેસ્ટ બંગાળ, દિલ્હી તેમજ પંજાબ રવાના થઈ હતી.

### 4 રાજ્ય ખૂંદ્યા બાદ પોલીસે 8 શખસને દબોચ્યાં

પરપ્રાંતિય રહીશોની વસ્તી ધરાવતા દિલ્હીના નિહાર ખાતેથી સુરજ કુમાર ચંદ્રદેવ સિંગ અને બરખું અર્જુન બિંદને ઝડપી લીધા હતા. જ્યારે પંજાબથી જય પ્રકાશ બિંદ તેમજ સુરતના સાયણ ખાતે મદદગારી કરનાર દીપક નંદલાલ મહતો અને યશ કુમાર રવિ મહાત્મા સંતાયા હોવાનું જાણવા મળ્યું હતું, જેથી પોલીસે તેઓને દબોચી લીધા હતા.

### સંખેડા પોલીસે દૂધપુર ગામે જુગારધામ પર રેડ

# દોઢ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે જુગારીઓ ઝડપાયા

કમલેશ પટેલ | સંખેડા



સંખેડા તાલુકાના દૂધપુર ગામે ચાલતા જુગાર પર પોલીસે રેડ કરી ૭ જુગારીયા ઝડપી કાઢ્યા હતા. આ જુગારીયાઓ પાસેથી ૧,૫૬,૦૦૦રૂપિયાનો મુદ્દામાલ ઝડપાયો હતો.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર સંખેડા તાલુકાના દૂધપુર ગામે હેરાન નદીના કિનારે ખુલ્લા વિસ્તારમાં ચાલતા જુગાર બાબતે સંખેડા પોલીસને બાતમી મળતા સંખેડા પોલીસે આ સ્થળે પહોંચી હતી તે દરમિયાન સ્થળ ઉપરથી જ (૧) અલ્પેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિ ઉંમર વર્ષ ૩૪ રહે,વોરા તા ,તિલકવાડા (૨) રાજભા મહમદભાઈ પઠાણ ઉંમર વર્ષ ૫૫ રહે, કનાયડા પરમાર ફળિયુ તા. ડભોઇ (૩ )અનિલભાઈ ઉર્ફે વાડી વિક્રમભાઈ વણકર ઉંમર વર્ષ ૩૫ રહે ,છોટાઉદેપુર ગુરુ કૃપા સોસાયટી(૪) ફિરોજભાઈ મહેબૂબભાઈ દિવાન ઉંમર વર્ષ ૪૬ રહે, વોરા તાલુકો તિલકવાડા (૫) યાવરખા બચુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૫૪ રહે, દૂધપુર મસ્જિદ ફળિયુ તા, સંખેડા (૬) લિયાકત અલી ઈસ્માઈલ અલી પઠાણ ઉંમર વર્ષ ૫૮ રહે, કનાયડા નવીનગરી તા,ડભોઈ (૭) અસરફખા કાદરખાન રાઠોડ ઉંમર વર્ષ ૩૧ રહે, વોરા તા, તિલકવાડા નાઓ પકડાઈ જઈ તથા સ્થળ ઉપરથી નાસી જનાર આરોપી(૮) આરીફખાન અબ્દુલખા રાઠોડ રહે, દૂધપુર તા,સંખેડા નાઓ હોય જેમાં આરોપી નં એક થી સાત ઝડપાઈ ગયા હતા. જુગારીઓની અંગજડતી કરતાં પોલીસને કુલ ૪૧,૭૦૦ રૂપિયા તેમજ દાવ ઉપરના ૭૫૦૦ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. તેમજ ૬ મોબાઈલ ફોન જેની કિંમત ૨૨૦૦૦ તથા સ્થળ પરથી મળી આવેલ મોટરસાયકલ નંગ બે જેની કિંમત ૮૫૦૦૦.રૂપિયા મળી કુલ ૧,૫૬,૦૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે પોલીસે એક થી સાત આરોપીને પકડી પાડેલ છે.

## NEWS BRIEF

### એકતાનગર | ચાર્જિંગ સ્ટેશન પરથી રૂ.96 હજારના કેબલોની ચોરી

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આવેલા ચાર્જિંગ સ્ટેશન પરથી કેબલો ની ચોરી થતા ફરિયાદ નોંધાઈ છે. મળતી મયંકભાઇ બળદેવભાઇ જાતે-રાઠવા ઉ.વ.૩૧ ધંધો-ડ્રાઈવર રહે.ગોરા કોલોની આશ્રમ શાળામાં તા.ગરૂડેશ્વર જિ.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ એકતાનગર ઓથોરીટીની નવી-બી, કંપાઉન્ડમાં બિલ્ડીંગ નીચે SOU સત્તામંડળની સરકારી ટાટા NEXON EV કાર નંબર.GJ-22-GA-0682 તથા GJ-22-GA-0937, GJ-22-GA-0503, GJ-22GA-0688, GJ-22-GA-0687, GJ-22-GA-0805 ચાર્જિંગ કેબલ TATA MOTORS કંપની ના બોર્ડ માં લગાડી ચાર્જિંગમાં મુકેલ જે સરકારી ટાટા NEXON EV કારોના કુલ-૦૬ ચાર્જીંગ કેબલો TATA MOTORS કંપની એક ચાર્જીંગ કેબલની કિંમત રૂપિયા-૧૬,૦૦૦/- લેખે કિલ-૬ ની કિમત રૂપિયા- ૯૬,૦૦૦/- ની કોઇ ચોર ઈસમ બિલ્ડીંગ કંપાઉન્ડમાં પ્રવેશ કરી ચોરી કરી લઇ જઇ ગુનો કરતા એકતાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### મુંબઇ થી એકતાનગર આવતા વ્યક્તિનું ટ્રેઈન માં મોત નિપજ્યું

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના એકતાનગર રેલવે સ્ટેશન પર મુંબઈ થી આવેલી ટ્રેઈન માં એક વ્યક્તિ મૃત હાલત માં મળી આવ્યા હતા. મળતી માહિતી અનુસાર રેલવે કર્મચારી પુરનસિહ બાબુલાલ, રહે-વ્રજ સોસાયટી મકાન નં- ૧૪૨ તા.ગરૂડેશ્વર જિ.નર્મદા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ મરનાર સંજયભાઈ રતિલાલ ડોલિયા ઉ.વ.૫૭ રહે-અર્થ એક્રોપોલી-૩ ભાયલી વારણા રોડ, વડોદરા નાઓ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ મુંબઇ રેલ્વે સ્ટેશનથી દાદર-એકતાનગર સ્લીપર કોચ-૫૪ વાળી ટ્રેનમાં સીટ નં-૨૦ ઉપર બેસી એકતાનગર ખાતે આવતા કોઇ પણ સમયે એકતાનાર ખાતે ટ્રેન આવેલ તે દરમિયાન કોઇ કારણસર મૃત હાલતમા સીટ ઉપર મળી આવતા એકતાનગર પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સાપુતારા | સાકરપાતળ નજીક કપાસનો ભરેલ ટેમ્પો પલટયો

ડાંગ | તા.27



આજરોજ આણંદથી મશીનરી સામાનનો જથ્થો ભરી નાસિક તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી.જે.23.એ. ડબ્લ્યુ.1615 જે વઘઈથી સાપુતારાને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં ગીરાધોધ આંબાપાડા ફાટક નજીક ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં આવેલ ખાડામાં ખાબકતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પાનાં બોનેટનાં ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો.તેમજ મશનરી સામાનને પણ નુકસાન થયુ હતુ. આ બનાવમાં ચાલક અને ક્લીનરને ઈજાઓ પોહચતા તાત્કાલીક સારવારનાં અર્થે નજીકની વઘઇ રેફરલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જ્યારે બીજા બનાવમાં આજરોજ મહારાષ્ટ્રનાં સંગમનેરથી કપાસનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી. જે.24.એક્સ.3665 જે પણ સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગનાં સાકરપાતળ નજીક રિવર્સમાં આવી પલ્ટી મારી જતા ઘટના સ્થળે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

### મઢેલી | ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર રૂ. 20ની લાંચ લેતા ઝડપાયા

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયાના મઢેલી ગ્રામ પંચાયત ના કોમ્પ્યુટર ઓપરેટર વડોદરા લાંચ રૂશ્વત વિરોધી શાખાના હાથે રૂપિયા 20 ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઇ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે વિના મૂલ્યે થતી કામગીરી ના ઓપરેટર દ્વારા અરજદારો પાસેથી E - KYC કરી આપવા માટે રૂપિયા 20/- ઉઘરાવતો હતો. મળેલ માહિતી મુજબ વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના અડોદરા ગામ નો રહેવાસી હિમાંશુ જગદીશભાઈ પટેલ નો વાઘોડિયા તાલુકાના મઢેલી ગ્રામ પંચાયત માં E-KYC સહિત નો કામગીરી પ્રજા ની પારદર્શક કામગીરી કરી આપવાનો કોન્ટ્રાક્ટ ધરાવે છે સરકાર દ્વારા કેવાયસી ફરીજીયાત કરાતાં અરજદારો મોટી સંખ્યામાં ઠેર ઠેર કેવાયસી કરાવવા અર્થે જેતે ગ્રામ પંચાયત કચેરી ખાતે ઉમટી પડતાં હોય છે. અરજદારો પાસેથી એક પણ રૂપિયો લીધાં વગર કેવાયસી સંતોષ કારક કરી આપવાનો હોય ત્યારે અરજદારો પાસેથી રૂપિયા 20/- વસુલવાની ગેરબંધારણીય કામગીરી ની ઓપરેટર ની બુમો ગુપ્ત રાહે ઉઠવા પામી હતી તેવામાં વડોદરા એ સી બી ના સપાટામાં ઓપરેટર આવી જતા વિવિધ ગામોમાં માં કેવાયસી નું કામગીરી કરી રહેલ માં ફફડાટ વ્યાપી ગયો છે અરજદારો ને ગેરબંધારણીય મુજબ લુટતા ઓપરેટર અટકાયત કરી વડોદરા લાંચ રૂશ્વત વિરોધી શાખાએ તપાસ આદરી છે.

### ઝરવાણી ગામની વાઘઉંમર પરણાવેલી પરિણીતા ક્યાંક ચાલી જતાં ભાઈએ પોલીસની મદદ માંગી

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ઝરવાણી ગામની દેડિયાપાડા તાલુકામાં પરણાવેલી પરિણીતા ક્યાંક ચાલી જતાં પોલીસ માં જન કરવામાં આવી છે

વિગતો અનુસાર ગુમ થનાર શારદાબેન વા/ઓ વિક્રમભાઈ વસાવા ઉ.વ.૨૫ અને ૧૧ મહિના હાલ રહે.ઝરવાણી તા.ગરુડેશ્વર જી.નર્મદા મુળ રહે.વાઘઉંમર તા.ડેડીયાપાડાના ભાઈ કુંમરજીભાઈ વસાવા, રહે. ઝરવાણી કસાળ ફળીયુ, તા.ગરૂડેશ્વર નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના બહેન શારદાબેનના લગ્ન દેડિયાપાડા તાલુકાના વાઘઉંમર ગામના વિક્રમભાઈ સાથે થયા હતા પરંતુ થોડાક સમય થી તેમને સાસરી માં માથાકૂટ થતા તેઓ ઝરવાણી ગામે પિયર મા બે સંતાનો સાથે આવી રહેતા હતા ત્યારે ગત ૯ ડિસેમ્બર ના દિવસે તેઓ કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક જતા રહ્યા છે.

## નવા વાઘપુરા ખાતે સસ્તા અનાજની દુકાનમાં અનાજની ચકાસણી કરતા મંત્રી ભીખુસિંહ પરમાર

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના પ્રભારી અને રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભીખુસિંહજી પરમાર નર્મદા જિલ્લાની એક દિવસીય મુલાકાતે હતા ત્યારે સૌ પ્રથમ એકતાનગર ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની.લી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત પ્રાદેશિક સરસ મેળો-૨૦૨૪નો પ્રાભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ સર્કિટ હાઉસ ખાતેથી મંત્રીએ આરોગ્ય વનની મુલાકાત લીધી હતી.

મંત્રી બાદમાં દેવરાજભાઈ બાવાભાઈ તેજાણી કન્યા છાત્રાલય શ્રી સ્વામી દયાનંદ આશ્રમ શાળા-ગરૂડેશ્વર અને નવા વાઘપુરા ખાતે ચાલતી ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાની મુલાકાત કરી બાળકો સાથે સંવાદ કર્યો હતો. બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા અને રહેઠાણની સુવિધાની ચકાસણી અને વર્ગ ખંડમાં ચાલતા શિક્ષણ કાર્યનું નિરિક્ષણ કર્યું હતું.

મંત્રીએ ત્યારબાદ નવા વાઘપુરા ગામે આવેલી પંડિત દિનદયાલ ઉપાધ્યાય વાજબી ભાવની દુકાનની આકસ્મિક મુલાકાત કરી નાગરિકોને આપવામાં આવતા ઘઉં, ચોખા, દાળના જથ્થાની ચકાસણી કરી હતી. સરકાર દ્વારા આપવામાં આવતો જથ્થો નાગરિકોને પુરતા પ્રમાણમાં મળે છે કે કેમ તેની પણ નાગરિકો સાથે ચર્ચા કરી હતી. મંત્રીની આ મુલાકાત દરમિયાન જિલ્લા પુરવઠા અધિકારી વિવેક દરજી અને નર્મદા જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ મહેશભાઈ પટેલ પણ જોડાયા હતા. જોકે મંત્રી ને આ મુલાકાત દરમિયાન જિલ્લા પુરવઠા અધિકારી વિવેક દરજી એ નર્મદા જિલ્લામાં ખરાબ આવતા અનાજ બાબતે મંત્રી નું ધ્યાન દોર્યું હતું અને જિલ્લાના કાર્ડ ધારકો ને યોગ્ય અનાજ મળે એ માટે રજૂઆત કરી હતી.

### બનાસકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી : ખાદ્ય મસાલાના નમૂનાઓમાં ઝેરી તત્વો મળી આવ્યા

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં એક ચિંતાજનક તથ્ય સામે આવ્યું છે. લેવામાં આવેલા ખાદ્ય પદાર્થો, ખાસ કરીને મસાલાના નમૂનાઓમાં જંતુનાશક દવાઓની માત્રા મર્યાદા કરતા વધુ હોવાનું જણાયું છે. તા.9 ઓક્ટોબરના રોજ પાલનપુરમાં વિવિધ દુકાનોમાંથી મસાલાના કુલ 14 નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓની તપાસમાંથી 5 નમૂનાઓમાં ફાયપ્રોનિલ, ફેનોક્સાપ્રોપ પી ઈથાઈલ, ક્લોરપાયરીફોસ, થાઈમેથોક્સામ અને એઝોક્સિસ્ટ્રોબિન જેવા ઝેરી તત્વોની માત્રા મર્યાદા કરતા વધુ હોવાનું જણાયું છે. આ નમૂનાઓ એમ.કે. મસાલા થરા, વાંકળ કરિયાણા સ્ટોર્સ થરાદ, એક્સક્લુઝિવ સ્પાઈસીસ પાલનપુર, યમી ફૂડપ્રોડક્ટસ પાલનપુર અને કુલદીપ કરિયાણા સ્ટોર્સ થરાદ માંથી લેવામાં આવ્યા હતા.

## છોટાઉદેપુર જિલ્લામાં માવઠાની આગાહીથી જિનોમાં કપાસ પર તાડપત્રી ઢાંકવામાં આવી

કમલેશ પટેલ | સંખેડા



છોટાઉદેપુર જિલ્લામાં હવામાન આગાહીના કારણે વરસાદી માહોલથી સીસીઆઈ દ્વારા કપાસની ટેકાના ભાવે સંખેડા તાલુકામાં ખરીદી બંધ રાખવામાં આવી છે. કમોસમી વરસાદથી આગાહીને પગલે સીસીઆઈ દ્વારા સંખેડા તાલુકામાં કપાસની ટેકાના ભાવે ખરીદી મોકૂફ રખાઈ છે. જિનોમાં કપાસને કમોસમી વરસાદથી બચાવવા તાડપત્રી ઢંકાઈ છે. હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરાઈ છે.

જેના પગલે સંખેડા તાલુકામાં સીસીઆઈ દ્વારા કપાસની ટેકાના ભાવે ખરીદી બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. સંખેડા તાલુકામાં હાલમાં કપાસની આવક રોજેરોજ વધી રહી છે. પરંતુ તાજેતરમાં જ હવામાન વિભાગ દ્વારા તા.27અને 28 ના રોજ છોટાઉદેપુર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ મધ્ય ગુજરાતમાં હળવા વરસાદની સંભાવના ઉત્તર -પશ્ચિમ મધ્યપ્રદેશ પર સર્જાયેલી સાઈકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભર શિયાળે અષાઢના એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યા છે. તેને પગલે કપાસની ખરીદી મોકૂફ રખાઈ છે. સીસીઆઈ દ્વારા સંખેડા તાલુકામાં હાલમાં ટેકાના ભાવે કપાસની ખરીદી ચાલી રહી છે.

## વઘઈ ખાતેથી ઘઉંનો જથ્થો ભરેલ ટ્રકની ચોરનાર 3 આરોપીઓ જેલના સળિયા પાછળ

ડાંગ | તા.27



ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે સરકારી ગોડાઉનમાંથી અનાજનો જથ્થો ભરેલ ટ્રક ચોરી થઈ જતા અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળ્યા હતા. જોકે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા પ્રયત્ન કર્યો હતો.ત્યારે ડાંગ જિલ્લાના એસ.પી.યશપાલ જગાણીયા તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એસ.સરવૈયાનાં માર્ગદર્શન હેઠળ સી.પી. આઈ.વી.કે.ગઢવી સહિત ડાંગ એલ.સી.બી તથા વઘઇ પી.એસ.આઈ. એમ.એસ.રાજપૂતની ટિમે ટેક્નિકલ સોર્સની મદદ લીધી હતી. અને સુરત રેંજનાં દરેક પોલીસ મથકોમાં જાણ કરી હતી.જેમાં સુરત જિલ્લા ગ્રામ્ય એલ.સી.બી. પોલીસ સ્ટાફના માણસોએ ટ્રક સાથે ત્રણ ઈસમોની અટકાયત કરી હતી.તેમજ સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે 54 લાખ કરતાં પણ વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અહી સુરત ગ્રામ્ય એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ આ ટ્રકની ચોરી કરનાર ત્રણ આરોપીઓ (1)મસીદખાન જુમૈઈખાન જાતેખાન (2) મોહમદ સમીર મોહમદનસીમ (3) મોહમદ સહેનશા મોહમદ ગુલહશન ની અટકાયત કરી હતી. હાલમાં વઘઈ પોલીસે આરોપીઓનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પોરબંદરમાં જેતપુરના ઝેરી પાણીનો જબરો વિરોધ

### જાફરાબાદ સાગરખેડૂ ઓ દ્વારા બાઈક રેલી સુત્રો સાર સાથે આવેદનપત્ર આપ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



પોરબંદર દરિયામાં જેતપુરની કંપની દ્વારા પાઈપલાઈન નાખી દરિયામાં પાણી ઠલવાના વિરોધમાં જાફરાબાદ બોટ એસોસિયેશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી ની આગેવાની હેઠળ સાગરખેડૂ દ્વારા બાઈક રેલી સાથે આ પ્રોજેક્ટ ને રદ્દ કરવા સરકાર સામે સુત્રોચાર સાથે મુસ્લિમ સમાજ કોળી સમાજ તેમજ તમામ બોટ માલિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપવામાં આવ્યું પોરબંદર ના દરિયામાં જેતપુરની કંપની દ્વારા પાઈપલાઈન દ્વારા પાણી દરિયામાં ઠલવાના હોવાથી દરિયાઇ પટ્ટી ના સાગરખેડૂ દ્વારા આવેદનપત્ર આપી વિરોધ કરવામાં આવી રહ્યોં છે. તે બાબતે જાફરાબાદ માં તા/૨૭/૧૨/૨૦૨૪ ના રોજ બહોળી સંખ્યામાં સાગરખેડૂ ઓ દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું આવેદનપત્ર જણાવ્યું હતું કે. જેતપુર ખાતે ૨૦૦૦ ઉપરાંત ડઆઈગ એન્ડ પ્રિન્ટિંગ ઉધોગ ફેક્ટરીઓ આવેલ છે. આ તમામ ફેક્ટરી ઓનાં કેમિકલ વેસ્ટ સમુદ્રમાં જતાં સમગ્ર રાજ્યના દરિયાઈ કાંઠા વિસ્તાર જે મત્સ્ય વિહોણો બની જશે તેમજ ઉપયોગ માં લેવાતી માછલીઓ આ કેમિકલ વેસ્ટથી પ્રભાવિત થતા લોખો પરિવારો ઉપર અસાધ્ય રોગોના શિકાર બની શકે છે. તેમજ દરિયાઈ જીવસૃષ્ટિ ઉપર મોટો ખતરો ઉભો થશે.

### સાંસદ ખેલ કરાટે સ્પર્ધામાં પારુલ યુનિવર્સિટીનો આર્યન પાટીલ સિલ્વર મેડલ વિજેતા બન્યો

ભરત શાહ | નર્મદા



વડોદરા સમા ઈંટોર સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે તારીખ 26, 27 ,28 ડિસેમ્બર 2024 ના રોજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા તથા કરાટે સ્પોર્ટ એસોસિએશન વડોદરા દ્વારા જીતશે વડોદરા ના થીમ સાથે સાંસદ ખેલ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરાટે સ્પર્ધામાં પારુલ યુનિવર્સિટીની પારુલ પોલિટિકલ ઈન્સ્ટિટયૂટમાં એન્જિનિયરિંગ માં અભ્યાસ કરતો આર્યન કલ્પેશ પાટીલ(ઉમર 17) ઓપન કેટેગરીમાં ભાગ લઈ સિલ્વર મેડલ વિજેતા બન્યો, સ્પર્ધા પૂર્ણ થયા બાદ સાંસદ સભ્ય હસ્તે મેડલ થતા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે આમ આર્યન પાટીલે મેડલ જીતી પારુલ પારુલ યુનિવર્સિટીને સન્માન અપાવેલ છે આર્યન પાટીલ કરાટે ની તાલીમ પ્રતીક તથા અનુપ સર પાસે લે છે.



# Manmohan Singh

## ભારતીય અર્થવ્યવસ્થાના 'ભીષ્મ પિતામહ'

**ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહને ભારતના આર્થિક સુધારાના શિલ્પકાર તરીકે પણ ઓળખવામાં આવે છે. મનમોહન સિંહ માટે મહત્વપૂર્ણ ક્ષણ વર્ષ 1991માં આવી, જ્યારે તેઓ વડાપ્રધાન પી.વી. નાણાપ્રધાન તરીકે નરસિમ્હા રાવ હેઠળ અર્થતંત્રને અંકુશમુક્ત કર્યું. આ પછી ભારતમાં સીધા વિદેશી રોકાણ અને વેપારમાં ક્રાંતિકારી ફેરફારો જોવા મળ્યા. નાણાં પ્રધાન તરીકે, મનમોહન સિંહે અનેક મોરચાના દબાણ વચ્ચે અર્થતંત્રને ઉદાર બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. આવો, જાણીએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના કેટલાક એવા મોટા નિર્ણયો જે ભારતને પ્રગતિના પંથે લઈ ગયા.**

### આર્થિક નીતિમાં મોટો ફેરફાર

1991માં, ડૉ. મનમોહન સિંઘે, નાણા મંત્રી તરીકે, લાઈસન્સ રાજને નાબૂદ કર્યો, જે દાયકાઓથી ભારતીય અર્થતંત્રમાં ધીમી આર્થિક વૃદ્ધિ અને ભ્રષ્ટાચારનું કારણ હતું. તેમણે ભારતીય અર્થતંત્રને ઉદાર બનાવ્યું, જેણે ભારતના વિકાસમાં નાટ્યાત્મક વધારો જોયો.

### સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) એક્ટ 2005

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) એક્ટ 2005 ને ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન 23 જૂન 2005ના રોજ ભારતના રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી. આ કાયદો 10 ફેબ્રુઆરી 2006ના રોજ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ (SEZ) નિયમો 2006 સાથે અમલમાં આવ્યો હતો.




### જીડીપી 10.08% પર પહોંચ્યો

રાષ્ટ્રીય આંકડાકીય આયોગ દ્વારા રચવામાં આવેલી વાસ્તવિક ક્ષેત્રની આંકડાકીય સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલા જીડીપી પરના ડેટા અનુસાર, ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહની સરકાર હેઠળ 2006-2007માં ભારતે 10.08%નો વિકાસ દર નોંધ્યો હતો. 1991માં અર્થતંત્રના ઉદારીકરણ પછી ભારતમાં નોંધાયેલો આ સૌથી વધુ જીડીપી હતો. 2006-2007માં સર્વોચ્ચ જીડીપી વૃદ્ધિ દર 10.08% હતો.



### રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (NREGA) અધિનિયમ 2005

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંઘના નેતૃત્વ હેઠળ ભારત સરકારે 2005માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (NREGA) રજૂ કર્યો હતો, જેનો હેતુ ભારતમાં ગ્રામીણ સમુદાયો અને મજૂરોને આજીવિકા, ભરણપોષણ અને રોજગાર પૂરો પાડવાના હેતુથી સામાજિક સુરક્ષા યોજના છે. NREGA એક વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની ફિક્સ વેતન રોજગાર પ્રદાન કરીને ગ્રામીણ પરિવારોને આવકની સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

### ભારત-અમેરિકા પરમાણુ કરાર

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહની સરકાર હેઠળ ભારતની સૌથી મોટી સિદ્ધિઓમાંની એક ભારત-યુએસ ન્યુક્લિયર ડીલ અથવા ઈન્ડિયા સિવિલ ન્યુક્લિયર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર હતી. ભારત અને અમેરિકા વચ્ચેના આ કરારનું માળખું મનમોહન સિંહ અને અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ બુશ દ્વારા સંયુક્ત નિવેદનમાં બનાવવામાં આવ્યું હતું. કરાર હેઠળ, ભારત તેની નાગરિક અને લશ્કરી પરમાણુ સુવિધાઓને અલગ કરવા માટે સંમત થયું હતું અને તમામ નાગરિક પરમાણુ સુવિધાઓ આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી હેઠળ મૂકવામાં આવશે. આ કરાર 18 જુલાઈ 2005ના રોજ થયો હતો.



### જીડીપી વધારવામાં મદદ કરી

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે એવા સમયગાળાની અધ્યક્ષતા કરી હતી જ્યારે ભારતીય અર્થતંત્ર 8-9%ના આર્થિક વિકાસ દર સાથે વૃદ્ધિ પામ્યું હતું. 2007 માં, ભારતે તેનો સર્વોચ્ચ જીડીપી વૃદ્ધિ દર 9% હાંસલ કર્યો અને વિશ્વની બીજી સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની. 2005 માં, સિંઘની સરકારે વેટ ટેક્સ રજૂ કર્યો જેણે જટિલ વેચાણ વેરાનું સ્થાન લીધું.

## પોતાની પાછળ કેટલી સંપત્તિ છોડી ગયા પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહ?

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહનું આજે (26 ડિસેમ્બર 2024) રાત્રે 9.51 વાગ્યે નિધન થયું. ખરાબ તબિયતને કારણે તેમને રાત્રે 8 વાગ્યાની આસપાસ નવી દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ 92 વર્ષના હતા. વર્ષ 2004માં યુપીએ સરકારમાં પ્રથમ વખત વડાપ્રધાન પદ સંભાળનાર ડૉ. મનમનોહન સિંહ જૂન 2014 સુધી દેશના વડાપ્રધાન રહ્યા હતા. ડૉ. મનમોહનસિંહની ગણના ભારતના જાણીતા અર્થશાસ્ત્રીઓમાં થાય છે. તેમણે દેશની સૌથી મોટી કેન્દ્રીય બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના 15મા ગવર્નર તરીકે પણ સેવા આપી હતી. અમે તમને જણાવી રહ્યા છીએ કે ડૉ.મનમોહન સિંહે પોતાની પાછળ કેટલી સંપત્તિ છોડી છે. ડૉ. મનમોહન સિંહે 2013માં વડાપ્રધાન તરીકે પોતાની સંપત્તિનો ખુલાસો કર્યો હતો. તેમના દ્વારા દાખલ કરાયેલ એફિડેવિટ મુજબ, મનમોહન સિંહ તે સમયે કેટલીક



રહેણાંક મિલકતો, બેંક ડિપોઝિટ અને મારુતિ 800 કારના માલિક હતા. વર્ષ 2013 માં ડૉ. મનમોહ સિંહની કુલ સંપત્તિ 10.73 કરોડ રૂપિયા હતી. તેમની જંગમ સંપત્તિ વિશે વાત કરીએ તો તેમની પાસે ચંદીગઢ અને દિલ્હીમાં બે મકાનો હતા. જેમની કિંમત 11 વર્ષ પહેલા 7.27 કરોડ રૂપિયા હતી, જે આજે અનેક ગણી વધી ગઈ છે. વર્ષ 2013માં તેમના એસબીઆઈ ખાતામાં કુલ 3.46 કરોડ રૂપિયાની થાપણો અને રોકાણ હતા. વર્ષ 2012માં ડૉ. મનમોહન સિંહે માહિતી આપી હતી કે તેમની પાસે 150.80 ગ્રામ સોનાના દાગીના છે. જો આજની કિંમત પર નજર કરીએ તો આટલા સોનાની કિંમત લગભગ 11 લાખ રૂપિયા છે. તેઓ 1972 થી 1976 સુધી ભારતના મુખ્ય આર્થિક સલાહકાર હતા. 16 સપ્ટેમ્બર 1982 ના રોજ તેમણે ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો અને 1985 સુધી આ પદ પર રહ્યા હતા.

## ઓબામાએ કહ્યું હતું- 'જ્યારે મનમોહન સિંહ બોલે છે ત્યારે આખી દુનિયા સાંભળે છે'



**દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમણે 92 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. ગઈકાલે સાંજે તેમની તબિયત બગડતાં તેમને એઈમ્સના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. મનમોહન સિંહને આર્થિક ઉદારીકરણમાં તેમના વિશેષ યોગદાન માટે સમગ્ર વિશ્વમાં યાદ કરવામાં આવે છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પણ એક વખત મનમોહન સિંહના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે 'જ્યારે મનમોહન સિંહ બોલે છે ત્યારે આખી દુનિયા સાંભળે છે.' ઓબામાએ તેમના પુસ્તક 'A Promised Land'માં પણ મનમોહન સિંહના વખાણ કર્યા હતા. બરાક ઓબામાનું આ પુસ્તક 2020માં આવ્યું હતું. ઓબામાએ પુસ્તકમાં લખ્યું હતું કે મનમોહન સિંહ ભારતના અર્થતંત્રના આધુનિકીકરણના એન્જિનિયર રહ્યા છે. તેમણે લાખો ભારતીયોને ગરીબીના દુષ્ટ ચક્રમાંથી બહાર કાઢ્યા છે. ઓબામાએ કહ્યું હતું કે તેમની અને મનમોહન સિંહ વચ્ચે ઉષ્માભર્યો સંબંધ હતો.**

### 'આર્થિક કાયાકલ્પના મુખ્ય આર્કિટેક્ટ'

ઓબામાએ લખ્યું, 'મારી દૃષ્ટિએ મનમોહન સિંહ એક બુદ્ધિશાળી, વિચારશીલ અને રાજકીય રીતે ઈમાનદાર વ્યક્તિ છે. ભારતના આર્થિક પરિવર્તનના મુખ્ય આર્કિટેક્ટ તરીકે, ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંઘ મારી સમક્ષ પ્રગતિના પ્રતીક તરીકે દેખાયા: એક નાના શીખ સમુદાયના સભ્ય, જેઓ ક્યારેક સતામણીનો પણ ભોગ, જેઓ આ દેશના સર્વોચ્ચ પદ પર પહોંચ્યા અને એક નમ્ર એવા ટેકનોક્રેટ્સ હતા જેમણે લોકોનો વિશ્વાસ તેમની લાગણીઓને અપીલ કરીને નથી જીત્યા, પરંતુ લોકોને ઉચ્ચ જીવનધોરણ આપીને જીત્યા.

### 'અપ્રમાણિક ન હોવાની તેમની પ્રતિષ્ઠા જાળવી રાખી'

ઓબામાએ લખ્યું, 'તેમણે અપ્રમાણિક ન હોવાની તેમની મહેનતથી કમાયેલી પ્રતિષ્ઠા જાળવી રાખી.' પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામાએ તેમના પુસ્તકમાં લખ્યું છે કે તેમની અને મનમોહન સિંહ વચ્ચે ઉષ્માભર્યા સંબંધો હતા. ઓબામા કહે છે કે મનમોહન સિંહ વિદેશ નીતિના મામલામાં ખૂબ જ સાવધ હતા અને તેમણે ભારતીય અમલદારશાહીને બાયપાસ કરીને વધુ દૂર જવાનું ટાળતા હતા, કારણ કે ભારતીય અમલદારશાહી ઐતિહાસિક રીતે અમેરિકન ઈરાદાઓ પર શંકા કરતી રહી છે.

### 'અસાધારણ બુદ્ધિશાળી વ્યક્તિ'

ઓબામાએ લખ્યું કે જ્યારે તેઓ ડૉ. મનમોહન સિંઘને મળ્યા ત્યારે તેમના વિશેની તેમની છાપની પુષ્ટિ થઈ કે તેઓ અસાધારણ બુદ્ધિમત્તા ધરાવતા વ્યક્તિ છે. પાર્ટીમાં ઓબામા જ્યારે મનમોહન સિંહને મળ્યા ત્યારે પત્રકારોથી દૂર રહેલા ડૉ.મનમોહન સિંહ દેશની અર્થવ્યવસ્થાને લઈને ચિંતિત જોવા મળ્યા. 2010માં મનમોહન સિંહને મળ્યા બાદ ઓબામાએ કહ્યું હતું કે 'જ્યારે ભારતના વડાપ્રધાન બોલે છે ત્યારે આખી દુનિયા સાંભળે છે.' આ બેઠક ત્યારે થઈ જ્યારે ડૉ. મનમોહન સિંહ જી-20 સમિટમાં ભાગ લેવા ટોરોન્ટો પહોંચ્યા હતા.

## અર્થશાસ્ત્રના પ્રોફેસરથી વડાપ્રધાન સુધીની સફર...



ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને અર્થશાસ્ત્રી ડૉ.મનમોહન સિંહનું 92 વર્ષની વયે અવસાન થયું. ભારતીય રાજકારણ અને આર્થિક સુધારામાં તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે. 1991માં ભારતીય અર્થવ્યવસ્થાને ઉદારીકરણના માર્ગ પર લઈ જનાર ડૉ.મનમોહન સિંહનું યોગદાન ક્યારેય ભૂલી શકાય તેમ નથી. તેમણે બે ટર્મ (2004-2014) માટે ભારતના વડા પ્રધાન તરીકે સેવા આપી હતી અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ડૉ. મનમોહન સિંહનો જન્મ 26 સપ્ટેમ્બર 1932ના રોજ અવિભાજિત ભારતના પંજાબ પ્રાંતમાં (હવે પાકિસ્તાનમાં) થયો હતો. 1947 માં ભારતના ભાગલા પછી, જ્યારે તેઓ 14 વર્ષના હતા ત્યારે તેમનો પરિવાર ભારત આવી ગયો. તેઓ નાનપણથી જ શિક્ષણ પ્રત્યે ઝુકાવ ધરાવતા હતા. તેણે પંજાબ યુનિવર્સિટીમાંથી પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું. આ પછી તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ડોક્ટરેટની પદવી મેળવી. ડો.સિંહ પોતાની કારકિર્દી શિક્ષક તરીકે શરૂ કરી હતી. તેમણે પંજાબ યુનિવર્સિટી, દિલ્હી સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ અને દિલ્હી યુનિવર્સિટીમાં ભણાવ્યું. અધ્યાપન પછી, તેમણે વહીવટી સેવાઓમાં પ્રવેશ કર્યો. 1972 થી 1976 સુધી તેઓ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર હતા. આ પછી, તેમણે 1982 થી 1985 સુધી ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર તરીકે સેવા આપી. 1985 થી 1987 સુધી તેઓ આયોજન પંચના અધ્યક્ષ પણ હતા. 1991 માં, જ્યારે ભારત ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે ડૉ. મનમોહન સિંહે તત્કાલીન વડા પ્રધાન પીવી નરસિમ્હા રાવની સરકારમાં નાણાં પ્રધાનનું પદ સંભાળ્યું હતું. તેમણે ઐતિહાસિક સુધારા કર્યા જે ભારતીય અર્થતંત્રને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ તરફ લઈ ગયા. તેમની નીતિઓએ ભારતને આર્થિક સંકટમાંથી બહાર કાઢ્યું અને વૈશ્વિક મંચ પર એક મજબૂત અર્થતંત્ર તરીકે સ્થાપિત કર્યું. તેમની શ્રેષ્ઠ સેવાઓ માટે તેમને 1993 અને 1994માં 'નાણા પ્રધાન ઓફ ધ યર'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. 2004માં ડૉ.મનમોહન સિંહ ભારતના 13મા વડાપ્રધાન બન્યા. તેઓ દેશના પ્રથમ શીખ વડાપ્રધાન હતા. તેમના નેતૃત્વમાં ભારતે માત્ર આર્થિક વિકાસ જ નથી કર્યો પરંતુ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની છબી પણ મજબૂત કરી છે. તેમના કાર્યકાળ દરમિયાન ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને શિક્ષણ ક્ષેત્રે મોટા ફેરફારો થયા. 2010માં તેમને સાઉદી અરેબિયાના 'ઓર્ડર ઓફ કિંગ અબ્દુલ અઝીઝ' અને 2014માં જાપાનના 'ગ્રાન્ડ કોર્ડન ઓફ ધ ઓર્ડર ઓફ ધ પાઉલોનિયા ફ્લાવર્સ'થી નવાજવામાં આવ્યા હતા. 1987માં તેમને ભારત સરકાર દ્વારા 'પદ્મ વિભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના નામે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો નોંધાયેલા છે. ડૉ.મનમોહન સિંહ હંમેશા તેમના સાદા જીવન અને પ્રામાણિક છબી માટે જાણીતા રહેશે. તેમણે હંમેશા દેશની પ્રગતિ અને સામાન્ય જનતાના કલ્યાણને પ્રાથમિકતા આપી. તેમનું નિધન ભારત માટે મોટી ખોટ છે. તેઓ એવા નેતા હતા જેમણે ભારતને માત્ર આર્થિક સંકટમાંથી ઉગાર્યું જ નહીં પરંતુ એક સમૃદ્ધ અને સ્થિર દેશનો પાયો પણ નાખ્યો. તેમનું જીવન આવનારી પેઢીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની રહેશે.

પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે 92 વર્ષની વયે અવસાન થયું. દેશ સહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સની દેઓલ, સંજય દત્ત, ચિરંજીવી સહિત ઘણા સેલેબ્સે તેમને શ્રદ્ધાંજલિ આપી, જ્યારે સ્વરા ભાસ્કરે મનમોહન સિંહ સાથે સંબંધિત એક કૉલેજ સ્ટોરી શેર કરી. જ્યારે તેમણે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સસ્પેન્ડ થતા બચાવ્યા હતા.

# મનમોહન સિંહના નિધનથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રી શોકમાં...

## સની દેઓલ, સંજય દત્તથી લઈને ચિરંજીવીએ આપી શ્રદ્ધાંજલિ, સ્વરાએ શેર કર્યો કિસ્સો...

ચિરંજીવીએ મનમોહન સિંહ સાથેની એક તસવીર શેર કરી અને લખ્યું, નાણામંત્રી તરીકેનું તેમના દૂરંદેશી યોગદાન અને ત્યારબાદ સતત બે ટર્મ માટે ભારતના 13મા વડાપ્રધાન તરીકેનો તેમનો ખૂબ જ સફળ કાર્યકાળ ઈતિહાસમાં નોંધવામાં આવશે. તેમના જેવા દિગ્ગજ નેતાના કાર્યકાળ દરમિયાન સંસદના સભ્ય અને પ્રવાસન રાજ્ય મંત્રી તરીકે સેવા આપવા બદલ હું સૌભાગ્યશાળી અને ભાગ્યશાળી અનુભવું છું. મને તેમની સાથેની મારી વાતચીત અને તેમની પાસેથી મળેલી પ્રેરણા અને જ્ઞાન હંમેશા યાદ છે. આ આપણા દેશ માટે એક મોટું નુકસાન છે. તેમના પરિવાર અને તેમના અસંખ્ય ચાહકો પ્રત્યે મારી ઊંડી સંવેદના. તમારા આત્માને શાંતિ મળે મનમોહનજી.
સની દેઓલે લખ્યું કે, ભારતના આર્થિક ઉદારીકરણને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સ્વપ્નદ્રષ્ટા નેતા ડૉ. મનમોહન સિંહના નિધનથી હું ખૂબ જ દુઃખી છું. રાષ્ટ્રના વિકાસમાં તેમની બુદ્ધિમત્તા, નિષ્ઠા અને યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે.
સંજય દત્તે લખ્યું, ડૉ. મનમોહન સિંહ જીના નિધનથી ખૂબ જ દુઃખી છું. ભારત માટે તેમનું યોગદાન ક્યારેય ભૂલી શકાશે નહીં.
સ્વરા ભાસ્કરે મનમોહન સિંહ માટે લખ્યું, મને યાદ છે જ્યારે મનમોહન સિંહ જેએનયુમાં આવ્યા હતા. હું વિદ્યાર્થી હતો. મને લાગે છે કે તે સમયે સિંગુ નંદીગ્રામ થયું હતું અથવા કદાચ તે છત્તીસગઢમાં નક્સલ વિરોધી ઓપરેશન હતું. કેમ્પસમાં વિરોધ પ્રદર્શનની ચર્ચા હતી. ત્યાં ઘણી સુરક્ષા હતી, પરંતુ ડાબેરી વિદ્યાર્થી સંગઠનો AISU, DSUએ કેમ્પસમાં કાળા ઝંડા લટકાવી દીધા હતા અને સૂત્રોચ્ચાર કરીને અને કાળા ઝંડા બતાવીને વડાપ્રધાનના ભાષણને રોકવાનો પ્રયાસ કર્યો હતો અને સફળ રહ્યા હતા. તે વિદ્યાર્થીઓને તાત્કાલિક દૂર કરવામાં આવ્યા હતા અને હાંકી કાઢવાની નોટિસ આપવામાં આવી હતી.
સ્વરાએ આગળ કહ્યું, અમે થોડા દિવસો પછી સાંભળ્યું કે PMOએ વાઈસ ચાન્સેલરને બોલાવીને કહ્યું- વિદ્યાર્થીઓને હાંકી કાઢવામાં ન આવે, કારણ કે વિરોધ કરવો તેમનો લોકતાંત્રિક અધિકારમાં છે. આજના ભારતીય રાજકારણ, નેતૃત્વ અને રાજકીય વાતાવરણમાં કેવો વિરોધાભાસ છે. મનમોહન સિંહ શા માટે મહાન વડાપ્રધાન હતા તેનો આ પુરાવો છે.
અનુપમ ખેરે એક વીડિયો શેર કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે એમ પણ લખ્યું કે, પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નિધનના સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું. 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' ફિલ્મ માટે મેં તેમનો દોઢ વર્ષ અભ્યાસ કર્યો. મને લાગે છે કે મેં તેની સાથે ઘણો સમય વિતાવ્યો છે. તેઓ સ્વાભાવિક રીતે જ સારા વ્યક્તિ હતા. તેઓ અત્યંત પ્રામાણિક, મહાન અર્થશાસ્ત્રી અને અત્યંત નમ્ર હતા.

































## 'પ્રપોઝલ એક્સેપ્ટ ન કરતાં શ્રદ્ધાએ મારવા છોકરાઓ મોકલ્યા'

### વરુણ ધવને કહ્યું- બાદમાં મને પણ તેની સુંદરતા જોઈને પસ્તાવો થયો...

(એજન્સી) મુંબઈ | તા.27

વરુણ ધવન અને શ્રદ્ધા કપૂર બાળપણના મિત્રો છે. એકવાર જ્યારે તેમના પિતા શક્તિ કપૂર અને ડેવિડ ધવન એક ફિલ્મ માટે શૂટિંગ કરી રહ્યા હતા, ત્યારે 8 વર્ષની શ્રદ્ધા પણ સેટ પર હાજર હતી. તેને વરુણથી પ્રેમ થઈ ગયો હતો. તે વરુણને પ્રપોઝ કરવા પહાડો પર પણ લઈ ગઈ હતી. જોકે, આ પ્રપોઝલ એક્ટરે ફગાવી દીધું હતું. આનાથી ગુસ્સે થઈને શ્રદ્ધાએ વરુણને માર માર્યો હતો.
છઠ્ઠા ધોરણમાં નતાશાને મળ્યો હતો યુટ્યુબર શુભંકર મિશ્રા સાથેની વાતચીતમાં વરુણે કહ્યું- જ્યારે મેં પહેલીવાર નતાશા (વરુણ ધવનની પત્ની)ને જોઈ ત્યારે મને લાગ્યું કે તે આ જ છોકરી છે. હું છઠ્ઠા ધોરણમાં હતો. તેમ છતાં મને તેની સાથે જોડાણ લાગ્યું. તેના પર શોના હોસ્ટે કહ્યું- શું આ કારણે તમે શ્રદ્ધા કપૂરને રિજેક્ટ કરી? આના પર વરુણ હસ્યો અને કહ્યું - ના, ના. પછી એક્ટરે આગળ કહ્યું- અમે આઠ વર્ષના હતા. આ ઉંમરે કયો છોકરો છોકરીને પસંદ કરે? હું મૂંઝવણમાં હતો કે શા માટે તે (શ્રદ્ધા) મને પહાડ પર લઈ જઈ રહી છે. ત્યાં જે કંઈ પણ થયું બધાને ખબર જ છે. પણ એ પછીની કહાની હું તમને કહીશ.
'પ્રપોઝલ એક્સેપ્ટ ન કરવા પર શ્રદ્ધાએ છોકરાને માર માર્યો' વરુણે કહ્યું- શ્રદ્ધાનો દસમો જન્મદિવસ હતો. તેણે મને તેની બર્થડે પાર્ટીમાં આમંત્રણ આપ્યું. તેણીએ ફ્રોક પહેર્યું હતું. તે સમયે લગભગ 4 છોકરાઓ હતા જે શ્રદ્ધાને પ્રેમ કરતા હતા. આ બર્થડે પાર્ટીમાં અમે બધા જમ્પિંગ બેગ સાથે રમતા હતા. અચાનક, હું આ છોકરાઓથી ઘેરાઈ ગયો અને તેઓએ મને પૂછ્યું - તને શ્રદ્ધા કેમ નથી ગમતી? પછી તેઓએ કહ્યું- ના, ના, તમારે ગમાડવું પડશે. તે મારી સાથે લડવા લાગ્યા અને પછી મને મારવા લાગ્યા. તેણે તે છોકરાઓને મને મારવા કહ્યું કારણ કે મેં પ્રપોઝલ એક્સેપ્ટ નહતું કર્યું.
વરુણે કહ્યું- મને શ્રદ્ધાની સુંદરતા જોઈને મારા નિર્ણય પર પસ્તાવો થયો વરુણે આગળ કહ્યું- શ્રદ્ધા ટીનેજમાં ખૂબ જ સુંદર બની ગઈ હતી.



## 'બિગ બી'ને ATM કાર્ડનો ઉપયોગ નથી આવડતું!

### અમિતાભે કહ્યું- ન તો ક્યારેય ATM ગયો છું, ન તો કેશ હોય છે; હું જયાજી પાસેથી લઈ લઉં છું

(એજન્સી) મુંબઈ | તા.27

અમિતાભ બચ્ચન તેમના શો 'કૌન બનેગા કરોડપતિ' સીઝન 16 માટે ચર્ચામાં છે. એક્ટરે હાલમાં જ જયા બચ્ચન સાથે જોડાયેલી એક ઘટના શેર કરી છે. તેમણે કહ્યું કે ATM કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા નથી અને ક્યારેય તેમની પાસે કેશ પણ રાખતા નથી. તેથી જ તે તેમની પત્ની પાસેથી કેશ માગે છે.
ATM કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરવો તે મને આવડતું નથી- અમિતાભ બચ્ચન આ એપિસોડમાં 'ઈન્ડિયા ચેલેન્જર વીક'ની સ્પર્ધક પ્રિયંકા હોટ સીટ પર બેઠી હતી. શો દરમિયાન તેણે અમિતાભને ઘણા રસપ્રદ પ્રશ્નો પૂછ્યા. પ્રિયંકાએ પૂછ્યું, 'શું તમે ક્યારેય ATMમાંથી પૈસા ઉપાડ્યા છે અને તમારું બેલેન્સ ચેક કર્યું છે?' આ સવાલના જવાબમાં અમિતાભ હસતા હસતા કહે છે - 'ન તો ક્યારેય એટીએમ ગયો છું, ન તો મારી પાસે કેશ હોય છે, કારણ કે મને એટીએમનો ઉપયોગ કરતાં જ આવડતું નથી. પરંતુ જયા જી પાસે હંમેશા કેશ હોય છે, તેથી હું તેમની પાસેથી જ પૈસા માંગું છું. કન્ટેસ્ટન્ટ અમિતાભને ઘણા પ્રશ્નો પૂછ્યા આ વાતચીતમાં કન્ટેસ્ટન્ટ પ્રિયંકાએ બીજો પ્રશ્ન પૂછ્યો, જ્યારે હું ઓફિસેથી ઘરે જાઉં છું, ત્યારે મમ્મી મને કોથમીર કે કંઈક લાવવાનું કહે છે? શું જયા મેડમ પણ તમને આ રીતે કહે છે? અમિતાભે હસીને કહ્યું, 'બિલકુલ તે કહે છે, તે કહે છે કે પોતાને પણ ઘરે લઈ આવજો.' અમિતાભ જયા બચ્ચન માટે ગજરો ખરીદે છે અમિતાભ બચ્ચને તેમની પત્ની જયા બચ્ચન વિશે પણ જણાવ્યું - જયાજીને ગજરો ખૂબ જ પસંદ છે, તેથી જ્યારે પણ નાના બાળકો રસ્તામાં ગજરો વેચવા આવે છે, હું તેમની પાસેથી ગજરો ચોક્કસ ખરીદું છું. ક્યારેક હું તે ગજરો જયાજીને આપું છું અથવા ક્યારેક મારી કારમાં રાખું છું, કારણ કે મને તેની સુગંધ પણ ગમે છે. કેબીસીની પ્રથમ સિઝન વર્ષ 2000માં આવી હતી શો 'કૌન બનેગા કરોડપતિ'ની સીઝન 16 સોની ટીવી પર ઓગસ્ટ 2024માં શરૂ થઈ છે. આ શોની પ્રથમ સિઝન વર્ષ 2000માં ઓન એર થઈ હતી.

## જુનેદ ખાન અને ખુશી કપૂરની આગામી ફિલ્મનું શીર્ષક આ રહ્યું!

# લવયાપા

### અદ્વૈત ચંદનના દિગ્દર્શિત ફિલ્મ 7મી ફેબ્રુઆરી 2025ના રોજ સિનેમાઘરોમાં આવશે!

(એજન્સી) મુંબઈ | તા.27

ફેન્ટમ સ્ટુડિયો અને એજીએસ એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત અને સ્વપ્નદ્રષ્ટા અદ્વૈત ચંદન દ્વારા દિગ્દર્શિત, જુનૈદ ખાન અને ખુશી કપૂરની થિયેટર ડેબ્યૂનું શીર્ષક, 'લવયાપા' જાહેર કરવામાં આવ્યું છે.
આગામી રોમ-કોમ તેના યુવા વશીકરણ અને ચેપી ઉર્જા સાથે મોટી સ્ક્રીનને પ્રકાશિત કરવા માટે તૈયાર છે. ચાહકો આ બે ઉભરતા સ્ટાર્સ વચ્ચેની સિઝલિંગ કેમિસ્ટ્રી જોવા માટે રાહ જોઈ શકતા નથી, જેમનું પ્રદર્શન આધુનિક સમયની રોમેન્ટિક કોમેડીને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે.
જુનેદ ખાન અને ખુશી કપૂરની આગામી ફિલ્મનું શીર્ષક આ રહ્યું! લવયાપા, અદ્વૈત ચંદનના દિગ્દર્શિત ફિલ્મ 7મી ફેબ્રુઆરી 2025ના રોજ સિનેમાઘરોમાં આવશે!




ફેન્ટમ સ્ટુડિયો અને એજીએસ એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત અને સ્વપ્નદ્રષ્ટા અદ્વૈત ચંદન દ્વારા દિગ્દર્શિત, જુનૈદ ખાન અને ખુશી કપૂરની થિયેટર ડેબ્યૂનું શીર્ષક, 'લવયાપા' જાહેર કરવામાં આવ્યું છે.
આગામી રોમ-કોમ તેના યુવા વશીકરણ અને ચેપી ઉર્જા સાથે મોટી સ્ક્રીનને પ્રકાશિત કરવા માટે તૈયાર છે. ચાહકો આ બે ઉભરતા સ્ટાર્સ વચ્ચેની સિઝલિંગ કેમિસ્ટ્રી જોવા માટે રાહ જોઈ શકતા નથી, જેમનું પ્રદર્શન આધુનિક સમયની રોમેન્ટિક કોમેડીને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે.

## શરદ કેલકરે સંજય લીલા ભણસાલીને પરફેક્શનિસ્ટ ગણાવ્યા...

### કામ વિશે ક્યારેય મજાક નથી કરતાં, ખૂબ કડક છે, બિગ બીને પણ રિટેક કરાવી શકે છે

(એજન્સી) મુંબઈ | તા.27



અભિનેતા શરદ કેલકરે તાજેતરમાં સંજય લીલા ભણસાલી વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે ભણસાલી સાથે કામ કરવું કોઈ પડકારથી ઓછું નથી, કારણ કે તેઓ પોતાના કામમાં પરફેક્શન ઈચ્છે છે. આ માટે, તે અમિતાભ બચ્ચન જેવા મોટા અભિનેતા પાસેથી પણ રિટેક લેવામાં અચકાતા નથી.
હિન્દી રશને આપેલા ઈન્ટરવ્યૂમાં શરદ કેલકરે કહ્યું હતું કે, 'સંજય લીલા ભણસાલી સર સાથે કામ કરવું ખૂબ જ પડકારજનક છે. તે એક્ટરને સખત મહેનત કરાવે છે અને તે જે ઈચ્છે છે તે મેળવે છે.'
શરદના કહેવા પ્રમાણે, ભણસાલીની દરેક ફિલ્મ માટે એક વિઝન હોય છે. તે પોતાના મનમાં પહેલાથી જ ફિલ્મ તૈયાર કરે છે અને જો કોઈ ભૂલ હોય તો તેને વારંવાર સુધારે છે. તે થોડા પરફેક્શનિસ્ટ છે. પાત્રો શું કરશે અને તેમની મર્યાદા શું હશે તે તેમના મગજમાં સ્પષ્ટ હોય છે. તે તમને તેના વિચારોની નજીક લાવવા માટે તમને ખૂબ જ સખત મહેનત કરાવે છે. કેટલીકવાર આ દબાણ કેટલાક લોકોને પરેશાન કરી શકે છે, જ્યારે અન્યને તે ગમે છે.'
શરદે આગળ કહ્યું, 'ભંસાલી સર અમિતાભ જી પાસેથી ગમે તેટલા ટેક લઈ શકે છે. જો તેમને તે પસંદ ન હોય તો તે ના પણ પાડી શકે છે. તે પોતાના કામ પ્રત્યે ખૂબ જ કડક છે'

# કાંગારુ ખેલાડીને ધક્કો માર્યો: ICCએ 5 કલાકની અંદર જ કોહલીને ફટકારી સજા



(એજન્સી) મેલબોન તા 27

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલી તેના આક્રમક સ્વભાવ માટે જાણીતો છે અને તે ઘણી વખત મેદાન પર વિરોધી ખેલાડીઓ સાથે ઉગ્ર ચર્ચા અથવા સ્લેજિંગ કરતા મળ્યો છે. એના કારણે ઘણી વખત મેદાનમાં ગરમાગરમી પણ જોવા મળી છે, જોકે છેલ્લાં કેટલાંક વર્ષોમાં કોહલીએ પોતાનો સ્વભાવ ઘણો બદલ્યો છે અને હવે તે મેદાન પર કોઈની સાથે લડતો જોવા નથી મળતો, પરંતુ મેલબોર્ન ટેસ્ટમાં તેણે પોતાના પરનો કાબૂ ગુમાવી દીધો અને ઓસ્ટ્રેલિયાના 19 વર્ષીય બેટર અને ડેબ્યૂટન્ટ સેમ કોન્સ્ટાસને ધક્કો માર્યો. ICCએ 5 કલાકમાં જ વિરાટ કોહલી વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. કોહલીને મેચ ફીના 20% દંડ અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. વિરાટ કોહલી અને સેમ કોન્સ્ટાસ વચ્ચે શું થયું? હકીકતમાં ઓસ્ટ્રેલિયાની ઈનિંગ્સની 10મી ઓવર મોહમ્મદ સિરાજે ફેંકી હતી અને છેલ્લા બોલ પર એક રન આવ્યો હતો. આ પછી કોન્સ્ટાસ છેડો બદલવા માટે બીજી બાજુ જઈ રહ્યો હતો ત્યારે સામેથી વિરાટ કોહલી આવ્યો અને યુવા ખેલાડીને ધક્કો માર્યો. જવાબમાં કોન્સ્ટાસે કોહલીને કંઈક કહ્યું, જેના પર ભારતીય ખેલાડી તેની તરફ વળ્યો અને ચર્ચા કરતો જોવા મળ્યો. બંને વચ્ચે ચર્ચા વધુ આગળ વધે એ પહેલાં ઉસ્માન ખ્વાજા અને ઓન-ફીલ્ડ અમ્પાયર માઈકલ ગોફે મામલો શાંત પાડ્યો હતો. જોકે હવે ICC કોહલીના આ પગલાનો રિવ્યૂ કરવા જઈ રહ્યું છે અને તેના કારણે તેના પર પ્રતિબંધનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે.હવે ICC આ મામલાના કોઈ નિષ્કર્ષ પર પહોંચવા માટે પહેલાં ઘટનાની તપાસ કરશે. પરંતુ, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પહેલાંથી જ લાગે છે કે આમાં વિરાટ કોહલીની ભૂલ છે.સેમ કોન્સ્ટાસ જેમાં તેણે જસપ્રીત બુમરાહને 2 સિક્સર ફટકારી, જેણે આ સિરીઝમાં અત્યાર સુધી શ્રેષ્ઠ બોલિંગ કરી છે.

## વિરાટને 3-4 ડીમેરિટ પોઈન્ટ્સનું નુકસાન

cricket.com.au અનુસાર, આ બંને ખેલાડીઓ વચ્ચે જે પણ થયું છે, તેની હવે ICC ઑફિશિયલ્સ રિવ્યૂ કરશે. એન્ડી પાયક્રોફ્ટ આ મેચમાં રેફરીની ભૂમિકામાં છે અને તેઓ આ મામલાને જોશે. તમને જણાવી દઈએ કે આવી ઘટનાને લઈને ICCના નિયમો કહે છે કે ક્રિકેટમાં કોઈપણ પ્રકારનો અયોગ્ય શારીરિક સંપર્ક પ્રતિબંધિત છે. જો કોઈ ખેલાડી જાણી જોઈને, વિચારીને/કોઈપણ રીતે બીજા ખેલાડી અથવા અમ્પાયરની સામે ચાલે અથવા દોડે અથવા ખભો મારે તો ખેલાડીઓ આ નિયમનો ભંગ કર્યો ગણાશે.પોન્ટિંગે ચેનલ 7 પર કહ્યું કે વિરાટ આખી પિચ પર ચાલી રહ્યો છે, જે તેના ઈરાદા દર્શાવે છે. મને ખાતરી છે કે તે તેની ભૂલ છે. મને આશા છે કે અમ્પાયર અને રેફરીએ પણ જોયું હશે કે શું થયું. જ્યાં સુધી કોન્સ્ટાસની વાત છે, એવું લાગે છે કે તેને ખૂબ મોડું થયું કે સામેથી કોઈ આવી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટને આશા દરમિયાનગીરી કરશે.

# INDvsAUS: મેલબોર્ન ટેસ્ટમાં ભારતની હાલત ખરાબ, ફોલોઓનનો ખતરો

## આજે મેચનો બીજો દિવસ

(એજન્સી) મેલબોન તા 27

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટ 26 ડિસેમ્બરથી મેલબોર્નમાં શરૂ થઈ હતી. મેચનો બીજો દિવસ (27 ડિસેમ્બર) ઓસ્ટ્રેલિયાના નામે રહ્યો હતો. બીજા દિવસે કાંગારૂ ટીમનો પ્રથમ દાવ 474 રનમાં ઓલઆઉટ થઈ ગયો હતો. સ્ટમ્પના સમયે ભારતીય ટીમનો સ્કોર 164/5 હતો.

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT) હેઠળ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ (MCG) ખાતે રમાઈ રહી છે. આ મેચ 26 ડિસેમ્બરે શરૂ થઈ હતી. મેચનો બીજો દિવસ (27 ડિસેમ્બર) ઓસ્ટ્રેલિયાના બોલરોના નામ પર તેના બેટ્સમેનો હતો. કાંગારૂ બોલરોએ છેલ્લા સેશનમાં માત્ર 6 રનમાં ભારતની 3 વિકેટ ઝડપી હતી. આવી સ્થિતિમાં હવે ઓસ્ટ્રેલિયાની ટીમ આ મેચમાં ડ્રાઈવિંગ સીટ પર છે. ભારતીય ટીમનો સ્કોર સ્ટમ્પ સુધી 164/5 (46 ઓવર) છે. ફોલોઓનથી બચવા માટે ભારતે 275 રનનો સ્કોર પાર કરવો પડશે. દિવસની રમત પૂરી થઈ ત્યારે રિષભ પંત (અણનમ 6), રવિન્દ્ર જાડેજા (4 અણનમ) હજુ પણ ઊભા હતા. આ મેચની પ્રથમ ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાની ટીમ 474 રન પર જ સિમિત રહી હતી. સ્ટીવ સ્મિથે 140 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જ્યારે જસપ્રીત બુમરાહે સૌથી વધુ 4 વિકેટ લીધી હતી.

વિકેટ: 1-8 (રોહિત શર્મા, 2 ઓવર), 2-51 (કેએલ રાહુલ, 15 ઓવર), 153-3 (યશશ્વી જયસ્વાલ, 41), 154-4 (વિરાટ કોહલી, 42.1), 159-5 ( આકાશ દીપ, 44.3)



### યશસ્વી આઉટ થતાની સાથે જ વિકેટોનો ધમધમાટ શરૂ થઈ ગયો...

ભારત માટે પ્રથમ દાવની શરૂઆત કરવા માટે રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ આવ્યા હતા. પરંતુ રોહિત શર્મા દિવસની બીજી ઓવરમાં કાંગારૂ કેપ્ટન પેટ કમિન્સના બોલ પર ચાલ્યો ગયો. જ્યારે કેએલ રાહુલની જોડી યોગ્ય હોય તેવું લાગતું હતું પરંતુ તે પણ પેટ કમિન્સના બોલથી બોલ્ડ થયો હતો.

આ પછી કોહલી અને યશસ્વીએ મળીને 102 રનની ભાગીદારી કરી હતી. પરંતુ તે પછી યશસ્વી જયસ્વાલ રન ચોરી કરવાનો પ્રયાસ કરતી વખતે 82 રને આઉટ થયો હતો. આ પછી સ્કોરબોર્ડમાં વધુ એક રન ઉમેરાયો જ્યારે સ્કોટ બોલેન્ડે પીચ પર સેટલ થયેલા વિરાટ કોહલીને એલેક્સ કેરીના હાથે વિકેટ પાછળ કેચ આઉટ થયો. ત્યારબાદ આકાશ દીપ (0) આઉટ થયો હતો. આ રીતે યશસ્વી, કોહલી અને આકાશ દીપની વિકેટ 6 રનમાં જ પડી ગઈ હતી.

# મેલબોર્ન ટેસ્ટમાં કોહલીની સુરક્ષામાં ચૂક



(એજન્સી) મેલબોર્ન તા 27

મેલબોર્ન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ડેબ્યુટન્ટ સેમ કોન્સ્ટાસ સાથે વિરાટ કોહલીની ટક્કર ચર્ચામાં રહી હતી. આ સિવાય તેનો એક વીડિયો ચર્ચામાં છે. એક ચાહક વિરાટ કોહલીને મળવા માટે મેદાનમાં આવ્યો હતો અને વિરાટ કોહલીના ખભા પર હાથ પણ રાખ્યો હતો. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ચોથી મેચ મેલબોર્નના ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાય રહી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પહેલા બેટિંગ કરી ટીમ ઈન્ડિયા સામે મોટો સ્કોર રાખ્યો છે. મેલબોર્ન ટેસ્ટના પહેલા દિવસે વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયાના ડેબ્યુ કરી રહેલા ખેલાડી સેમ ડેબ્યુટન્ટ સાથે ચર્ચામાં આવ્યો હતો. પરંતુ આ વચ્ચે કોહલીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક ચાહક મેદાન પર કોહલી પાસે પહોંચે છે અને વિરાટ કોહલીના ખભા પર હાથ રાખે છે.

### મેદાનમાં ઘુસ્યો વિદેશી ચાહક

આ ઘટના મેલબોર્ન ટેસ્ટના બીજા દિવસે ઓસ્ટ્રેલિયાની બેટિંગ દરમિયાન બની હતી. એક ચાહક અચાનક મેદાનમાં આવે છે અને સીધો ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીની પાસે જાય છે. વિરાટ સ્લિપમાં ફીલ્ડિંગ કરી રહ્યો હતો. ત્યારે ચાહક તેની પાસે જાય છે. આ ચાહક વિરાટના ખભા પર હાથ રાખે છે, તે દરમિયાન સુરક્ષાકર્મીઓ ત્યાં પહોંચી જાય છે અને તેની પકડી મેદાનની બહાર લઈ જાય છે.

# 101 રનની તોફાની ઈનિંગમાં છગ્ગા અને ચોગ્ગાની મદદથી બનાવ્યા 72 રન કર્યા

(એજન્સી) સિડની તા 27

બિગ બેશ લીગની 11મી લીગ મેચમાં સિડની સિક્સર્સે મેલબોર્ન સ્ટાર્સને 8 વિકેટે હરાવ્યું હતું. જેમ્સ વિન્સે શાનદાર સદી ફટકારી અને અંત સુધી અણનમ રહ્યો. તેની તોફાની ઈનિંગના કારણે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર એક મોટો રેકોર્ડ બની ગયો છે.

101 રનની તોફાની ઈનિંગમાં છગ્ગા અને ચોગ્ગાની મદદથી બનાવ્યા 72 રન કહેવાય છે કે રેકોર્ડ બનાવતાની સાથે જ તોડી નાખવાનો હોય છે અને બિગ બેશ લીગની 11મી મેચમાં પણ આવું જ જોવા મળ્યું હતું. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી મેચમાં સિડની સિક્સર્સે મેલબોર્ન સ્ટાર્સને 8 વિકેટે હરાવ્યું હતું. મોટી વાત એ છે કે સિડનીની ટીમે 195 રનનો વિશાળ લક્ષ્યાંક હાંસલ કર્યો જે એક રેકોર્ડ છે.



### 12 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા

જેમ્સ વિન્સે જોશ ફિલિપી સાથે મળીને ટીમને ઝડપી શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ વિકેટ માટે 48 બોલમાં 83 રન જોડ્યા હતા. ફિલિપી 23 બોલમાં 42 રન બનાવીને આઉટ થયો હતો, પરંતુ વિન્સ વિકેટ પર ટકી રહ્યો હતો. આ ખેલાડીએ 12 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી પોતાની સદી પણ પુરી કરી અને ટીમને જીત તરફ દોરી ગયો. જોર્ડન સિલ્કે પણ 19 બોલમાં અણનમ 34 રન બનાવીને ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું છે, જેમ્સ વિન્સે બિગ બેશ લીગમાં પ્રથમ વખત સદી ફટકારી છે. તેણે આ ટૂર્નામેન્ટમાં 74 ઈનિંગ્સમાં 2088 રન બનાવ્યા છે. આ સદી પહેલા તેણે 10 અડધી સદી ફટકારી હતી.

# ડેબ્યૂ ટેસ્ટ મેચના પ્રથમ બોલ પર જ બનાવ્યો રેકોર્ડ

(એજન્સી) કેપટાઉન તા 27

એક તરફ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબોર્નમાં રમાયેલી બોક્સિંગ ડે ટેસ્ટ મેચમાં યુવા બેટ્સમેન સેમ કોન્સ્ટેન્ટ્સે પોતાની ડેબ્યુ ટેસ્ટમાં પહેલી જ ઈનિંગમાં શાનદાર અડધી સદી ફટકારી હતી, તો હજારો માઈલ દૂર સેન્ચુરિયનમાં કોર્બિન બોશે પણ પોતાની ડેબ્યૂ ટેસ્ટ મેચમાં પહેલા જ બોલ પર વિકેટ લઈ શાનદાર શરૂઆત કરી હતી.ક્રિકેટ જગતમાં બોક્સિંગ ડે ટેસ્ટ મેચનું ઘણું મહત્વ છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકામાં દર વર્ષે 26મી ડિસેમ્બરથી કોઈને કોઈ ટેસ્ટ મેચ શરૂ થાય છે. આ બંને દેશો માટે ટેસ્ટ ક્રિકેટ રમનાર દરેક ખેલાડી બોક્સિંગ ડે ટેસ્ટનો ભાગ બનવા માંગે છે. જો કોઈ ખેલાડીને આવી ટેસ્ટમાં ડેબ્યૂ કરવાની તક મળે છે, તો તે વધુ વિશેષ અનુભવે છે અને જો પહેલા જ દિવસે સારું પ્રદર્શન કરઈ સફળતા મળે તો



ડેબ્યૂ મેચ ખાસ બની જાય છે.એક તરફ યુવા ઓપનર સેમ કોન્સ્ટેન્ટ્સે મેલબોર્નમાં ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટમાં જબરદસ્ત અડધી સદી ફટકારી હતી, તો બીજી તરફ સેન્ચુરિયનમાં દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ટેસ્ટમાં ફાસ્ટ બોલર કોર્બિન બોશે ડેબ્યૂ મેચના પહેલા જ બોલ પર વિકેટ લઈને ઈતિહાસ રચ્યો હતો.

# ટીમ ઈન્ડિયાએ પૂર્વ PM મનમોહન સિંહને પાઠવી શ્રદ્ધાંજલિ

(એજન્સી) મેલબોર્ન તા 27

ભારતના પૂર્વ પીએમ ડૉ.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે નિધન થયું. તેમના નિધનથી સમગ્ર દેશમાં શોકનું વાતાવરણ છે. તેમના નિધન પર દુનિયાભરમાંથી શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર સિરીઝની ચોથી ટેસ્ટ રમી રહેલી ટીમ ઈન્ડિયાએ પણ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. આ જ કારણ છે કે મેચના બીજા દિવસે ટીમના ખેલાડીઓ હાથ પર કાળી પટ્ટી બાંધીને રમવા આવ્યા હતા. ભૂતપૂર્વ વડા પ્રધાન, ખુબ સજ્જન અને સ્વપ્નદ્રષ્ટા નેતા, ડૉ. મનમોહન સિંહજીના આકસ્મિક અવસાનના સમાચારથી દુઃખ થયુ, ડો. સાહેબને તેમના યોગદાન માટે રાષ્ટ્ર હંમેશા યાદ રાખશે. તેમના પરિવાર અને સંબંધીઓ પ્રત્યે મારી સંવેદના. બોક્સિંગ ડે ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ટીમે છ વિકેટે 311 રન બનાવી લીધા હતા. ટીમના ચાર શરૂઆતી ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું અને ફિફ્ટી ફટકારી. મેચના પહેલા દિવસે ભારત માટે ઝડપી બોલર જસપ્રિત બુમરાહે શાનદાર બોલિંગ કરી અને સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી.



# ILT20 ના થર્ડ એડિશનમાં ટીમ સાઉથી શારજાહ વોરિયર્સની કેપ્ટન્સી સંભાળશે

(એજન્સી) દુબઈ તા 27

ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર ટીમ સાઉથી ડીપી વર્લ્ડ આઈએલટી20ની ત્રીજી એડિશનમાં શારજાહ વોરિયર્સ ટીમની કેપ્ટન્સી સંભાળશે. શારજાહ વોરિયર્સનું માનવું છે કે સાઉથીનો અનુભવ તથા રમતનું જ્ઞાન આઈએલટી20ની આગામી સીઝન માટે ટીમને મજબૂતી આપશે. નોંધનીય છે કે આઈએલટી20ની આગામી સિઝનની શરૂઆત 11 જાન્યુઆરીએ થશે અમને શારજાહ વોરિયર્સ પોતાની પ્રથમ મેચ 12 જાન્યુઆરીએ ગુજરાત જાયન્ટ્સની વિરુદ્ધ રમશે. આ અવસર પર સાઉથીએ જણાવ્યું હતું કે શારજાહ વોરિયર્સ પાસે એક શાનદાર ટીમ છે કે જેમાં અનેક સારા બેટ્સમેન છે અને કુશળ બોલર્સ પણ છે. આટલા બધા પ્રભાવશાળી ક્રિકેટર્સની કેપ્ટન્સી કરવી અને તેમની સાથે રહેવું વાસ્તવમાં રોમાંચક રહેશે. ટીમ મેનેજમેન્ટની સાથેની વાતચીત પણ અત્યાર સુધી ખુબ જ સફળ રહી છે અને



અમને પુરો ભરોસો છે કે આ સિઝન સારી રહેશે. હું આ ટીમમાં સામેલ થવામાં અને તેનું નેતૃત્વ કરવા માટે ખરેખર ઉત્સાહિત છું. શારજાહ વોરિયર્સના મુખ્ય કાર્યકારી ક્ષેમલ વેનગંકરે જણાવ્યું હતું કે અમે કેપ્રી સ્પોર્ટ્સમાં ટીમ સાઉથીને શારજાહ વોરિયર્સ ટીમમાં કેપ્ટન તરીકે સામેલ કરીને ખુબ ઉત્સાહિત છીએ. ક્રિકેટની રમત પ્રત્યે તેમની કાર્ય નીતિ તથા સમર્પણ બેમિસાલ છે તથા લડતા રહેવાની તેમની દ્રઢતા યોદ્ધા ભાવના સાથે સંપુર્ણપણે મેળ ખાય છે. સાઉથી આઈએલટી20ની આગામી સિઝન માટે અમારી ટીમને મજબૂત તો કરશે જ સાતોસાથ તેમાં વધારે ઊંડાણ અને અનુભવનો પણ ઉમેરો કરશે.

# જોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપન માટે તેની નવી કિટ જાહેર કરી

(એજન્સી) અમેરિકા તા 27

જોકોવિચ લેકોસ્ટે કિટમાં મેદાનમાં ઊતરશે સર્બિયાનો દિગ્ગજ ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ આગામી વિમ્બલ્ડનમાં કેવા આઉટફિટમાં મેદાનમાં ઊતરશે તેનો ખુલાસો થઈ ગયો છે. જોકોવિચ આ વખતે ઓસ્ટ્રેલિયન ઓપનમાં લેકોસ્ટે કિટમાં સજ્જ થઈને મેદાનમાં ઊતરશે. 37 તે વર્ષના પહેલી ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમવા ઊતરશે. ઓસ્ટ્રેલિયન ઓપનનો પ્રારંભ આગામી 12 જાન્યુઆરીએ થશે અને તેનો અંત 26 જાન્યુઆરી, 2025ના રોજ થશે. તાજેતરમાં જ જોકોવિચની કિટની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી હતી. તસવીરમાં જોકોવિચની કિટની ડિઝાઈન જોવા મળી હતી. તેની કિટમાં કાળી પટ્ટીઓ સાથે વાદળી રંગનું ટી-શર્ટ તેમજ ડાબી તરફ લેકોસ્ટેનો લોગો હતો.

# કેએલ રાહુલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10 વર્ષ પૂરા કર્યા

(એજન્સી) નવી દિલ્હી તા 27

ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલે પોતાના ઈન્ટરનેશનલ કરિયરના 10 વર્ષ પૂરા કર્યા છે. રાહુલે વર્ષ 2014માં ઓસ્ટ્રેલિયા સામે બોક્સિંગ ડે ટેસ્ટથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી, હવે ફરી એકવાર તે એ જ ટીમ સામે બોક્સિંગ ડે ટેસ્ટ રમી રહ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટ શરૂ થઈ ગઈ છે. 2024-25 બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની આ ચોથી ટેસ્ટ છે. બંને ટીમો વચ્ચેની આ મેચ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલ માટે આ મેચ ખૂબ જ ખાસ છે.કેએલ રાહુલનો જન્મ વર્ષ 1992માં બેંગલુરુમાં થયો હતો. તેમનું આખું નામ કન્નૌર લોકેશ રાહુલ છે, પરંતુ તે મોટાભાગે કેએલ રાહુલ તરીકે ઓળખાય છે. રાહુલે 11 વર્ષની ઉંમરે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું. 2014માં પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરનાર કેએલ રાહુલે ભારતીય ટીમ માટે અત્યાર સુધીમાં 77 ODI અને 72 T20 મેચ રમી છે. ઓસ્ટ્રેલિયા સામે 26 ડિસેમ્બરથી શરૂ થયેલ બોક્સિંગ ડે ટેસ્ટ તેની કારકિર્દીની 57મી ટેસ્ટ મેચ છે.રાહુલે તેની કારકિર્દીમાં અત્યાર સુધી 3216 ટેસ્ટ રન બનાવ્યા છે. આ સિવાય તેણે 77 ODI મેચમાં 2851 રન બનાવ્યા છે. કેએલ રાહુલે તેની T20 કારકિર્દીમાં 72 મેચ રમીને 2,265 રન પણ બનાવ્યા છે. આ દરમિયાન તેણે ટેસ્ટમાં 8 સદી, વનડેમાં 7 સદી અને T20માં 2 સદી ફટકારી છે. કેએલ રાહુલ હંમેશા ટેસ્ટ ફોર્મેટમાં વિદેશ પ્રવાસ પર ભારત માટે મ હ ત્ વ ન ા ખેલાડીઓમાંથી એક રહ્યો છે. ટેસ્ટ કારકિર્દીની 8 વિદેશી ફટકારી છે. અત્યાર સુધીમાં તેણે દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડમાં 2-2 ટેસ્ટ સદી ફટકારી છે.



# રોનાલ્ડોએ લગાવી માઈનસ 20 ડિગ્રી ઠંડા પાણીમાં ડૂબકી

(એજન્સી) પેરિસ તા 27

ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો લેપલેન્ડમાં તેના પરિવાર સાથે ક્રિસમસની રજાઓ ઉજવી રહ્યો છે. તેણે માઈનસ 20 ડિગ્રી ઠંડા પાણીમાં ડૂબકી મારતો એક વીડિયો શેર કર્યો છે, જે ચાહકોને ખૂબ જ રોમાંચિત કરી રહ્યો છે. વિશ્વનો મહાન ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ક્રિસમસની રજાઓ મનાવવા માટે તેના પરિવાર સાથે ફિનલેન્ડના લેપલેન્ડ ગયો છે. આ દરમિયાન તેનો એક વીડિયો ફેન્સને રોમાંચિત બર્ફીલા સ્વિમિંગ પૂલમાં ડૂબકી મારતો એક વીડિયો શેર કર્યો છે. આમાં તે માત્ર શોર્ટ્સમાં જોવા મળે છે અને તેની આસપાસના તાપમાનનો ઉલ્લેખ કરી રહ્યો છે.

# સ્ટીવ સ્મિથે ભારત સામે રચ્યો ઈતિહાસ

(એજન્સી) મેલબોર્ન તા 27

બોર્ડર-ગાવસ્કર સિરીઝની ચોથી ટેસ્ટમાં કાંગારૂ ટીમના દિગ્ગજ બેટ્સમેન સ્ટીવ સ્મિથે ભારત સામે પોતાની કારકિર્દીની 34મી સદી ફટકારીને ઈતિહાસ રચી દીધો છે. પોતાની કારકિર્દીની 114મી ટેસ્ટમાં 34મી સદી ફટકારીને સ્મિથ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી 34 સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. તેણે પોતાના ટેસ્ટ કરિયરની 34મી સદી 167 બોલમાં પૂરી કરી હતી.સ્મિથ હવે જો રૂટને પાછળ છોડીને ટીમ ઈન્ડિયા સામે સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે. સ્મિથે માત્ર 43મી ઈનિંગ્સમાં ભારત સામે તેની 11મી ટેસ્ટ સદી ફટકારી હતી. ઈંગ્લિશ બેટ્સમેન રૂટે 10 સદી માટે 55 ઈનિંગ્સ રમી હતી. આ યાદીમાં સર ગારફિલ્ડ સોબર્સ, સર વિવિયન રિચર્ડ્સ અને રિકી પોન્ટિંગ આઠ-આઠ સદી સાથે સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે.સ્મિથે ભારત સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીના ઈતિહાસમાં દસ સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે. આ સાથે જ આ શ્રેણીમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ પણ સ્મિથના નામે નોંધાઈ ગયો છે. તેણે આ મામલે ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીને હરાવ્યો હતો.મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર સ્મિથની આ પાંચમી સદી છે અને આ મામલે તેણે સર એલન બોર્ડર, બિલ લોરી, રિકી પોન્ટિંગ અને ગ્રેગ ચેપલ જેવા આ તમામના નામે MCGમાં ચાર સદી છે. સ્મિથે કમિન્સ સાથે 100થી વધુ રનની ભાગીદારી કરી હતી.

# પાકિસ્તાની બેટ્સમેને સા.આફ્રિકાના ખેલાડીઓને ગુસ્સામાં બોલ્યા અપશબ્દો

કેપટાઉન તા 27

દક્ષિણ આફ્રિકા હાલમાં પાકિસ્તાનની ટીમની યજમાની કરી રહ્યું છે. T20 અને ODI સિરીઝની સમાપ્તિ બાદ હવે બંને ટીમો બે ટેસ્ટ મેચની સિરીઝમાં આમને-સામને છે. દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટ શરૂ થઈ ગઈ છે. મેચના પહેલા દિવસે એક એવી ઘટના જોવા મળી જે ચર્ચામાં છે. પાકિસ્તાની બેટ્સમેન કામરાન ગુલામ કાગીસો રબાડા અને કાઈલ વેરેને સાથે અથડાતો જોવા મળ્યો હતો. કામરાન ગુલામ તેના આક્રમક વલણ માટે ખૂબ જ પ્રખ્યાત છે. મેચના પહેલા દિવસે તેને કાગીસો રબાડા અને વિકેટકીપર બેટ્સમેન વરેને સામે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. રબાડા પરેશાન કરી રહ્યો હતો. આ દરમિયાન કામરાન રબાડા બોલ ફેંકે તે પહેલા જ વિકેટથી દૂર ખસી જાય છે.

### પાકિસ્તાનમાં મિલિટરી હોસ્પિટલમાં શિફ્ટ સંસદ અને પુલવામા હુમલાનો માસ્ટરમાઈન્ડ રહ્યો છે

## આતંકવાદી મસૂદ અઝહરને અફઘાનિસ્તાનમાં હાર્ટ એટેક આવ્યો

(એજન્સી) ઇસ્લામાબાદ તા 27

આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો ચીફ અને ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકી મસૂદ અઝહરને હાર્ટ એટેક આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મસૂદ અઝહર અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં આતંકીઓને ટ્રેનિંગ આપી રહ્યો હતો. અહીં જ તેને હાર્ટ એટેક આવ્યો હતો. હાલ તેને સારી સારવાર માટે પાકિસ્તાન લાવવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, મસૂદ અઝહરની કરાચીની મિલિટરી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જો કે તેની હાલત અંગે કોઈ માહિતી મળી નથી. ઈસ્લામાબાદથી કાર્ડિયોલોજિસ્ટ પણ સારવાર માટે આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, તેને ટૂંક સમયમાં રાવલપિંડી મોકલવામાં આવી શકે છે. મને શરમ આવે છે કે મોદી જેવો નબળો માણસ આપણને પડકારે છે કે નેતન્યાહુ જેવો 'ઉંદર' આપણી કબર પર નાચે છે... મને કહો, મારી બાબરી પાછી મેળવવા માટે લડી શકે એવા 300 લોકો પણ નથી?સંસદ હુમલા સિવાય અઝહર પઠાણકોટ-પુલવામા હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ છે. સંસદ હુમલા સિવાય મસૂદ 2016માં પઠાણકોટ હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ છે. આ કેસમાં દિલ્હી પોલીસની ચાર્જશીટ મુજબ, મસૂદે ભારત પર હુમલા માટે જૈશ-એ-મોહમ્મદના કેડરનો ઉપયોગ કર્યો હતો. તેણે 2005માં અયોધ્યામાં રામજન્મભૂમિ અને 2019માં પુલવામામાં CRPF જવાનો પર પણ હુમલો કર્યો હતો.આ સિવાય મસૂદ 2016માં ઉરી હુમલા અને અફઘાનિસ્તાનના મઝાર-એ-શરીફમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર થયેલા હુમલા માટે પણ જવાબદાર છે. અઝહર અલ-કાયદાના વડા ઓસામા બિન લાદેન અને તાલિબાનના સ્થાપક મુલ્લા ઉમરની નજીક હતો.



**ભારત સરકારે 1999માં પ્લેન હાઈજેક બાદ અઝહરને મુક્ત કર્યો હતો**

### મસૂદ અઝહર 1994માં પહેલીવાર ભારત આવ્યો હતો

દરમિયાન આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થવા બદલ ભારતે તેની અનંતનાગથી ધરપકડ કરી હતી. ત્યારે અઝહરે કહ્યું હતું- કાશ્મીરને આઝાદ કરવા 12 દેશોમાંથી ઈસ્લામના સૈનિકો આવ્યા છે. અમે તમારી કાર્બાઈન્સનો જવાબ રોકેટ લોન્ચર વડે આપીશું. ચાર વર્ષ બાદ જુલાઈ 1995માં જમ્મુ-કાશ્મીરમાં 6 વિદેશી પ્રવાસીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું. સંસદ હુમલા ઉપરાંત અઝહર પઠાણકોટ-પુલવામા હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ છેઅપહરણકર્તાઓએ પ્રવાસીના બદલામાં સમૂદ અઝહરને મુક્ત કરવાની માગ કરી હતી.

## યુએસ વિઝા: ભારતીયો માટે સારા સમાચાર, વિઝા માટે જોવી નહી પડશે ઓછી રાહ

(એજન્સી) અમેરિકા તા 27

યુએસ જાન્યુઆરી 2025માં ભારતના બેંગલુરુમાં કોન્સ્યુલેટ ખોલવાની તેની પ્રતિબદ્ધતા પર કામ કરી રહ્યું છે. ભારતમાં અમેરિકી રાજદૂત એરિક ગારસેટ્ટીએ આની જાહેરાત કરી છે. યુ.એસ.એ અગાઉ કહ્યું હતું કે તે બેંગ્લોર અને અમદાવાદમાં બે નવા કોન્સ્યુલેટ ખોલશે.દ્વિપક્ષીય વેપાર અને સહકારને વધારશે અને વાણિજ્ય અને ટેકનોલોજી માટે વૈશ્વિક હબ તરીકે બેંગલુરુની સ્થિતિને મજબૂત કરશે તેવી અપેક્ષા છે.

નવા વિઝા માટે એપોઈન્ટમેન્ટના નિયમો શું છે?

મીડિયા રિપોર્ટ મુજબ 1 જાન્યુઆરી 2025 થી, ભારતમાં યુએસ એમ્બેસી નોન-ઈમિગ્રન્ટ વિઝા એપોઈન્ટમેન્ટ માટે શેડ્યુલિંગ અને રિશેડ્યુલિંગ માટે નવા નિયમો લાગુ કરશે. અરજદારોને વધારાના શુલ્ક વિના એકવાર તેમની એપોઈન્ટમેન્ટ શેડ્યૂલ કરવાની મંજૂરી આપવામાં આવશે. જો તમે રિશેડ્યુલિંગ એપોઈન્ટમેન્ટ ચૂકી જાઓ છો અથવા બીજા રિશેડ્યુલિંગની જરૂર હોય, તો તમારે નવી એપોઈન્ટમેન્ટ બુક કરવી પડશે અને ફરીથી અરજી ફી ચૂકવવી પડશે. દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ ફેરફારો દરેક માટે એપોઈન્ટમેન્ટ મેળવવાનું સરળ અને ઝડપી બનાવશે." "પ્રક્રિયાને દરેક માટે કાર્યક્ષમ અને ન્યાયી રાખવા અમે અરજદારોને તેમની સુનિશ્ચિત એપોઈન્ટમેન્ટમાં હાજરી આપવા પ્રોત્સાહિત કરીએ છીએ." વિલંબ ઘટાડવાના પ્રયાસો છતાં ભારતીય અરજદારો માટે યુએસ વિઝા એપોઈન્ટમેન્ટ માટે રાહ જોવાનો સમય લાંબો રહે છે. અત્યાર સુધી B1/B2 વિઝિટર વિઝા મેળવવા માંગતા અરજદારોને વાણિજ્ય દૂતાવાસમાં વિવિધ પ્રતીક્ષા સમયગાળાનો સામનો કરવો પડે છે. મુંબઈમાં તે 438 કેલેન્ડર દિવસો છે, ચેન્નાઈમાં તે 479 કેલેન્ડર દિવસો છે, દિલ્હીમાં તે 441 કેલેન્ડર દિવસો છે, કોલકાતામાં તે 436 કેલેન્ડર દિવસો છે અને હૈદરાબાદમાં તે 429 કેલેન્ડર દિવસો છે.

## 2 લાખ લોકોની કાતિલ સુનામીનાં 20 વર્ષ પૂરાં

(એજન્સી) ઈન્ડોનેશિયા તા 27

ક્રિસમસ પછી બીજા દિવસે સવારે લગભગ 8 વાગ્યા હતા. ઘણા લોકો હજુ જાગ્યા પણ નહોતા. એ જ સમયે ઈન્ડોનેશિયામાં સુમાત્રા આઈલેન્ડની પશ્ચિમમાં ધરતીથી 30 કિમી નીચે ભારતીય અને બર્મન ટેકટોનિક પ્લેટોમાં ભારે હલચલ જોવા મળી હતી. આ હલચલને કારણે હિંદ મહાસાગરમાં 9.1થી વધુની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ એટલો જોરદાર હતો કે હિંદ મહાસાગરમાં ઊંચાં મોજાં ઊછળ્યાં. આ મોજાં લગભગ 800 કિમી/કલાકની ઝડપે આગળ વધી રહ્યાં હતાં અને કિનારે અથડાઈ રહ્યાં હતાં. જેમ જેમ એ અથડાઈ રહ્યાં હતાં એમ એમ એની ઊંચાઈ પણ વધી રહી હતી. જેમ જેમ ઊંચાઈ વધી રહી હતી એમ એમ અનેક દેશોનાં શહેરો અને વસતિવાળા વિસ્તારોમાં દરિયાનું પાણી ઘૂસી રહ્યું હતું. 57 ફૂટની સરેરાશ ઊંચાઈ ધરાવતાં મોજાં ઘણા દેશોનાં મુખ્ય શહેરોને ઘેરી વળ્યાં હતાં. મોજાં આગળ વધતાં મોતના દૃશ્યો ફેલાઈ ગયાં હતાં. ઈન્ડોનેશિયા, ભારત, શ્રીલંકા અને જાપાન સહિત 14 દેશમાં 2 લાખથી વધુ લોકોનાં મોત થયાં છે. ઈન્ડોનેશિયામાં સૌથી વધુ 1.72 લાખ લોકો માર્યા ગયા હતા. ઈન્ડોનેશિયાના બાંદા આચે શહેરમાં સુનામી આવતાં એક મહિલા પડી છે.

મહિલાને બચાવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે જીવનની લડાઈ હારી ગઈ હતી. ઈન્ડોનેશિયાના બાંદા આચે શહેરમાં સુનામી આવતાં એક મહિલા પડી છે. મહિલાને બચાવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે જીવનની લડાઈ હારી ગઈ હતી. તામિલનાડુના વેલંકન્નીમાં મૃતકોના ફોટોગ્રાફ્સ એકસાથે મૂકવામાં આવ્યા હતા, જેથી લોકો તેમનાં પ્રિયજનોને ઓળખી શકે.

### બચવાની આશા માત્ર 50%; અસદનો પરિવાર રશિયામાં કડક પ્રતિબંધો હેઠળ જીવે છે

## સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિની પત્નીને બ્લડ કેન્સર

(એજન્સી,) મોસ્કો/દમાસ્કસ તા27

સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદની પત્ની અસ્મા અલ-અસદ ગંભીર બીમારીથી પીડિત છે. ધ ટેલિગ્રાફ અનુસાર, અસ્માને બ્લડ કેન્સર એટલે કે લ્યુકેમિયા છે. ડોક્ટરોએ કહ્યું છે કે તેના બચવાની શક્યતા માત્ર 50% છે. બ્રિટિશ મૂળના અસ્મા અલ-અસદને 2019માં સ્તન કેન્સર હોવાનું નિદાન થયું હતું. સારવાર બાદ તેણે પોતાને કેન્સર મુક્ત જાહેર કર્યા. હાલ તેને આઈસોલેશનમાં રાખીને તેની સારવાર કરવામાં આવી રહી છે. અસ્માએ ડિસેમ્બર 2000માં અસદ સાથે લગ્ન કર્યા હતા. અસ્મા અને અસદને ત્રણ બાળકો છે, જેનું નામ હાફિઝ, જીન અને કરીમ છે.

અસ્માનો જન્મ લંડનમાં 1975માં સિરિયન માતા-પિતાને ત્યાં થયો હતો. તેની પાસે બ્રિટન અને સિરિયાની બેવડી નાગરિકતા છે. અસ્માએ કિંગ્સ કોલેજ, લંડનમાંથી કોમ્પ્યુટર સાયન્સ અને ફ્રેન્ચ સાહિત્યમાં ડિગ્રી મેળવી છે. ક્રેમલિને આ દાવાઓને ફગાવી દીધા છે.



### બશર અને અસ્માના છૂટાછેડાની અટકળો

અહેવાલો અનુસાર, અસ્મા અલ-અસદ ખુશ નથી અને તેણે તેના બાળકો સાથે લંડનમાં સ્થાયી થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કેટલાક અહેવાલો દાવો કરે છે કે તેણીએ બશર અલ-અસદથી છૂટાછેડા માટે પણ અરજી કરી છે. તેમજ રશિયા છોડવા માટે ખાસ પરવાનગી માંગવામાં આવી છે. આ કેસ હાલમાં રશિયન સત્તાવાળાઓ પાસે પેન્ડિંગ છે.

### રશિયાએ બશર અલ-અસદ પર કડક પ્રતિબંધો લાદ્યા

**લાદ્યા :** સિરિયામાં 2011માં શરૂ થયેલા ગૃહયુદ્ધ અને વિદ્રોહ બાદ સ્થિતિ વધુ વણસી હતી. બળવાખોર જૂથ હયાત તહરિર અલ-શામ (HTS) દ્વારા 11 દિવસના હુમલા બાદ બશર અલ-અસદ અને તેનો પરિવાર તાજેતરમાં સિરિયાથી રશિયા ભાગી ગયો હતો. હવે તે મોસ્કોમાં આશ્રય લઈ રહ્યો છે. રિપોર્ટ અનુસાર રશિયાએ અસદને કડક શરતો સાથે આશ્રય આપ્યો છે. તેઓ મોસ્કો છોડી શકતા નથી અને કોઈપણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવા પર પ્રતિબંધ છે. આ સિવાય તેની મિલકતો પણ ફ્રીઝ કરવામાં નિવાસસ્થાનમાં ઘૂસી ગયા અને ત્યાં રાખેલા સામાનની લૂંટ ચલાવી.

### અમેરિકી અધિકારીઓએ સિરિયામાં HTSના નેતાઓ સાથે બેઠક કર્યા બાદ આ નિર્ણય લીધો છે.

અમેરિકાના આસિસ્ટન્ટ સેક્રેટરી ઓફ સ્ટેટ બાર્બરા લીફે કહ્યું કે, રાષ્ટ્રપતિ બશર અલ-અસદને સત્તા પરથી હટાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. અસદ સરકારના પતન બાદ અમેરિકન ટીમ સિરિયા પહોંચી હતી. તેનું નેતૃત્વ બાર્બરા લીફ દ્વારા કરવામાં આવ્યું હતું. યુએસ અધિકારીઓએ 21 ડિસેમ્બરની સવારે HTS ચીફ અબુ જુલાની સાથે પણ મુલાકાત કરી હતી. બાર્બરા લીફે કહ્યું કે, HTSના નેતાઓ સાથેની વાતચીત ખૂબ સારી અને સફળ રહી.

## તાજદાર-એ-હરમ વહાણની મધદરિયે જળસમાધિ

(એજન્સી) યમન27

મુંદરાથી યમન જનરલ કારગો લઈને જતા સલાયાના વહાણને મધદરિયે ખરાબ હવામાન નડતા જળસમાધિ લીધી છે અને વહાણના તમામ 9 ખલાસીઓને કોસ્ટગાર્ડ દ્વારા બચાવી લેવામાં આવ્યા છે. સલાયાના મુસ્તાક અહમદ સુંભણીયાની માલિકીનું વહાણ જેનું નામ તાજદરએ હરમ છે. જેના રજિસ્ટ્રેશન નંબર BDI - 1322 છે. જે તા. 24.12નાં રોજ મુન્દ્રા પોર્ટ ઉપરથી જનરલ કાર્ગો ભરી સાંજે 5 વાગ્યે યમનનાં સોકોત્રા પોર્ટે જવા નીકળ્યું હતું. જેમાં ટંડેલ સહિત 9 ખલાસીઓ સવાર હતા. આ વહાણ મધદરિયે ખરાબ હવામાનના હિસાબે આગળ વધી શકતું નહતું. વહાણ અરબ સમુદ્ર પાર કરી ઓમાનનાં કિનારે પણ જઈ શકાય એમ ન હોય અને વહાણ તથા ખલાસીઓની જીદગી બચાવવા વહાણને ભારત તરફ પાછું લાવવા ટંડેલ દ્વારા પ્રયત્ન કરેલ જે દરમ્યાન વહાણનું એન્જિન ફેલ થઈ જતાં. વહાણ મધદરિયે ફસાઈ ગયેલ છે. ખૂબ મોટા પ્રમાણમાં મોજા અને ખરાબ હવામાનના લીધે આ વહાણમાં મોટા પ્રમાણમાં પાણી ભરાવવા લાગ્યું છે. જેથી સેટેલાઈટ ફોન વડે વહાણનાં ટંડેલે ઈન્ડીયન સૈલિંગ વેસલ્સ એશોશિયેશનનાં સેક્રેટરી આદમ ભાયાને જાણ કરતા.

## એરપોર્ટ પર ઈઝરાયેલની એરસ્ટ્રાઈક માંડ માંડ બચ્યા WHO ચીફ

### ડબ્લ્યુએચઓ ચીફ ટેડ્રોસ અધનોમે એક સોશિયલ મીડિયા પોસ્ટ કરી જાણકારી આપી

(એજન્સી) ઈઝરાયેલ તા 27

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) ના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ એડહાનોમ ગુરુવારે યમનના સના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં બચી ગયા હતા. આ હુમલામાં લગભગ બે લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. ડો. ટેડ્રોસ તેમના સંયુક્ત રાષ્ટ્ર (યુએસ) અને ડબ્લ્યુએચઓના હતા અને આ જ ક્ષણે હુમલો થયો. આ દરમિયાન ફ્લાઈટના ક્રૂનો એક સભ્ય અને ડ્રાઈવર ઘાયલ થયા હતા. ડબ્લ્યુએચઓ ચીફ ટેડ્રોસ અધનોમે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું.



### 'કામદારોને નિશાન બનાવવા જોઈએ નહીં..'

યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે હુમલાની નિંદા કરી અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવા હાકલ કરી. આ સિવાય તેમણે ભારપૂર્વક કહ્યું કે નાગરિકો અને માનવતાવાદી કામદારોને ક્યારેય નિશાન બનાવવું જોઈએ નહીં. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (IDF) અનુસાર, ઈઝરાયેલની વાયુસેનાએ પશ્ચિમ કાંઠા અને યમનમાં હુથી બળવાખોરોના લશ્કરી લક્ષ્યો પર હુમલો કર્યો. આ હુમલા હુથી લશ્કરી માળખા પર કરવામાં આવ્યા હતા, જેનો ઉપયોગ તેની લશ્કરી પ્રવૃત્તિઓ માટે થાય છે. તેમજ પશ્ચિમ કાંઠે અલ-હુદાયદાહ, સલીફ અને રાસ કનાતિબ બંદરોનો સમાવેશ થાય છે.

**'હુમલો ખતરનાક...' "** યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે યમન અને ઈઝરાયેલ વચ્ચે તણાવ પર દુ:ખ વ્યક્ત કર્યું હતું. આ સાથે તેણે યમનમાં સનાના એરપોર્ટ, રેડ સી પોર્ટ અને પાવર પ્લાન્ટ પર થયેલા હવાઈ હુમલાને પણ 'ખતરનાક' ગણાવ્યા હતા. યુએન ચીફના જણાવ્યા અનુસાર, હવાઈ હુમલામાં ઘણી જાનહાનિ થઈ છે, જેમાં લગભગ ત્રણ લોકો માર્યા ગયા છે અને ડઝનેક લોકો ઘાયલ થયા છે. તેમણે તમામ પક્ષોને સૈન્ય કાર્યવાહી બંધ કરવા અને સંયમ રાખવા કહ્યું છે.

## બાંગ્લાદેશના સચિવાલયમાં લગાવી કે લાગી આગ? તમામ દસ્તાવેજો બળીને ખાખ

(એજન્સી)ઢાકા તા 27

ઢાકામાં ગુરુવારે બાંગ્લાદેશ સચિવાલયની એક મોટી ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. જેના કારણે સરકારી દસ્તાવેજોનો નાશ કરવામાં આવ્યો હતો. આ આગ કોઈ કાવતરાના ભાગરૂપે લગાવવામાં આવી હોવાની આશંકા છે. અધિકારીઓને શંકા છે કે સરકારી દસ્તાવેજોને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. તેથી આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. બાંગ્લાદેશ સચિવાલયના બિલ્ડીંગ નંબર સાતમાં આગ લાગી હતી અને લગભગ છ કલાકની જહેમત બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી.ધિકારીઓના જણાવ્યા અનુસાર નવ માળની ઈમારતમાં સાત મંત્રાલયો હાજર છે. હાઈ સિક્યોરિટી કોમ્પ્લેક્સમાં ગુરુવારે સવારે આગ લાગી હતી. જો કે આગની ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. "ગઈકાલે (બુધવારે) મધ્યરાત્રિ પછી, બિલ્ડિંગમાં ત્રણ સ્થળોએ બ્રિગેડિયર જનરલ ઝાહેદ કમલે પત્રકારોને જણાવ્યું હતું કે, આગ સંભવતઃ આકસ્મિક નહોતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આગને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો.



## ઓસ્ટ્રેલિયામાં ખાલીસ્તાનીઓને ભારતીયોનો જડબાતોડ જવાબ



(એજન્સી)સિડનતી તા 27

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી કેટલીક ક્લિપ્સમાં ભારતીય સમર્થકો મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે ખાલિસ્તાની સમર્થકોનો સામનો કરતા નજરે પડે છે. ભારતીય ક્રિકેટ ચાહકો મેલબોર્નમાં ખાલિસ્તાની તરફી સમર્થકોનો વિરોધ કરી જડબાતોડ જવાબ આપે છે. શું છે ઘટના ? ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે ગુરુવારે બોક્સિંગ ડે ટેસ્ટ મેચ યોજાઈ હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ગુરુવારે ચાલી રહેલી ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે માત્ર મેદાન પર જ નહીં પરંતુ મેદાનની બહાર પણ જોરદાર રોમાંચ જોવા મળ્યો હતો. ભારતીય ચાહકોએ સ્ટેડિયમની બહાર ખાલિસ્તાન સમર્થકોનો સામનો ભારત વિરોધી નારા લગાવવા પર કર્યો હતો. ખાલિસ્તાન સમર્થકો દ્વારા સૂત્રોચ્ચાર અને કથિત રીતે ભારતના રાષ્ટ્રધ્વજનું અપમાન કરાઈ રહ્યું હતું. જે જોઈને ભારતીય ચાહકોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. મેચની ટિકિટ પણ ન હતી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ટેસ્ટ મેચ યોજાઈ હતી. જે દરમિયાન સ્ટેડિયમની બહાર કેટલાક ખાલિસ્તાની સમર્થકો આવી પહોંચ્યા હતા. તેમની પાસે મેચની ટિકિટ પણ ન હતી અને ભારતીય રાષ્ટ્ર ધ્વજનું અપમાન કરી ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા હતું. ઉપરાંત ત્યાં ધસી આવેલું જુથ ખાલિસ્તાની તરફી ધ્વજ લહેરાવતું હતું. અને મેચની ટિકિટ ન હતી કારણ કે તેઓએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ભારતીય ક્રિકેટ ચાહકોએ કથિત રીતે ખાલિસ્તાની તરફી સમર્થકોના જૂથનો સામનો કર્યો હતો.

### પાકિસ્તાને પોતાના પગ પર જ કુહાડી મારી!, તાલિબાન હવે દુશ્મન બન્યું

(એજન્સી) કરાચી તા 27

પાકિસ્તાન અને તાલિબાન વચ્ચેના સંઘર્ષને કારણે નવા યુદ્ધના એંધાણ વર્તાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી બંને તરફથી હુમલા થઈ રહ્યા છે. જ્યારે પાકિસ્તાને તાલિબાન શાસિત અફઘાનિસ્તાનના વિસ્તાર પર હવાઈ હુમલો કર્યો ત્યારે તણાવ વધુ વધી ગયો. અફઘાનિસ્તાન પર થયેલા હવાઈ હુમલામાં લગભગ ચાર ડઝન લોકો માર્યા ગયા છે. આ પછી તાલિબાને પાકિસ્તાનને ખુલ્લો પડકાર ફેંક્યો છે અને આ હુમલાનો બદલો લેવાની વાત કરી છે. આ તમામ ઘટનાઓ વચ્ચે ફરી તાલિબાનોએ અમેરિકા, નાટો દળો અને અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ શાસન સાથે લાંબો સંઘર્ષ કર્યો અને અંતે અફઘાનિસ્તાન પર કબજો કરી લીધો.

### . ટેક કંપનીઓનો દાવો છે કે એઆઈ સાથી એકલાપણું દૂર કરવામાં મદદરૂપ થશે

## 'AI દોસ્તી' કિશોરો માટે જીવલેણ સાબિત થઇ રહી છે

(એજન્સી) વૉશિંટન તા 27

ગત મહિને અમેરિકાના ફ્લોરિડામાં 14 વર્ષના કિશોર (સગીર) સેવેલ સેટ્‌જરે એઆઈ ચેટબૉટ્સ ડેનીના પ્રેમમાં પડીને આત્મહત્યા કરી લીધી હતી. બંને વચ્ચે કલાકો સુધી વાતો થતી હતી. થોડા સમય પહેલાં બેલ્જિયમમાં 2 બાળકોના પિતાએ એઆઈ કમ્પેનિયન એલિજાની સાથે સંબંધો જોડ્યા પછી આત્મહત્યા કરી લીધી હતી. ટેક કંપનીઓનો દાવો છે કે એઆઈ સાથી એકલાપણું દૂર કરવામાં મદદરૂપ થશે પરંતુ આ સાથી હવે જીવલેણ સાબિત થઇ રહ્યા છે.

ટેક કંપનીઓ લોકોને એ સમજાવવા માટે સંઘર્ષ કરી રહી છે કે ચેટબૉટ્સ માત્ર એક વ્યાપારી ટૂલ્સ છે, જ્યારે વધુ સંખ્યામાં લોકો એઆઈની સાથે વ્યક્તિગત સંબંધ બનાવવામાં કલાકો વિતાવી રહ્યા છે. માર્કેટ ઈન્ટેલિજન્ટ ફર્મ સેન્સર ટૉવરના વૈશ્વિક ડેટા પ્રમાણે સપ્ટેમ્બરમાં આવી જ રીતે એક એપ ઉપર યુઝર્સે એક ચેટબૉટ્સ સાથે વાતચીતમાં સરેરાશ 93 મિનિટ વિતાવી હતી.



### પેપરમાં ચેતવણી આપવામાં આવી છે

આ સંવેદનશીલ જાણકારીનો ઉપયોગ એવી એપ બનાવવા માટે કરી શકાય છે, જેનો ઉપયોગ લોકોને નુકસાન પહોંચાડી શકે છે. એક તાજેતરના પૉડકાસ્ટમાં ગૂગલના પૂર્વ સીઈઓ એરિક શ્મિટે એઆઈ આધારિત "પરફેક્ટ ગર્લફ્રેન્ડ' અને "બૉયફ્રેન્ડ'ના વધતાં ટ્રેન્ડને લઈને ચિંતા દર્શાવી છે. તેમણે ચેતવણી આપી છે કે સમાજ અને પરિવારથી દૂર કરી શકે છે.

### ચેટબૉટથી મળેલી જાણકારી પર કિશોરોને સવાલ ઉઠાવતાં શીખવો : એક્સપર્ટ

પ્યૂ રિસર્ચનો તાજેતરનો રિપોર્ટ જણાવે છે કે 46% અમેરિકન કિશોર સતત સોશિયલ વેબસાઈટ્સ પર રહે છે. સોશિયલ સાયન્ટિસ્ટ અને એનેગ્જિયસ જનરેશન પુસ્તકના લેખક જોનાથન હેડ કહે છે કે આ ચિંતાજનક ટ્રેન્ડ છે. કિશોરોને એઆઈ ચેટબૉટ્સનો ઉદ્દેશ્ય અને સીમાઓ વિશે શિક્ષિત કરો. જેથી તે સમજે કે ચેટબૉટ વાસ્તવિક નથી. તેમાં ભાવનાઓ હોતી નથી. કિશોરોને ભાવનાઓ અને અનુભવો વિશે વાત કરવા માટે પ્રોત્સાહિત કરો, સાંભળવા અને માર્ગદર્શન આપવા માટે તત્પર રહો.

### તેમને સામાજિક નિંદાની ચિંતા હોતી નથી

આ એપની પ્રતિસ્પર્ધી કંપનીએ યુઝર્સને એપ ઉપર વધારે સમય વિતાવવા માટે પ્રેરિત કરવા માટે હજારો યુઝર્સની ચેટ પસંદગીઓનો સ્ટડી કર્યો હતો. જેના પ્રમાણે યુઝરે એપ ઉપર કસ્ટમાઈઝ્ડ લોકો ચેટબૉટની સાથે પોતાના વિચાર અને ભાવનાઓ એટલા માટે શૅર કરે છે

## ચીન બનાવી રહ્યું છે દુનિયાનો સૌથી મોટો ડેમ બનાવ્યો

(એજન્સી) ચીન તા 27

ચીન વિશ્વનો સૌથી મોટો ડેમ બનાવવા જઈ રહ્યું છે, સમાચાર એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ચીનના મુખ્ય ઉદ્દેશ્યોને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જો કે નિષ્ણાતોને ચિંતા છે કે તિબેટના ઉચ્ચપ્રદેશમાં શરૂ થવા જઈ રહેલો આ પ્રોજેક્ટ પર્યાવરણને અસર કરી શકે છે.ચીને વિશ્વના સૌથી મોટા હાઈડ્રોપાવર ડેમના નિર્માણને મંજૂરી આપી દીધી છે. ચીન તિબેટના ઉચ્ચપ્રદેશના પૂર્વ ભાગમાં પોતાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહ્યું છે. તેનાથી ભારત અને બાંગ્લાદેશના લાખો લોકોને અસર થઈ શકે છે. 2020માં પાવર કન્સ્ટ્રક્શન કોર્પોરેશન ઓફ ચાઈના દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, યાર્લુંગ ઝાંગબો નદીના આવી રહેલા આ ડેમમાં વાર્ષિક 300 અબજ KWH વીજળીનું ઉત્પાદન કરવાની ક્ષમતા હશે.

## બાંગ્લાદેશ: હિન્દુઓ પછી હવે ખ્રિસ્તીઓ પર હુમલા કરાયા

(એજન્સી) મીરપુર તા 27

બાંગ્લાદેશમાં લઘુમતીઓની સ્થિતિ દિવસે દિવસે વધુ ખરાબ થતી રહી છે. પહેલા હિન્દુઓ અને હિન્દુ મંદિરો પર હુમલા કરવામાં આવ્યા અને હવે ઈસાઈઓ પર હુમલા કરાઈ રહ્યા છે. ક્રિસમસની રાત્રે કેટલાક અજાણ્યા તોફાની તત્ત્વો દ્વારા ત્રિપુરા સમુદાયનાં 17 ઘરને આગ ચાંપવામાં આવી હતી અને મકાનો સળગાવી દેવામાં આવ્યા હતા.આ ઘટના બંદરબન જિલ્લામાં થઈ હતી. કેટલાક ઈસાઈઓ તેમનાં ગામમાં ચર્ચ ન હોવાથી બીજે ગામ ક્રિસમસ મનાવવા ગયા ત્યારે તેમનાં ઘર ફૂંકી મારવામાં આવ્યા હતા. ત્રિપુરા સમુદાયનાં 19માંથી 17 ઘર આગમાં ખાખ થઈ ગયા છે. એક પીડિત ઈસાઈ ગંગમની ત્રિપુરાએ કહ્યું હતું કે, ક્રિસમસ અમારા માટે આનંદનો દિવસ હતો પણ ક્રિસમસના દિવસે અમે ઘરવિહોણા થઈ જઈશું તેવી કલ્પના ન હતી. અમે દોષિતોને આકરામાં આકરી સજા કરવામાં આવે તેવી માગણી કરીએ છીએ. કુંડઝિરી વિસ્તારમાં ત્રિપુરા સમુદાયના હજારો લોકો પેઢીઓથી વસવાટ કરે છે. કેટલાક વર્ષો પહેલા તેમને બળજબરીથી અહીંથી બીજા સ્થળે હાંકી કાઢવામાં આવ્યા હતા. આ વિસ્તાર એક પોલીસ અધિકારીની પત્નીને ભાડે આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.આ મહિલા અવામી લીગનાં શાસન વચ્ચે IGP હતી. લોકોને અહીંથી હટાવ્યા પછી ત્યાં વૃક્ષોનું વાવેતર કરાયું હતું. નવા ટોંગઝીરીનાં પ્રમુખ પૈસાપ્રુ ત્રિપુરાએ કહ્યું હતું કે, તેમનો સમુદાય 3-4 પેઢીથી અહીં રહેતો હતો. પાંચ વર્ષ પહેલાં એક સમુદાયે પોતાને SP ગ્રૂપ તરીકે ઓળખ આપીને અહીંથી તેમને ભગાડયા હતા. આવામી લીગની સરકારનાં પતન પછી ત્રિપુરા સમુદાયના કેટલાક લોકો ફરી અહીં વસવાટ કરવા આવ્યા હતા. તેઓ નવા ઘર બનાવીને અહીં રહેતા હતા.

# ડૉ.મનમોહન સિંહને નાણામંત્રી બનવાની ઓફર કરાઈ, પછી આ રીતે દેશનું ભાગ્ય બદલ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા.27

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ગુરુવારે (26મી ડિસેમ્બર) રાત્રે દિલ્હીની AIIMSમાં નિધન થયું હતું. તેમણે 92 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. 2004થી 2014 સુધી વડાપ્રધાન પદ સંભાળનાર ડૉ. મનમોહન સિંહને એવા સમયે નાણામંત્રી પદ સોંપવામાં આવ્યું હતું, જ્યારે દેશ ભારે આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો હતો. વર્ષ 1991માં જ્યારે તેમને નાણા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી. ત્યારે ભારત પાસે માત્ર 89 કરોડ ડોલરનું વિદેશી હૂંડિયામણ હતું. આ નાણાં વડે માત્ર બે અઠવાડિયામાં આયાત ખર્ચ કવર કરી શકાશે. પરંતુ તેમણે સત્તા સંભાળ્યા બાદ પોતાના નિર્ણયો પલટાવ્યા હતા. આવો જાણીએ ડૉ. મનમોહન સિંહના નાણામંત્રી બનવાની રસપ્રદ કિસ્સો.....

જૂન 1991માં જ્યારે ભારતના તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવે પદ સંભાળ્યું, ત્યારે તેમને દેશની આર્થિક સ્થિતિ વિશે ખૂબ જ ગંભીર નોટ મળી. આઠ પાનાની આ નોટ તેમને કેબિનેટ સચિવ નરેશ ચંદ્રાએ આપી હતી. આ નોટમાં કહેવામાં આવ્યું હતું કે ભારત ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે અને વડાપ્રધાનને કયા કાર્યોને મહત્ત્વ આપવું જોઈએ. એવું કહેવામાં આવ્યું હતું કે દેશમાં બહુ ઓછો વિદેશી હૂંડિયામણનો ભંડાર બચ્યો હતો, જેમાંથી માત્ર થોડા અઠવાડિયાની આયાત કરી શકાય છે. ભારતના વિદેશી મુદ્રા ભંડારની સ્થિતિ એટલી ખરાબ હતી કે ઓગસ્ટ 1990 સુધીમાં તે ઘટીને 3 અબજ 11 ડોલર થઈ ગઈ હતી. જાન્યુઆરી 1991માં તે ઘટીને માત્ર 89 કરોડ ડોલર પહોંચ ગયું હતું. જે માત્ર બે અઠવાડિયાના આયાત ખર્ચ થઈ શખે છે. આ સ્થિતિ ઘણાં કારણોસર ઊભી થઈ છે. 1990માં ગલ્ફ વોરના કારણે તેલના ભાવમાં અનેકગણો વધારો થયો હતો. ભારતે કુવૈતમાંથી તેના હજારો નાગરિકોને પરત લાવવા પડ્યા હતા. પરિણામ એ આવ્યું કે તેમના દ્વારા મોકલવામાં આવતી વિદેશી ચલણ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ. આ સિવાય દેશમાં રાજકીય અસ્થિરતા અને મંડલ કમિશનની ભલામણોના વિરોધમાં પણ અર્થતંત્ર નબળી પડી. દેશના આર્થિક પડકારો સામે લડવા માટે તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવે ડૉ. મનમોહન સિંહને નાણામંત્રી તરીકે પસંદ કર્યા હતા.

80ના દાયકામાં ભારત દ્વારા લેવામાં આવેલી ટૂંકા ગાળાની લોન પર વ્યાજ દરમાં વધારો થયો હતો. મોંઘવારી દર વધીને 16.7 ટકા થયો છે. આ મુશ્કેલ પરિસ્થિતિઓને જોઈને તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવ પોતાના કેબિનેટમાં એવા નાણામંત્રી રાખવા માંગતા હતા, જે તેમને આર્થિક સંકટમાંથી બહાર કાઢી શકે. તેમણે આ વિશે તેમના મિત્ર પી.સી. એલેક્ઝાન્ડર સાથે વાત કરી, જેઓ ઈન્દિરા ગાંધીના મુખ્ય સચિવ હતા. એલેક્ઝાંડરે તેમને પૂર્વ આરબીઆઈ ગવર્નર આઈજી પટેલ અને મનમોહન સિંહ વિશે જણાવ્યું. સિકંદર મનમોહન સિંહની તરફેણમાં હતા, તેથી તેમને મનમોહન સિંહ સાથે વાત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.પી.સી. એલેક્ઝાંડરે પોતાની આત્મકથા ‘થ્રુ ધ કોરિડોર્સ ઓફ પાવરઃ એન ઇનસાઇડ સ્ટોરી’માં લખ્યું છે કે, ‘20મી જૂને મેં મનમોહન સિંહના ઘરે ફોન કર્યો હતો. તેમના નોકરે ફોન ઉપાડ્યો અને કહ્યું કે તેઓ યુરોપ ગયા છે અને મોડી રાત સુધીમાં દિલ્હી પાછા આવશે. 21મી જૂનના રોજ સવારે 5.30 વાગે મેં તેમને ફરીથી ફોન કર્યો અને નોકરે કહ્યું કે સાહેબ ગાઢ નિંદ્રામાં છે અને તેમને જગાડી શકાય તેમ નથી. મારા આગ્રહ પછી તેમણે મનમોહન સિંહને જગાડ્યા અને મેં તેમની સાથે વાત કરી. આ દરમિયાન મેં તેમને કહ્યું કે તમને મળવું મારા માટે ખૂબ જ જરૂરી છે. હું ટૂંક સમયમાં તમારા ઘરે પહોંચીશ. થોડા સમય પછી જ્યારે હું મનમોહન સિંહના ઘરે પહોંચ્યો ત્યારે મનમોહન સિંહ ફરી ઊંઘી ગયા હતા.’એલેક્ઝાંડરે લખ્યું કે, ‘મનમોહન સિંહ ફરીથી કોઈક રીતે જગાડ્યા હતા અને તેમને નરસિમ્હા રાવ સાથેની વાતચીત વિશે જણાવ્યું હતું. તેઓ નાણાં મંત્રાલયની જવાબદારી તમને સોંપવા માગે છે. આ અંગે મનમોહન સિંહ મારો અભિપ્રાય જાણવા માંગતા હતા, જવાબમાં તેમણે કહ્યું હતું કે, જો હું તેમની વિરુદ્ધ હોત તો આ સમયે તમને મળવા ન આવ્યો હોત. જોકો ત્યારબાદ નાણાં મંત્રી તરીકે મનમોહન સિંહના નામની જાહેરાત કરવામાં આવી હતી.’

## પ્રજાસત્તાક દિવસની પરેડમાં ડ્યુટી પાથ પર ઉત્તરાખંડની સાહસિક રમતોની ઝલક જોવા મળશે

# ઉત્તરાખંડની "સાહસિક રમતો" પર આધારિત ટેબ્લોની ગણતંત્ર દિવસ પરેડ-2025 માટે પસંદગી કરવામાં આવી

(એજન્સી) દેહરાદૂન । તા.27

પ્રજાસત્તાક દિવસ પરેડ-2025 માટે નવી દિલ્હીમાં ફરજ માર્ગ પર પ્રદર્શિત થનારી ઉત્તરાખંડ રાજ્યની ‘એડવેન્ચર સ્પોર્ટ્સ‘ ટેબ્લોની આખરે ભારત સરકાર દ્વારા પસંદગી કરવામાં આવી છે. આ માહિતી આપતાં મહાનિર્દેશક માહિતી શ્રી બંશીધર તિવારીએ જણાવ્યું હતું કે ઓક્ટોબર, 2024માં કુલ 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમની દરખાસ્તો ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળ રચાયેલી નિષ્ણાત સમિતિને મોકલી હતી. નોડલ અધિકારીઓની બેઠકો અને સંયુક્ત નિયામક, માહિતી, શ્રી કે.એસ. ચૌહાણે નિષ્ણાત સમિતિ સમક્ષ ઉત્તરાખંડ રાજ્યની ઝાંખીની ડિઝાઇન, મોડેલ અને સંગીત રજૂ કર્યું હતું. ઉત્તરાખંડ રાજ્યની ઝાંખીની ડિઝાઇન, મોડલ અને સંગીતને ઉત્કૃષ્ટ મળ્યા બાદ ભારત સરકાર દ્વારા 21 ડિસેમ્બર, 2024ના તેના પત્ર દ્વારા અંતિમ પસંદગી કરવામાં આવી છે.

આ વખતે, પ્રજાસત્તાક દિવસની પરેડ માટે ઉત્તરાખંડ રાજ્ય સહિત કુલ 15 રાજ્યોની ઝાંખીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેમાં આંધ્રપ્રદેશ, બિહાર, ગોવા, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, પંજાબ, ત્રિપુરા, ઉત્તરનો સમાવેશ થાય છે. દાદર નગર હવેલી સહિત પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશની પસંદગી કરવામાં આવી છે.



આ વખતે ઉત્તરાખંડ રાજ્યના ઝાંખીમાં, ઉત્તરાખંડના પોશાકમાં એક મહિલાને ઝાંખીના આગળના ભાગમાં અને મધ્ય અને પાછળના ભાગમાં, રોક ક્લાઈમ્બિંગ, પેરાગ્લાઈડિંગ, બંજી જમ્પિંગ જેવી એડવેન્ચર સ્પોર્ટ્સ પ્રસિદ્ધ અપન આર્ટ બનાવતી બતાવવામાં આવી છે. , હિલ સાઈકલિંગ, ટ્રેકિંગ, રિવર રાફ્ટિંગ, ઓલીમાં સ્કીઈંગ અને ઋષિકેશમાં ઝિપ-લાઈનિંગ અને રોક ક્લાઈમ્બિંગ દર્શાવવામાં આવ્યા છે. આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ઉત્તરાખંડ રાજ્યની ઝાંખી આકર્ષણનું કેન્દ્ર બનશે.

### ઉત્તરાખંડની એડવેન્ચર સ્પોર્ટ્સને ઓળખ મળી રહી છેઃ સીએમ પુષ્કર સિંહ ધામી

**નોંધનીય છે કે વર્ષ 2003 થી 2023 સુધી, ઉત્તરાખંડ રાજ્ય દ્વારા ફરજ માર્ગ પર નીચેની ઝાંખીઓ પ્રદર્શિત કરવામાં આવી છે:-**

1. વર્ષ 2003 - ફુલદેઈ
2. વર્ષ 2005 - નંદા રાજજાત
3. વર્ષ 2006 - વેલી ઓફ ફ્લાવર્સ
4. વર્ષ 2007 - કોર્બેટ નેશનલ પાર્ક
5. વર્ષ 2009 - એડવેન્ચર ટુરીઝમ
6. વર્ષ 2010 - કુંભ મેળો હરિદ્વાર
7. વર્ષ 2014 - જડીબુટ્ટીઓ
8. વર્ષ 2015 - કેદારનાથ
9. વર્ષ 2016 - રામમન
10. વર્ષ 2018 - ગ્રામીણ પ્રવાસન
11. વર્ષ 2019 - અનશક્તિ આશ્રમ (કૌસાની રોકાણ અને અનાશક્તિ)
12. વર્ષ 2021 - કેદારખંડ (ત્રીજું સ્થાન)
13. વર્ષ 2022 - ઉત્તરાખંડ પ્રગતિ તરફ આગળ વધી રહ્યું છે
14. વર્ષ 2023 - માનસખંડ (પ્રથમ સ્થાન મેળવ્યું)

**આ ઉપરાંત, 2024 માં ભારત પર્વ માટે વિકસિત ઉત્તરાખંડની ઝાંખી લાલ કિલ્લા પર પ્રદર્શિત કરવામાં આવી હતી.**

# નવી મુંબઈમાં સાહિત્યિક સંસ્થા "સૃજન કે રંગ" ના બેનરનું ઉદ્ઘાટન

### સંસ્થાની સ્થાપના નવી મુંબઈની પાંચ પ્રતિષ્ઠિત કવયિત્રીઓ દ્વારા કરાઈ

(એજન્સી) મુંબઈ । તા.27

નવી મુંબઈના વાશી નગરમાં આયોજિત એક ગૌરવપૂર્ણ સમારોહમાં નવી રચાયેલી સાહિત્યિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થા ’સૃજન કે રંગ’ના બેનરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાની સ્થાપના નવી મુંબઈની પાંચ પ્રતિષ્ઠિત કવયિત્રીઓ દ્વારા કરવામાં આવી છે, જેમાં ડૉ. કનક લતા તિવારી, બિટ્ટુ જૈન ’સના’, સીમા ત્રિવેદી, નંદિતા માજી શર્મા અને અન્નપૂર્ણા ગુપ્તા ’સરગમ’નો સમાવેશ થાય છે.

આ માહિતી આપતાં સંસ્થાપક કુ. બિટ્ટુ જૈને જણાવ્યું હતું કે આ બધાએ એકસાથે સંગઠિત રીતે આ સંસ્થાનો પાયો નાખ્યો અને તેના બેનરનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું કે આ સંસ્થા કિશોરો, કિશોરીઓ અને યુવાનોને જાહેર ભાષા હિન્દી વિશે જાગૃત કરવા અને વિવિધ સાહિત્યિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા તેમના ઉત્થાન માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે સમાજમાં છુપાયેલી સારી પ્રતિભાઓને યોગ્ય પ્લેટફોર્મ અને સન્માન મળવું જોઈએ, આ અમારી સંસ્થાનો મૂળ ઉદ્દેશ્ય છે. તે મુજબ નજીકના ભવિષ્યમાં યુવાનોને કલા અને સાહિત્ય દ્વારા ભારતીય સંસ્કૃતિથી માહિતગાર કરવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. મુંબઈ અને નવી મુંબઈના વિવિધ નામાંકિત સાહિત્યકારોએ તેમની મહાન હાજરી સાથે સંસ્થાના બેનર લોંચ સમારોહમાં હાજરી આપી હતી.



પાંચેય સ્થાપકો નવી રચાયેલી સંસ્થા "શ્રીજન કે રંગ" ના બેનરનું ઉદ્ઘાટન કરતા જોવા મળે છે.

## કથિત જાતીય શોષણના કેસમાં ન્યાયની માગણી

# બીજેપી અધ્યક્ષ અન્નામલાઈએ પોતાની જાતને કેમ કોરડા માર્યા?

(એજન્સી) નવી દિલ્હી । તા.27

અન્ના યુનિવર્સિટીના કથિત જાતીય શોષણના કેસમાં ન્યાયની માગણી સાથે તમિલનાડુના બીજેપી અધ્યક્ષ કે. અન્નામલાઈએ પોતાની જાતને ચાબુક મારતા જોવા મળ્યા હતા. તેમણે વિરોધના ભાગરૂપે પોતાને ચાબુક મારતા જોવા મળ્યા. ચેન્નાઈની અન્ના યુનિવર્સિટીમાં 19 વર્ષની વિદ્યાર્થીનીની જાતીય સતામણી પર ભાજપ આકરા પ્રહારો કરી રહ્યું છે. તમિલનાડુ બીજેપી અધ્યક્ષ કે અન્નામલાઈએ આ કેસમાં ન્યાય માટે પોતાને કોરડા મારીને વિરોધ કર્યો હતો. આ સાથે અન્નામલાઈ રાજ્ય સરકાર પર પ્રહારો કરી રહ્યા છે.

### શું બોલ્યા અન્ના મલાઇ?

તેમના ચાબુક મારવા અંગે તમિલનાડુ ભાજપના અધ્યક્ષ કે અન્નામલાઈએ કહ્યું કે જે કોઈ પણ તમિલ સંસ્કૃતિને સમજે છે તે હંમેશા જાણશે કે તે બધા આ ભૂમિનો એક ભાગ છે. પોતાની જાતને મારવી, પોતાને સજા કરવી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થવું એ આ સંસ્કૃતિનો એક ભાગ છે. તેને કોઇ વ્યક્તિ કે કોઇના વિરુદ્ધ નથી.તેમણે કહ્યું કે મારો આ વિરોધ રાજ્યમાં સતત થઈ રહેલા અન્યાય વિરુદ્ધ છે. અન્ના યુનિવર્સિટીમાં જે બન્યું છે તે માત્ર એક સંકેત છે. ગઈકાલે મે જે ઘોષણા કરી હતી તે રસ્તા પર ચાલવાનું મે પસંદ કર્યુ છે. આ માર્ગ પર તો મારા ઘણા પૂર્વજો ચાલ્યા છે પોતાની જાતને કોરડા મારતા રહ્યા છે અને કોરડા મારતા રહેશે,.

### શું છે અન્ના યુનિવર્સિટીનો મામલો?

અન્ના યુનિવર્સિટીમાં એન્જીનીયરીંગની એક વિદ્યાર્થીનીની જાતીય સતામણી કરવામાં આવી હતી. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે વિદ્યાર્થિનીએ પોતે આ અંગે પોલીસમાં ફરિયાદ કરી. આ મામલો સોશિયલ મીડિયા પર સામે આવતાં પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં એક આરોપી જ્ઞાનસેકરનની ધરપકડ કરી છે. 37 વર્ષીય જ્ઞાનસેકરન યુનિવર્સિટી કેમ્પસ પાસે બિરયાની વેચે છે. આરોપીઓ કથિત રીતે યુનિવર્સિટી કેમ્પસમાં ઘૂસ્યા હતા. તેણે એન્જિનિયરિંગના વિદ્યાર્થીના મિત્રને માર માર્યો હતો. ત્યારપછી તેઓએ તેના પર જાતીય હુમલો કર્યો અને બાદમાં તેને ઝાડીમાં છોડી દીધી.

### અન્ના મલાઇએ શું કરી હતી જાહેરાત ?

ઉલ્લેખનીય છે કે ગઈકાલે કોઈમ્બતુરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અન્નામલાઈએ પોતાના ચંપલ ઉતાર્યા અને કહ્યું કે કાલથી જ્યાં સુધી ડીએમકે સત્તામાંથી બહાર નહીં થાય ત્યાં સુધી હું કોઈ ચંપલ નહીં પહેરું. આ સાથે તેમણે ભગવાન મુરુગનના તમામ 6 ધામોના દર્શન માટે 48 દિવસના ઉપવાસની પણ જાહેરાત કરી હતી.

## મંદિર-મસ્જિદ મુદ્દે ભાગવતની ચેતવણી વચ્ચે ઇજીજીના મુખપત્ર ઓર્ગેનાઇઝરે સંભલનો મુદ્દો ઉઠાવતા સંઘમાં ભડકાના એંધાણ

# સાધુ-સંતો પછી હવે સંઘ પોતે પણ ભાગવત સામે મેદાનમાં

(એજન્સી) નવી દિલ્હી । તા.27

અયોધ્યામાં રામ મંદિરની સ્થાપના પછી દેશભરમાં શરૂ થયેલા મંદિર-મસ્જિદ વિવાદ મુદ્દે સંઘ પ્રમુખ મોહન ભાગવતે નારાજગી વ્યક્ત કરતાં રામ-મંદિર જેવા નવા મુદ્દા નહીં ઉઠાવવા ચેતવણી આપી હતી. પરંતુ આ મુદ્દે હવે મોહન ભાગવત એકલા પડી રહ્યા હોય તેવું જોવા મળી રહ્યું છે. મોહન ભાગવતના નિવેદન સામે સાધુ-સંતોએ લાલ આંખ બતાવ્યા પછી હવે આરએસએસ પણ મોહન ભાગવતના નિવેદનની અવગણના કરી રહ્યું હોય તેમ જણાય છે. મોહન ભાગવતના નિવેદન વચ્ચે સંઘના મુખપત્ર ઓર્ગેનાઈઝરમાં સંભલ વિવાદને કવર સ્ટોરી તરીકે સ્થાન અપાયું છે. સાથે હજુ આવા અનેક મુદ્દા ઉઠશે તેવા સંકેતો પણ અપાયા છે.



ઉત્તર પ્રદેશના ઐતિહાસિક શહેર સંભલમાં જામા મસ્જિદ તરીકે ઓળખાતું માળખું અગાઉ શ્રી હરિહર મંદિર હોવાનો દાવો કરતાં તેના સરવેની માગ કરાયા બાદ દેશમાં અનેક જગ્યાએ મંદિર-મસ્જિદ વિવાદ ઉછળ્યો છે. આ સાથે આ મુદ્દાએ દેશભરમાં વ્યક્તિઓ અથવા સમાજોને અપાતા વિવિધ બંધારણીય અધિકારો અંગે નવી ચર્ચાનો માર્ગ ખોલી દીધો છે.

મંદિર-મસ્જિદ મુદ્દા પર આરએસએસમાં ભાગવતના નિવેદન મુદ્દે આંતરિક મતભેદો અને અસહમતિ જોવા મળી રહી હોવાનું માનવામાં આવે છે. આરએસએસના મુખપત્ર ઓર્ગેનાઈઝરે તેના તાજા અંકમાં સંભલ મુદ્દાને જ કવર સ્ટોરી બનાવી છે અને તેનું મથાળુ છે, ‘સંભલથી આગળ... સભ્યતાગત ન્યાય માટેની લડત’ ઓર્ગેનાઈઝરે લખ્યું છે કે સોમનાથથી સંભલ સુધી અને તેનાથી પણ આગળ આ લડાઈ કોઈનો પણ વ્યક્તિગત અથવા સામુદાયિક અધિકાર છે. કોઈપણ વ્યક્તિ પોતાના પૂજા સ્થળોને મુક્ત કરાવવા માટે કાયદાકીય પગલાંની માગ કરી શકે છે. તેમાં ખોટું કશું નથી. આ તો આપણને બધાને મળેલો બંધારણીય અધિકાર છે. આ સિવાય સામયિકે તેને સોમનાથથી સંભલ સુધીની લડાઈ સાથે જોડી દીધી છે.

સામયિકના મુખપત્ર પર સંભલના મંદિરની એક તસવીર છે. સામયિકમાં લખવામાં આવ્યું છે કે સંભલમાં જે એક સમયે શ્રી હરિહર મંદિર હતું તે હવે જામા મસ્જિદ બની ગઈ છે. ઉત્તર પ્રદેશના આ ઐતિહાસિક કસ્બામાં આવા આરોપે નવો વિવાદ ઊભો કરી દીધો છે. સામયિકમાં પ્રફુલ્લ કેતકરના તંત્રી લેખમાં લખવામાં આવ્યું છે કે હિન્દુ-મુસ્લિમના વિવાદ પર મર્યાદિત રહેવાના બદલે છદ્મ નિરપેક્ષોથી સભ્યતાગત ન્યાય અંગે વાત કરવી જોઈએ. સંભલથી સોમનાથ સુધી અને તેનાથી પણ આગળ આ ઐતિહાસિક સત્યની લડાઈ છે. તેમાં ધાર્મિક શ્રેષ્ઠતા માટે સંઘર્ષની વાત નથી. આ અમારી રાષ્ટ્રીય ઓળખને ફરીથી તૈયાર કરવા અને સભ્યતાગત ન્યાયની માગ કરવા સમાન છે.તાજેતરમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે તાજેતરમાં જણાવ્યું હતું કે, દેશમાં દરેક મસ્જિદ નીચે મંદિરો શોધવાની જરૂર નથી. વધુમાં રામ મંદિર જેવા મુદ્દા ઉઠાવીને કેટલાક લોકો હિન્દુ નેતા બનવા માગે છે. આવું સ્વીકારી શકાય નહીં. ભાગવતના આ નિવેદન મુદ્દે સાધુ-સંતોએ કહ્યું હતું કે, આરએસએસ ધાર્મિક સંસ્થા નથી અને મોહન ભાગવત અમારા નેતા નથી. તેઓ એક સાંસ્કૃતિક સંસ્થાના નેતા છે.

## મહાકુંભ મેળો: દરરોજ 15 હજાર શ્રદ્ધાળુઓ જમશે

# અયોધ્યાની જેમ જ પ્રયાગરાજમાં પણ લંગર સેવા, VHP દ્વારા આયોજન

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

મકરસંક્રાંતિથી મહાશિવરાત્રી સુધી યોજાનારા મહાકુંભ મેળામાં વિશેષ લંગર સેવાનું આયોજન કરવામાં આવશે. આ સેવા વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના વિદર્ભ પ્રાંત દ્વારા સંચાલિત કરવામાં આવશે, જે ભક્તો અને સંતોને ભોજન પ્રદાન કરશે. વિશ્વ હિન્દુ પરિષદ સંતો માટે રહેવાની વ્યવસ્થા કરશે અને આ લંગર સેવા ત્યાં ચલાવવામાં આવશે.આ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય મહાકુંભમાં આવતા ભક્તોને પૂછ્યા વગર ભોજન પૂરું પાડવાનો અને તેમની ધાર્મિક ફરજોમાં મદદ કરવાનો છે. મહત્વનું છે કે મહાકુંભ મેળો 13 જાન્યુઆરીથી 27 ફેબ્રુઆરી સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન આ લંગર સેવા દરરોજ સવારે 10:00 થી રાત્રે 10:00 વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સેવા વિશ્વ હિન્દુ પરિષદના સેવા વિભાગ, ધર્માચાર્ય સંપર્ક વિભાગ અને મંદિર અર્ચક પુરોહિત પરિમાણ વિદર્ભ પ્રાંત દ્વારા સંચાલિત કરવામાં આવશે.દરરોજ લગભગ 15,000 ભક્તો આ સેવાનો લાભ લેશે. કુંભમેળામાં આવનારા સંતો-મુનિઓને બેસાડીને વિશેષ સન્માન સાથે ભોજન કરાવવામાં આવશે. દર વર્ષે આ મહાકુંભમાં ભાગ લેવા માટે દૂર-દૂરથી આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે આ સેવા મહત્વની છે.મહત્વનું છે કે અગાઉ 2023માં અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદના વિદર્ભ પ્રાંતે એક મહિનાની લંગર સેવાનું આયોજન કર્યું હતું, જેમાં લગભગ 20 લાખ ભક્તોને ભોજન આપવામાં આવ્યું હતું.

# બિહારમાં પલટી મારશે નીતિશ? ભાજપને છોડવાની લાલુની ઓફર પર આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર હંમેશાથી પોતાના નિવેદનો માટે ચર્ચામાં રહે છે. તેમના ઘણા નિવેદનોએ વિવિધ અટકળો અને મોટુ રાજકીય ઘમાસણ થવાનો સંકેત આપ્યો છે. હાલમાં જ તેમનુ વધુ એક નિવેદન ચર્ચાનો વિષય બન્યો છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે સીતામઢી જિલ્લામાં યોજનાઓની સમીક્ષા બેઠક દરમિયાન નિવેદન આપ્યું કે, આપણે બે વખત ભૂલથી ભટકી ગયા હતાં.

સીતામઢી કલેક્ટ્રેટમાં સીએમએ સીતામઢી-શિવહરની સંયુક્ત સમીક્ષા બેઠક યોજી હતી. તે દરમિયાન પૂર્વ સીએમ લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવી સરકારનો ઉલ્લેખ કર્યા વિના કહ્યું કે, 24 નવેમ્બર 2005થી બિહારની જનતાએ તેમને કામ કરવાની તક આપી છે. ત્યારથી તેઓ બિહારના વિકાસ માટે સતત કામ કરી રહ્યા છે. તમામ વિસ્તારો અને તમામ વર્ગો માટે સતત વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે. 2005 પહેલાં બિહારની હાલત ખૂબ જ ખરાબ હતી. સાંજ પછી લોકો ઘરની બહાર નીકળતા ડરતા હતા.

# વડાપ્રધાનનો વિજેતાઓ સાથે સંવાદ યુવાનોને સશક્ત બનાવવા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા : પીએમ મોદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વીર બાલ દિવસ નિમિત્તે દિલ્હીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કારના 2024ના વિજેતાઓ સાથે મુલાકાત અને વાતચીત કરી. તેમણે જણાવ્યું કે યુવાનોને સશક્ત બનાવવા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

ભારત મંડપમાં 17 બહાદુર બાળકોને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સન્માનિત કર્યા. વડાપ્રધાને વીર બાલ દિવસ પર સાહિબજાદાઓની અસાધારણ વીરતા અને બલિદાનનું સ્મરણ કરતા કહ્યું કે તેમનું બલિદાન અને વીરતા પોતાના મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે માતા ગુજરી જી અને શ્રી ગુરુ ગોબિંદ સિંહ જીની બહાદુરીનું પણ સ્મરણ કર્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે 26 ડિસેમ્બરનો એ દિવસ કે જ્યારે નાની ઉંમરમાં આપણા સાહિબજાદાઓએ પ્રાણની આહુતિ આપી દીધી. સાહિબજાદા જોરાવરસિંહ અને સાહિબજાદા ફતેહસિંહની ઉંમર નાની હતી પણ તેમનો જુસ્સો આકાશથી પણ ઊંચો હતો. સાહિબજાદાઓએ મુગલ સલ્તનતની દરેક લાલચ ઠુકરાવી, દરેક અત્યાચાર સહન કર્યા. જ્યારે તેમને દીવાલમાં ચણી દેવાનો આદેશ કરાયો ત્યારે સાહિબજાદાઓએ તેનો પૂરી વીરતા સાથે સ્વીકાર કર્યો.

## જાણીતી રેડિયો જોકી સિમરને ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત, પરિવાર આઘાતમાં

(એજન્સી) ગુરુગ્રામ । હરિયાણાના ગુરુગ્રામમાં જાણીતી આર જે (રેડિયો જોકી) અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર સિમરન સિંહે ગુરૂગ્રામના એના ફ્લેટમાં ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. તેનો મૃતદેહ બુધવારે (25મી ડિસેમ્બર) રાત્રે પંખા પરથી લટકતી હાલતમાં મળ્યો હતો. જો કે ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી. સિમરન મૂળ જમ્મુ-કાશ્મીરની હતી.

AVAILABLE FOR SALE

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| MARUTI SUPER CARRY | 2023 | GJ-27-TD-6293 |
| MAHINDRA BOLERO MAXX CITY | 2023 | GJ-27-TD-9855 |

IN “AS IS WHERE IS CONDITION”
CONTACT: - SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9723708989

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

આઈ આઈ ટી ચાંદખેડા બ્રાન્ચ,શાખાનું એડ્રેસ : ગ્રાઉન્ડ ફ્લોર, સન સ્કવેર, વિસત-ગાંધીનગર હાઈવે, ચાંદખેડા, અમદાવાદ. 382424. ફોન નંબર : 079-23291082

ગોલ્ડ લોન - વેચાણ નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ખાતાધારકોને સૂચના આપવામાં આવે છે કે નીચે જણાવેલ ખાતા/ઓ માં ગીરવે રાખેલા સોનાના દાગીનાની ઈ-ઓક્શન ફેડરલ બેંક લિમિટેડ દ્વારા 28/12/2024 ના રોજ ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે, https://gold.samil.in પર રસ ધરાવતા ખરીદદારો હરાજી પોર્ટલ પર લૉગ ઈન કરી શકે છે અથવા વધુ માહિતી માટે 079-23291082 પર બેંકનો સંપર્ક કરી શકે છે. જો ઉપર દર્શાવેલ તારીખે કોઈપણ કારણોસર ઈ-ઓક્શન સાકાર ન થાય તો, ગીરવે મૂકેલા આભૂષણોની કોઈપણ અથવા તમામ વસ્તુઓના સંદર્ભમાં, બેંક આગળની કોઈપણ તારીખ/ઓ પર કોઈપણ વધુ સૂચના વિના વસ્તુઓનું ખાનગી વેચાણ હાથ ધરશે.

| ગ્રાહકનું નામ | એકાઉન્ટ નંબર | ગ્રોસ વજન | લોનની રકમ |
|---|---|---|---|
| દીપા અરવિંદકુમાર સિંઘ | 17996100167006 | 25.4 | 88,020 |
| અશ્વિનભાઈ. બી. હંસોરા | 17996400003687 | 15.9 | 72,000 |
| નરેશ ત્રીકમદાસ ભુધરાની | 17996400004529 | 145.5 | 5,65,000 |

સ્થળ : અમદાવાદ
તારીખ : 27/12/2024
S/d- અધિકૃત અધિકારી
ધી ફેડરેલ બેન્ક લિમિટેડ લિ. વતી

## વાળ કાપવાના પૈસા માગનાર સલૂન માલિકની હત્યા

અમદાવાદ | અમદાવાદના વટવા ખાતેના એક સલૂનમાં પેમેન્ટ વિવાદે ચોંકાવનારો વળાંક લીધો હતો. ગ્રાહકે વાળ કાપવા બદલે નાણાં ન ચૂકવતા વિવાદ થયો હતો, જે હત્યામાં ફેરવાયો. 35 વર્ષીય વસીમ અહેમદ પર પોતાના જ સલૂનમાં ગુરુવારે (26 ડિસેમ્બર) સાંજે એક ગ્રાહક દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો. અહેમદ છેલ્લા ચાર વર્ષથી પોતાનો વ્યવસાય ચલાવતા હતાં. જોકે, ગુરૂવારે ગ્રાહક સાથે પેમેન્ટ બાબતે થયેલી દલિલ બાદ આરોપી મોહિદ ખાને કથિત રીતે ચાકુ વડે હુમલો કરી વસીમ અહેમદની હત્યા કરી દીધી.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 28 DECEMBER-2024

AHMEDABAD


## બનાસકાંઠામાં પત્નીએ જ પતિને ઉતાર્યો મોતને ઘાટ

વડગામ | બનાસકાંઠાના વડગામ તાલુકનામાં વસુ ગામમાં શ્રવણજી ઠાકોર નામની વ્યક્તિએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેથી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તુપાસ હાથ ધરી હતી. બાદમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે, શ્રવણજી ઠાકોરના માથાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા અને ગળે ટૂંપો આપી મોત નિપજ્યુ હતું. રિપોર્ટ સામે આવતા લોકલ પોલીસ, એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વૉડની અલગ-અલગ સાત ટીમ બનાવી હત્યારાને પકડવા માટે તપાસ શરૂ કરી. બાદમાં 15 દિવસ બાદ પોલીસ તપાસમાં સફળ થઈ અને હત્યારાનો ખુલાસો થયો.



# BZના સંચાલક ભૂપેન્દ્ર ઝાલાની થઈ ધરપકડ

**BZ કૌભાંડ મામલે મહેસાણા જિલ્લાની હદમાં આવેલા વિસનગરના દવાડા ગામથી BZના સંચાલક ભૂપેન્દ્ર ઝાલાની CID ક્રાઈમે ધરપકડ કરી છે. BZના સંચાલક ભૂપેન્દ્ર ઝાલાને CID ક્રાઈની ઓફિસ લવાયો છે.**

(એજન્સી) અમદાવાદ | તા.27

અરવલ્લીનાં BZ ગ્રૂપનાં ભૂપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારથી આ કૌભાંડનો પર્દાફાશ થયો ત્યારથી ભૂપેન્દ્રસિંહ ઝાલા ફરાર હતો. જો કે, હવે CID ક્રાઈમે મહેસાણા જિલ્લાનાં વિસનગરનાં દવાડા ગામેથી ભૂપેન્દ્રસિંહ ઝાલાને ઝડપી પાડ્યો છે. માહિતી અનુસાર, ભૂપેન્દ્રસિંહ ઝાલાને લઈને સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર પહોંચી છે. અત્યાર સુધીની તપાસમાં કરોડોનાં બેનામી વ્યવહારો મળી આવ્યા છે. કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાનાં રિમાન્ડમાં સૌથી મોટા ખુલાસા થઈ શકે છે.

BZ Group Scam



### રાજ્યભરમાં 6 હજાર કરોડથી વધુના કૌભાંડ

ભૂપેન્દ્રસિંહની મહેસાણા જિલ્લાની હદમાંથી ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ,મહેસાણા જિલ્લામાંથી ભાગેડું ભૂપેન્દ્રસિંહ ઝાલાની આખરે ધરપકડ કરવામાં આવી છે. માહિતી અનુસાર, દવાડા ગામથી ભૂપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કરાઈ છે. BZના સંચાલકની ધરપકડ બાદ હવે CID ક્રાઈમે ભૂપેન્દ્રસિંહને આશરો આપનાર કોણ અને આ કૌભાંડ આચરવામાં કોનો મોટો હાથ છે તે દિશામાં પૂછપરછ સાથે તપાસનો ધમધમાટ શરૂ.

### ભૂપેન્દ્ર ઝાલાના ભાઈ રણજીતસિંહની પૂછપરછ

CID ક્રાઈમે BZના સંચાલક ભૂપેન્દ્ર ઝાલાના ભાઈ રણજીતસિંહની અટકાયત કરવામાં આવી હતી. CID ક્રાઈમ દ્વારા રણજીતસિંહની પૂછપરછ કરવામાં આવી રહી છે. સમગ્ર મામલે ભૂપેન્દ્રસિંહ સાથેના સંપર્ક અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સાથે આરોપીઓના લોકેશન અને નાણાકીય વ્યવહારો સંદર્ભે પૂછપરછનો ધમધમાટ આદર્યો છે. CIDની તપાસમાં કંપનીઓની વિગતો સામે આવી છે. 4 મુખ્ય કંપનીઓના ઓડીટ રીપોર્ટ સામે આવ્યો છે. 95 કરોડ પરત કરવાના બાકી હોવાનું સામે આવ્યું છે.હતા, પરંતુ હરિયાણાના લોકોએ ત્રીજી વખત ભાજપને સત્તા સોંપી છે.

### ભૂપેન્દ્રસિંહ ઝાલાના કેટલા બેંક એકાઉન્ટ મળ્યા

પોલીસ તપાસમાં ભૂપેન્દ્ર ઝાલા અને તેની જુદી જુદી ફર્મના HDFC, IDFC, યશ બેંક, ICICI, AU સ્મોલ બેંક, એક્સિસ બેંક, હિંમતનગર નાગરીક બેંક સહિતની બેંકમાં 27 ખાતા મળી આવ્યા છે. જેમાં ભૂપેન્દ્ર ઝાલાના નામના સાત બેંક એકાઉન્ટ છે, BZ ફાઈનાન્સ સર્વિસના ચાર, BZ પ્રોફિટ પ્લસના ત્રણ, પ્રભાત ઝાલાના 3, BZ મલ્ટી ટ્રેડનું એક, રણજિત ઝાલાના ચાર, BZ ઈન્ટરનેશનલ બુકિંગ પ્રા.લી.ના ત્રણ, મધુબેન ઝાલાનું એક અને BZ ટ્રેડર્સના ત્રણ મળી કુલ સાત ખાતા મળ્યા છે. ઝાલાની જુદી જુદી કંપનીની વર્ષ 2023-24માં 137.22 કરોડની ડિપોઝિટ મળી આવી છે. તો બીજી તરફ BZ ફાઈનાન્સના કૌભાંડને લઈને કોર્ટમાં મહત્વના ખુલાસા થયા છે. CID ક્રાઈમે 360 કરોડના બેંક વ્યવહાર સાથે જ 52 કરોડના રોકડ વ્યવહારના ચોપડાનો ઘટસ્ફોટ કોર્ટમાં કર્યો હતો.

# થર્ટી ફર્સ્ટને લઈને અમદાવાદ પોલીસનો એક્શન પ્લાન, 6000થી વધુ જવાનો રાખશે નજર

**31 ડિસેમ્બરની ઉજવણીને લઈને અમદાવાદ પોલીસ કાયદો અને વ્યવસ્થા બાબતે સજ્જ બની છે. શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય તે માટે અમદાવાદ શહેર પોલીસના 6000 જેટલા પોલીસ જવાનો સુરક્ષામાં માટે તૈનાત રહેશે.**



અમદાવાદ | 31 ડિસેમ્બરને લઈને અમદાવાદ શહેર પોલીસ એક્શનમાં આવી છે. 6 હજારથી વધુ પોલીસકર્મીઓ વિવિધ વિસ્તારોમાં નાકાબંધી કરીને પેટ્રોલિંગ કરાશે. બ્રેથ એનાલાઈઝર સાથે કરાશે ચેકિંગ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, 31 ડિસેમ્બરની ઉજવણીને લઈને અમદાવાદ પોલીસ કાયદો અને વ્યવસ્થા બાબતે સજ્જ બની છે. શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય તે માટે અમદાવાદ શહેર પોલીસના 6 હજારથી વધુ પોલીસકર્મીઓ રહેશે તૈનાત કરવામાં આવશે. અમદાવાદ શહેરમાં પહેલાથી મોટા કાર્યક્રમ ચાલી રહ્યા છે. જેમાં કાંકરિયા કાર્નિવલ જેમાં પણ અમદાવાદ પોલીસ સક્રિયતા પૂર્વક કાયદો અને વ્યવસ્થા જાળવવાની બાબતને લઈ સક્રિયતા પૂર્વક કામ કરી રહી છે. તેવામાં અમદાવાદ શહેરમાં 31 ઉજવણીનો ટ્રેન્ડ પણ જોવા મળે છે જેને લઈ પોલીસ સક્રિય બની કામ કરશે. સૌથી વ્યસ્ત અને ઉજવણી માટે ફેવરેટ ગણાતા એવા સીજી રોડ, એસજી હાઈવે રીંગ રોડ રિવરફ્રન્ટ અટલબ્રીજ વગેરે જેવા મહત્વના સ્થાનો પર પોલીસ ખાસ નજર બનાવી રાખશે. પોલીસ સુરક્ષા માટે બ્રશ એનેલાઈઝર સિસ્ટમ અને ડ્રગ્સ ટેસ્ટિંગ કીટની મદદથી નશીલો પદાર્થ સેવન કરનાર લોકોની તપાસ પણ કરશે.

# કાંકરિયા કાર્નિવલ સંપૂર્ણ રદ

## ફ્લાવર શો પણ બે દિવસ મોડો શરૂ થશે, AMCએ સત્તાવાર જાહેરાત કરી; મનમોહન સિંહના નિધન પર 7 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

(એજન્સી) અમદાવાદ | તા.27

દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહનું નિધન થતાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શોકના પગલે તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. જેના પગલે અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત કાંકરિયા કાર્નિવલ 2024 સંપૂર્ણ રદની AMC દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સાથોસાથ 1 જાન્યુઆરીથી શરૂ થનાર ફ્લાવર શોની તારીખોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કાંકરિયા લેક ફ્રન્ટ પરિસર ખાતે વિનામૂલ્યે પ્રવેશ ચાલુ રહેશે.

### કાંકરિયા કાર્નિવલ સંપૂર્ણ રદ

ગતરોજ (26 ડિસેમ્બર)ના રોજ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે 92 વર્ષની વયે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધન બાદ 7 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરાયો છે. જેના પગલે અમદાવાદમાં આયોજિત કાંકરિયા કાર્નિવલ પણ AMC દ્વારા સંપૂર્ણ રદ કરી દેવામાં આવ્યો છે. જ્યારે ફ્લાવર શોની તારીખમાં પણ ફેરફાર કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પણ આજના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.

### રાષ્ટ્રીય શોકના પગલે રદ કરવામાં આવ્યો

મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, કાંકરિયા કાર્નિવલ રાષ્ટ્રીય શોકના પગલે રદ કરવામાં આવ્યો છે ત્યારે કાર્નિવલમાં બાકીના દિવસો અંગે એજન્સીઓને કેટલો ખર્ચ ચૂકવવામાં આવશે અને પૂરો કાર્નિવલનો ખર્ચ ચૂકવાશે કે માત્ર બે દિવસના ખર્ચનું પેમેન્ટ કરવામાં આવશે, તે અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં બનેલી કમિટી દ્વારા નિર્ણય લેવામાં આવશે.



### ફ્લાવર શો 3 જાન્યુઆરીએ ખુલ્લો મુકાશે : અમદાવાદ મેયર

અમદાવાદના મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના નિધનના પગલે કાંકરિયા કાર્નિવલ સંપૂર્ણપણે રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. 31 ડિસેમ્બર સુધી યોજનારો કાંકરિયા કાર્નિવલ સંપૂર્ણ બંધ રહેશે. કાર્નિવલમાં એકપણ કાર્યક્રમ યોજાશે નહીં. કાંકરિયા લેક ફ્રન્ટ પરિસર ખાતે વિનામૂલ્યે પ્રવેશ ચાલુ રહેશે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનારા ફ્લાવર શોનું 1 જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન થવાનું હતું, પરંતુ રાષ્ટ્રીય શોકના પગલે હવે 3 જાન્યુઆરીની આજુબાજુ આ ફ્લાવર શો નાગરિકો માટે ખુલ્લો મુકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે સામાન્ય સભા મળી હતી. જેમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ના દુઃખત નિધનને લઈને તેઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

## ખ્યાતિ હોસ્પિટલ PMJAY કૌભાંડ

# આરોગ્ય વિભાગના 3 કર્મચારીની ધરપકડ

અમદાવાદ | અમદાવાદના ખ્યાતિ હૉસ્પિટલકાંડની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. જેમાં રોજે રોજ નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. તપાસમાં એવો પણ ઘટસ્ફોટ થયો હતો કે ખ્યાતિ હૉસ્પિટલમાંથી દર્દીઓના ખોટા આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવતા હતા, જેની ઉંડાણ પૂર્વક તપાસ કરતાં ક્રાઈમ બ્રાન્ચને ગાંધીનગર આરોગ્ય વિભાગના કેટલાક કર્મચારીઓની સંડોવણી હોવાની કડી મળી હતી. જે મુદ્દે પુરવા મળતાં ક્રાઈમ બ્રાન્ચે ગુરુવારે (26મી ડિસેમ્બર) મોડીરાતે ગાંધીનગરથી આરોગ્ય વિભાગના કર્મચારી મિલાપ પટેલની ધરપકડ કરી છે. જ્યારે બે કર્મચારીઓની પૂછપરછ હાથ ધરાઈ છે. આ ઉપરાંત આ મામલે ડોકટર સહિત વધુ ત્રણની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, મિલાપ પટેલ આરોગ્ય વિભાગમાં 2017થી કોન્ટ્રાક્ટ પર નોકરી કરતો હતો. મિલાપનું કામ આયુષ્માન કાર્ડ એપ્રૂવ કરવાનું હતું. આ મહત્ત્વની જવાબદારીનો ગેરલાભ ઊઠાવી તેણે લાખોની સંખ્યામાં ખોટા આયુષ્માન કાર્ડ એપ્રૂવ કર્યા હોવાનો ખુલાસો થયો છે. મિલાપને કાર્ડ દીઠ એક ફિક્સ રકમ પણ મળતી હતી. મિલાપની આ ગેરરિતીથી સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. સૂત્રોના જણાવ્યાનુસાર, બોગસ આયુષ્માનકાર્ડના કૌભાંડમાં જોડાયેલા આરોપીઓએ ખ્યાતિ હૉસ્પિટલના 150 કાર્ડ કઢાવી આપ્યા હતા, જેમાં ખાસ કરીને જ્યાં કેમ્પ થતા અને જે લોકો સારવાર માટે આવતા અને જેમની પાસે કાર્ડની વ્યવસ્થા નહોતી તેમને આ કાર્ડ બનાવી આપ્યા હતા. તેમની સારવાર પણ આ કાર્ડની લિમિટના આધારે થઈ હોવાનું જાણવા મળ્યું છે.

## ગુજરાતમાં આવતીકાલે પણ માવઠાની આગાહી

### કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં

(એજન્સી) ગાંધીનગર । તા. 27

ગુજરાતના કેટલાક જિલ્લામાં ભર શિયાળે ગઈ કાલે ગુરુવારે કમોસમી વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આવતી કાલ શનિવાર સુધી ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. જ્યારે 29 ડિસેમ્બરથી 03 જાન્યુઆરી સુધી રાજ્યમાં શુષ્ક હવામાનની શક્યતા છે. આ દરમિયાન આજે શુક્રવારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠાના સહિતના જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો. રાજ્યમાં માવઠું પડતા ખેડૂતોમાં પાક નુકસાનીનો ભય વર્તાય રહ્યો છે. હવામાન વિભાગે ગઈ કાલથી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ અને કરા પડવાની આગાહી કરી હતી. તેવામાં રાજ્યમાં ગઈ કાલ રાતથી અમદાવાદ સહિતના જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો.

# સરખેજ પોલીસની હુક્કાબાર પર રેડ, 38000થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો



**છેલ્લા ઘણા સમયથી હુકકાબાર પર કોર્ટે પ્રતિબંધ ફરમાવતા તમામ હુક્કાબાર બંધ હતા. પરંતુ હવે કેફેની આડમાં હુક્કાબાર ચાલતા હોવાનું પોલીસના ધ્યાને આવતા પીસીબીની ટીમે સરખેજ વિસ્તારમાં રેડ કરી ગેરકાયદેસર ચાલતું હુકકાબાર પકડ્યું હતું**

અમદાવાદ | અમદાવાદમાં સરખેજ પોલીસે ગેરકાયદે હુક્કાબાર મદપુરા લુશ કાફે એન્ડ લોન્ચ પર રેડ પાડી હતી. હર્બલ ફ્લેવરની અંદર નિકોટીન યુક્ત ફ્લેવર વાપરતા હુક્કાબારમાંથી 38 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે હુક્કાબાર માલિક ધ્રુવ શર્મા, શાબઝઉર્દી સામે ફરિયાદ નોંધી છે. હર્બલ હુક્કાના નામે નિકોટીન યુક્ત હુક્કાઓ અહીંયા ખાસ સવલતો સાથે પીરસવામાં આવતા. પરંતુ પીસીબીની ટીમ ચોક્કસ માહિતી મળતા આ કેફેમાં ત્રાટકી હતી. જ્યાં તપાસ કરતા પ્રાથમિક તબક્કે સંખ્યાબંધ ગ્રાહકો હુકકા પિતા નજરે પડ્યા હતા. આ તમામ હુક્કાઓ અને ફ્લેવર પોલીસે કબજે કરી એફએસએલમાં તપાસ અર્થી મોકલી આપી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન સામે આવ્યું કે, કેફની આડમાં હુક્કાબાર ચલાવવામાં આવતું હતું. આરોપી અને કેફે ધ્રુવ શર્મા, શાબઝઉર્દી કેફે ચલાવતો હતો અને એક હુક્કાના ગ્રાહકો પાસેથી 800 રૂપિયા વસૂલતો હતો.

# પોક્સો કોર્ટે છેલ્લા 30 માસમાં 36ને સજા સંભળાવી

## ગાંધીનગર સેશન્સ કોર્ટે પોક્સોના ગુનાના આરોપીને ફાંસીથી લઈ અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી

(એજન્સી) ગાંધીનગર । તા. 27

રાજ્યના મહાનગરોથી લઈ ગામડામાં રહેતા માતાપિતા પણ પોતાની દીકરીઓને લઈ ચિંતિત બની ગયા છે. બીજી બાજુ દુષ્કર્મની ઘટનાઓમાં કોર્ટ આરોપીઓને આકરી સજા ફટકારી રહી છે. તેવામાં ગાંધીનગર સેશન્સ કોર્ટે પોક્સોના ગુનાના આરોપીને ફાંસીથી લઈ અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી છે. ગાંધીનગર કોર્ટે છેલ્લા 30 માસમાં 36ને સજા સંભળાવી છે. કોર્ટ દ્વારા પોક્સો કેસ ઝડપી ચલાવી નિકાલ કરવામાં આવ્યો છે. કલોલના વાંસજડા કેસમાં આરોપીને ફાંસીની સજા સંભળાવી છે. આરોપીએ 2022 માં લગ્ન કરવાની બાહેંધરી આપીને તા. ૦૯/૦૭/૨૦૨૧ ના રોજ ભોગ બનનારને બપોરે પોતાના ઘરે વાતો કરવાના બહાને બોલાવી સગીરાની ઈચ્છા વિરુધ્ધ શારીરિક સંબંધ બાંધેલ હતા.




### પોક્સોના ગુનાના આરોપીને 20 વર્ષની સજા ફટકારવામાં આવી

ગાંધીનગર સેશન્સ કોર્ટે પોક્સોના ગુનાના આરોપીને 20 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના અંતર્ગત ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આરોપી ફેનીલ ઉર્ફે રામચંદ્ર વાઘેલાને ગાંધીનગર સેશન્સ કોર્ટે 20 વર્ષની આકરી સજા ફટકારી હતી. આરોપીએ સગીરાને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હતુ. જે બાદ આરોપીએ સગીરાને તરછોડી દેતા ભોગ બનનાર સગીરાએ ઝેરી દવા ગટગટાવી હતી.


આપના આદર્શો અને આપે કંડારેલા પથ પર ચાલતાં અમે અસીમ ગૌરવ અનુભવીએ છીએ.



ધીરુભાઈ હીરાચંદ અંબાણી

ફાઉન્ડર ચેરમૅન – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

ડિસેમ્બર ૨૮, ૧૯૩૨ – શાશ્વતી

એક નિર્ભિક, નુતન ભાવિના પંથે અમારી આગેકૂચમાં

અમારું સતત પથદર્શન કરી રહ્યો છે આપનો વારસો.

Reliance Industries Limited

Growth is Life

Jio

www.ril.com